॥ परमात्माने नमः ॥

શૂરવીર દેવરાજ.

આર્ય ભૂમિના દેશી મહારાજાઓના આશ્રયથી

રચનાર.

અમૃતલાલ ભગીદાસ શાહ. ભાદરવા રહેઠ.

પુરૂષોત્તમ મહીલાભાઈ પાઠક. પીછ્યા તા. વડોદરા.

પ્રકાશક.

મણીલાલ અમૃતલાલ શાહ | મુ. ઠે. ભાદરવા રહેઠ.
પુરૂષોત્તમ લાલભાઈ બારોટ |

નડીઆદ—શ્રી લક્ષ્મીવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
બારોટ ડાહ્યાભાઈ બહેચરભાઈએ છાપ્યો.

પ્રથમ આવૃત્તિ.

સંવત ૧૯૭૨ પ્રત ૫૦૦. સને ૧૯૧૬.

કિંમત રૂ. ૧-૪-૦

॥ परमात्माने नमः ॥

શૂરવીર દેવરાજ.

આર્ય ભૂમિના દેશી મહારાજાઓના આશ્રયથી

રચનાર.

અમૃતલાલ કાળીદાસ શાહ.

ભાદરવા સ્ટેટ (રેવાકાંઠા.)

પુરૂષોતમ ઘહેલાભાઇ પાઠક.

પોઇચા તાલુકે વડોદરા.

પ્રકાશક.

મણીલાલ અમૃતલાલ શાહ

પુરૂષોત્તમ લાલભાઇ બારોટ

રહેવાશી ભાદરવા સ્ટેટ.

નડીઆદ–શ્રી લક્ષ્મીવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં

બારોટ ગલાભાઇ બહેચરભાઇએ છાપ્યો

પ્રથમ આવૃત્તિ.

સંવત ૧૯૭૨ પ્રત ૫૦૦. સને ૧૯૧૬

કિંમત રૂ. ૧-૪-૦

અર્પણ પત્રિકા.

મહામાન્યવર અખંડ પ્રૌઢપ્રતાપ શ્રી વાઘેલા કુળમણી

નેકનામદાર શ્રીમાન યુવરાજશ્રી રણજીતસિંહજી

સાહેબ બહાદુર. સ્વસ્થાન ભાદરવા.

આપ નામદાર સદ્ગુણો જેવાકે પ્રજાપર પ્રેમ, અને નમ્રતા, વિચાર ગાંભીર્ય, મીઠી નજર શાન્ત સ્વભાવ, પરમોદાર્ય, ધાર્મિક લાગણી, સાહિત્યશોખ, સામાજીક તથા રાજદ્વારી, તેમજ નિતિનું જ્ઞાન, આદિથી વિભૂષિત, હજારો મનુષ્યોના જાણીતા છો, આપ સાહેબ કુળગુણી રાજપુત ઇતિહાસના ધાર્મિક નિતિકાર અને અભ્યાસીનું માન ધરાવતા, હોવાથી અને આ વિરરસ પ્રધાન રચના, આપના યુવરાજ કુંવરની સ્મૃતિના સ્મારક ઘણાજ આનંદ અને પ્રેમથી હું આ ગ્રંથ પરમ સમર્પણ કરૂં છું તેમાં મારા હેતુ આપ નામદારને આપના ઐતિહાસિક આદિ ગ્રંથોમાંના પ્રેમના સીંચનથી જ આધાર મળેલ છે. તેને માટે સહસ્ત્રશઃ ધન્યવાદ આપ નામદારને ઘટે છે. જેથી આ પુસ્તક આપશ્રીના હસ્તકમળમાં અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

ભાદરવા.	}	લી૦
		આશ્રિત 'કૃપાભિલાસી' કર્તા
તા. ૧-૮-૧૯૧૬		મ. અ. શાહ.

તૈયાર થાય છે ! તૈયાર થાય છે !!

જાહેર ખબર.

વિશા, દશા, ખડાયતા જ્ઞાતિમાં થતી ગેરરીતી.

આપણી નાતમાં પ્રથમ સર્વે વાણીયામાં સર્વે વાતે શ્રેષ્ઠ ગણાતી પરંતુ તેમાં કેટલાક કુધારાએ પ્રવેશ કર્યાથી દરેક બાબતમાં આપણી નાતમાં પડતી દશા આવતી જાય છે તેની અંદર મિથ્યાભિમાનીથી થતાં બાળલગ્ન, કજોડાં, કન્યાવિક્રય વીગેરે પરસુરણ બાબતથી કુટુંબની ખરાબી અને થતી ફજેતી અમારી નજરે ઘણી વાર જોયલો છીએ એ ચાલ તન, મન, ધન અને કીર્તિને ઘણી હાની અને અડચણ કરે છે. માટે એ દુષ્ટ ચાલનો અટકાવ કરવાના હેતુથી અમારી અલ્પમતિથી, તેમ કવિશ્વરો અને વિદ્વાનો તરફથી આશ્રય સાથે ઘણા પુસ્તકમાંથી ક્રોપીશામટ શ્લોક સાથે તૈયાર કરી છે તે થોડા દીવસમાં બહાર પાડવા વિચાર છે માટે અગાઉ ગ્રાહકોને માટે ફક્ત રૂ. ૦-૬-૦ પાછળથી રૂ. ૦-૮-૦ રાખવામાં આવી છે માટે મ્હારા વહાલા બંધુઓ અગાઉથી જ્ઞાતિસેવા બજાવી નીચેના સરનામે નામ નંધાવશો એવી ખાત્રી છે.

લેખક.

મણીલાલ અમૃતલાલ શાહ.

ભાદરવા સ્ટેટ. (રેવાકાંઠા)

પ્રસ્તાવના.

કોઈપણ કથાનું સ્વરૂપ ગદ્યની અપેક્ષા કરતાં પદ્યરૂપમાં વધારે મહેનતથી તૈયાર થાય છે. પદ્ય રચનાના નિયમો ગદ્ય કરતાં એટલા બધા સખ્ત હોય છે કે લેખક કવિ પોતાની જાતને કાવ્ય શાસ્ત્રરૂપ બેડીમાં જકડાએલો સમજે છે. ગદ્યમાં ગમે તે શબ્દ ગમે તે જગ્યાએ મુકી દેતાં વધુ વિચાર કરવો પડતો નથી પરંતુ આ "શુરવીર દેવરાજ" નામનો ગ્રંથ જે ઢાટીમાં અત્રે પ્રકાશ પામ્યો છે. તેમાં બેશક વિદ્વાન વાંચકવર્ગ કબુલ કરશે કે ઘણાજ બારીક નિયમોના પાલનની જરૂર પડી છે. સ્વર્ગવાસી લેખકે આજ વિષય ઉપર અત્યંત શ્રમ લેઈ ઉપરોક્ત નામનું એક નાટક પણ લખ્યું છે. જે પણ હવે પછી પ્રગટ થશે.

જાહેર પ્રજાના કાવ્ય રસિકત્વના પોષણરૂપ આજે "શુરવીર દેવરાજ" નામનું મહાકાવ્ય બહાર પડે છે. તે પ્રકાશકના સ્વ. પિતા રા. અમૃતલાલ કાળીદાસે સંવત ૧૯૫૪ ની સાલમાં લખી તૈયાર કર્યું હતું. તેઓનું મૃત્યું સંવત ૧૯૫૫ ના મહાસુદી ૧૦ મે થઈ જવાથી તથા હાલનો પ્રકાશક તદન નાનો બાળક હોવાથી તેમની યથાશક્તિ સાહિત્ય સેવાનુ સ્મરણ ચિન્હ બહાર પાડી શકયો નહોતો. સમય જતાં સ્વ. લેખકના મિત્રો તરફથી ઉપરોક્ત પુસ્તકની પ્રકાશકને યાદ દેવડાવવામાં આવી પરંતુ સૃષ્ટિના નિયમ પ્રમાણે સર્વેને ખબરજ છે કે લેખકો ઘરમાં કેટલી બધી પુંજી મુકી જાય છે. આર્થિક અભાવના સબબે પુસ્તક છપાવવાનું કાર્ય ખોટાખાનામાં પડયું પરંતુ અન્તે અત્રેના પ્રજાપ્રિય શ્રીયુત્ કુમારશ્રી રણ-

જીતસિંહજીએ ઉદારતાપૂર્વક પુસ્તક પ્રકાશનાર્થે ઉત્તેજન આપી તેલના અભાવથી ઝીણી થયેલી જ્યોત જેમ નવીન તૈલ સિંચનથી સ્વપ્રકાસને પામે છે. તેમ પ્રકાશકનું તેજ વધ્યું. અને છપાવવા વગેરેની ગોઠવણ થવા લાગી. વિશેષ પદ્યની અપેક્ષા પાછલા ભાગમાં સ્વ. લેખકના વખતમાં બાકી હોવાથી તે પદ્યરૂપે તૈયાર કરાવવાને હું પ્રકાશક તૈયારજ હતો તેજ વખતે મારા કેટલાક વિદ્વાન મિત્ર તરફથી કહેવામાં આવ્યું કે તે વાર્તા બધી પદ્યમાં લેવાથી વાંચકોને રહસ્ય નહી પડે જેથી પાછલો ભાગ નાટયરૂપે લેવો તેવી મારા મિત્ર તરફથી ફરજ પડવાથી મેં પાછલો ભાગ નાટયરૂપે લીધો છે જેથી વાંચનાર ગૃહસ્થોને રહસ્ય લાગશે જેથી મારા વાંચક વૃંદોને વિનંતી કરવાની કે મારી અલ્પ શક્તિથી બનાવેલા નાટકમાં મારી કંઈ ભુલ હોય તેમ મારા સ્વર્ગવાશી પિતાએ બનાવેલા પદ્યમાં કંઈ ભુલ હોય તેને માટે હું આપની પાસે પહેલેથી માફી માગી લઉં છું.

વિ. હું પ્રકાશકની ઉમર હાલ ૨૦ વર્ષની છે. મેં હજુ એકે કાવ્ય બનાવી બહાર પાડેલ નથી પણ મેં મારી અલ્પ મતિથી એક નૉવેલ (કાંશોરસીંહ) નામનું લખી તૈયાર કર્યું છે તે તથા મારા સ્વર્ગવાશી પિતાએ આ બહાર પડતી વાર્તાનું એટલે (શુરવીર દેવરાજ) નું નાટક પણ તૈયાર કરેલું છે તે તથા ઉપર બતાવેલુ નૉવેલ તે બન્ને પુસ્તકો થોડા વખતમાં ઇશ્વરકૃપાથી તેમ શ્રી જગદંબા માતુશ્રીની કૃપાથી બહાર પાડવા ધારૂં છું ? અસ્તુ ?

લી. સેવક,

પ્રકાશક.

મણીલાલ અમૃતલાલ શાહ.

ભદ્રપુર નિવાસી.

દેવી સ્તુતિ.

દોહરો.


વન્દુ હું પરમેશ્વરી, બે કર જોડી આજ
પ્રસિદ્ધ કરૂં છું ગ્રંથ તમ આશરે, સુભ કરજે મમકાજ. ૧
દેવિ દીન દયાળી તું, અલ્પ મતિ મુજ બાળ;
સુભ મતિ મુજને આપજે, આશ્રય તમ જગપાળ. ૨
પંડિત પણ તમ આશ્રથી, રચે અતિશે કાવ્ય;
અલ્પ મતિ મુજ અંબીકા, માટે રહેજો સાહ્ય. ૩
સેવક જાણી તાહરો, દોષો કરશો માફ;
શરણે રાખો દયાળી તું, ચિત મુજ કરજે સાફ. ૪



શિવ સ્તુતિ.

ત્રીભંગી છંદ.

જય મહાદેવા, કરૂં હું સેવા, મોક્ષજ લેવા, તમ પાસે;
તમ વિન નહી કોઇ, જગમાં સોઈ, કાકા કુઇ, સહુ ફાંસે.
રટું દિન રાતે, તમ પદ ન્હાતે, પુન્યને માટે, દુઃખ ધરી;
વિનવું કર જોડી, વિપત મોડી, દુઃખની ધોડી, યાદ કરી.
શર્ણે તુજ આવ્યો, તમ પદ ચાહ્યો, તેથી ફાવ્યો, સહુ વાતે;
ભુજ મુજ ઝાલો, પ્રહણ્યો પાલો, કહું છું કાલો, દિન રાતે.
કહું શિર નામી, દુક્રીત વામી, ધરીને હામી, સુખ દેશો;
કરગરી કહુ છું, તમ પદ ચહુ છું, દુક્રીત બહુ છું, ગ્રહી લેશો.



શૂરવીર દેવરાજ.

દોહરો.

પશ્ચિમ દેશ સોરઠ મુલક, ત્યાં આગળ એક દેશ;
લિલીનાગોરનો ધણી, નરપત એક નરેશ. ૧
મોરી છકરો મહીપતિ, તાવાપર તે ઠામ;
અભેસંગ તે નરપતિ, કરે રાજ્યનું કામ. ૨
શુભ પ્રાક્રમ ગુણ સાગરો, રાજ્ય કરે સુભ રીત;
કરે કામ પરમારથી, પ્રજા પાળે બહુ વીધ. ૩
રૂપરંગ ગુણ આગળો, દેવ સ્વરૂપ ભૂપાળ;
રૈયતને રાજી ઘણો, કામરૂપ અવતાર. ૪
તેને કુંવર એક છે, દેવરો તેનું નામ;
રૂપ ગુણમાં અધિક છે, કરે જુજવાં કામ. ૫
વરસ બાર તેણે થયાં, નહિ ત્રિયા પરણ્યો સાર;
તે માટે વિચાર કર્યો, રાજાએ તેણીવાર. ૬
વિપ્ર તેડાવ્યો તે ઘડી, ભાંગવા મનની ભ્રાંત;
રાય, રાણીને કુંવરી, બેઠા જઇ એકાંત. ૭
કુંવર આવ્યો તે ઘડી, રાયને નામ્યું શિષ;
વેવિશાળ કુંવર તણું, મહુર્ત જુઓ આ દિશ. ૮
રાય કહે પરણાવીએ, કુંવરને કન્યાય;
ત્યારે કુંવર બોલીઓ, નહીં મુજને ઇચ્છાય. ૯

રૂપ ગુણને ચાતુરી, દ્રષ્ટે કરશું વાત;
રૂડું કૂળ જોઇ કામનિ, લગ્ન કરીશું તાત. ૧૦
કહ્યું કોઇનું ન કર્યું, મુઢમતિ કરે આપ;
ચાર વર્ષ એમ વહી ગયાં, મૃત્યુ પામ્યો બાપ. ૧૧
કર્યું કારજ કૂળ રીતથી, ખરચ્યો દ્રવ્ય વિશેક;
તખ્તે બેઠો દેવરો, રાજ્ય ચલાવે નેક. ૧૨
સચીવ શ્રાવક વાંણીઓ, નંદીનંદ ગુણવાન;
રાય બરાબર ચાતુરી, મહિપતિ રાખે માન. ૧૩
ચંદ્રકુંવર એક બેનડી, જોબન બાળે વેશ;
માન કુંવરનો બેટડો, વાગરાજ ભાણેજ. ૧૪
બત્રિશ લક્ષણ આગળો, ચૌદ વિદ્યાગુણ જાણ;
રાગ છત્રીસે આળવે, વદન સસી પરમાણ. ૧૫
રાજા પ્રિત એ ઉપરે, અતિસે રાખે નેહ;
પ્રાણ સમો તેને ગણે, ફક્ત જુજવી દેહ. ૧૬
એક દિવસ તે રાયજી, ભરી બેઠો સભાય;
પ્રધાનને કહે નરપતિ, મુજ સૈન્યા સજ થાય. ૧૭
વડીવાર વેગે ચઢયો, કોણ સાહ કોણ શૂર;
અશ્વ આપ ઘેર કેટલા, કેટલું પાય ને પુર. ૧૮
નિહાળુ સૌ નેણથી, રાવત સર્વે આ વાર;
કેટલા ભ.ગે ને ભડે, સર્વ કરો તૈયાર. ૧૯
મહીપતિ બેઠો માળીએ, દર્ણાયર દેવરો રાય;
ભુપત આગળ સર્વ સાથ, સૈન્યા સજ તે થાય. ૨૦
ચઢયો વેડંગે વાગરાજ, સહ સમોવડ સુર;
પ્રથમ સૈન્યા તે પતિ, લોઢે ઘોડે પુર. ૨૧

પાત્રખે સજ્યા પતંગ, ભારે બખ્તર ભાર;
ઝળવતે ધર્યો હોય ખગ, એવા સહસ્ત્ર બાર. ૨૨
તતપર થયા સૌ લંબુતા, સોનેરી સૌ સાજ;
અશ્વ સજી સૌ આવિયા, મજરો લે મહારાજ. ૨૩

ચોપાઇ ૨.

પ્રથમ પોતાનો ભાણેજ, નીકળીયો મુખ આગળ તેજ;
પાંચ સહસ્ત્ર અશ્વનો ધણી, શોભે ભાણુ રૂપે ન ગણી. ૧
એક હજાર પોતાના ભાઇ, દેશ વરતાએ તેણી દવાઇ;
સમેં વાતમાં તે તો પડે, ઘાટ દેખી દુસ્મનો ગડે. ૨
મામા પોતાના બે જાણુ જેહ, સુરો સામંત કહીએ તેહ;
પાંચસેં અશ્વ કેશરીયા પુર, સોલ સામંતને સાથે સુર. ૩
પાંચ હજાર પ્રધાનની પાસ, અશ્વ અમુલખ પુરે આશ;
સોલ સહસ્ત્ર મેર રાજા તણે, અશ્વ વખાણુ કરૂં હું ઘણે. ૪
પાણી પંથા છે તોખાર, વર્ણન શું કહું વારંવાર;
એરાજ બાદ હરણાને મોર, ગંગાજળ ચાલી ધમધોર. ૫
મેલડીઆ સોભે અતિ પુર, વીજળી લાગસી તે તુર;
માણકીયા જે અતિ અમુલ્ય, ફુલ માલીયાને બેહકે ફુલ. ૬
રેશમીયા સણુવટીઆ અશા, કચ્છી કાબલા જાણે વશા;
અશ્વ નિકળ્યા એણીવાર, સજી શુર થયો અસ્વાર. ૭
જોઇ સૈન્ય તે પોતા તણું, રાજા હરખ્યો મનમાં ઘણું;
રાજા બોલ્યા તેણી વાર, પાયગ કેરી લેજે પાર. ૮
સજી નીકળ્યો હવડાં સર્વ, ઘણા દીવસથી ખાય છે દ્રવ્ય;
પ્રધાન જાવ ગણી આવો તમો, મજરા સૌના લઇશું અમો. ૯

પેદલ સરવે ઉભા રહ્યા, પ્રધાન તે રાજાને કહ્યા;
આરબ સિંધી આઠહજાર, ગારદ પંથી સહસ્ત્ર બાર. ૧૦
જાડાર અંગરખા પોતા તણા, અધિપત દશ હજારી ઘણા;
રીઝયો આપ મોરી છક ઘણી, નીરખી સૈન્યા પોતાતણી. ૧૧

છપ્પા ૩.

દેખી રીઝયો રાય, ભુપત રહ્યો ત્યાં ભાળી;
અદલાખ અસ્વાર, રાવ સૌ કાઢયા ગાળી.
પાયદળ ત્રિસ હજાર, ચક જામગ્રી ચમકે;
ત્રણસેં ત્યાં માતંગ, પાયમાં લંગર ખમકે.
સચાંગી બહુ નાદ થાય, વાજીંત્ર ત્યાં વાગી રહ્યાં,
રાજી થયા દેવરા મન થકી ઘોર અતિ ત્યાં ખળભળ્યાં. ૧

છપ્પા ૪.

ભાદ્ર બેસતાં માસ, ચઢયા તે દર્શન કાજે;
સોમેશ્વર માહાદેવ, ભોળા ત્યાં સંકટ ભાજે.
ત્યાં થાતુ બ્રહ્મભોજન, ગંગ ચઢાવે ગળતી;
પાટણ વાવ્યપર ઠામ, વિગત શું કહીએ વળતી.
વિચાર કર્યો એમ મનવિશે, જેમ અસાડા ઘન ચઢયો;
કર્તા કહે એ રીતશું, દર્શન કાજ દેવરા ચઢયો.

છપ્પા ૫.

લીલી નાગોર માંહ્ય, ફળ ત્યાં બાળે ફરતા;
અતિશે પાકે અન્ન, રંકને મળ્યા મળતા.
નાથોરી ત્યાં ભેંસ, દુધ સવામણ કરતી;
સાહેર મારે છોળ, સુકે નહીં પાણી ધરતી.

કાળ ન કરે પ્રવેશ ત્યાં, એવો દેશ રળીઆમણો;
એવો છે એ દેશ તે, દેવરાજ રાજા તણો. ૧

ચોપાઇ ૬.

એવી રીતે ચાલ્યો બાળ, તે જોવા ચાલ્યાં નરને નાર;
નાનુ મોટુ નગરનું સહુ, મળી મેદની ટોળે બહુ. ૧
અધિપતને વધાવે આજ, પગ મેલ્યા તણો નહી માગ;
રૈયત સહુ દેએ આશિષ, તમો જીવો વર્ષ ક્રોડ બત્રિસ. ૨
તમારાં દોહલાં દુખ જજો, નામ નિર્મળ નવખંડે થજો;
એથી રૂપ અદકુ તમ હજો, સર્વ રીપુનો નાશજ થજો. ૩
બાપ થકી બમણો વાધીઓ, સાહેબે ધર્મ રૂડો આપીઓ;
કહાંપણુ એનું અધિક વિવેક, ત્રિકમ રાખશે તમારી ટેક. ૪

દોહરો ૭

રૈયત સૌ રાજી થઇ, રાજા ચતુરસુજાણ;
અચલ ગાદી રહો તાહરી, વદે સૌ મુખથી વાણ. ૧
મોરી છકરો મહિપતિ, ચઢયા અસવારી આપ;
ધમકારે પૃથ્વી ધ્રૂજે, શત્રુને લાગે તાપ. ૨
કોઇ કહે અજોધાપતિ, કોઇ કહે લંકાધિશ;
કોઇ કહે જાદવ કુળમાં, જમ શોભે જગદીશ. ૩
કોઇ કહે હસ્તીપુર ધણી, કોઇ કહે અર્જુન ઇંદ્ર;
મેઘ સમો ગાજી રહ્યો, નભમાં સોભે ચંદ્ર. ૪
ગજ ઉપર અંબાડીએ, ખીલ્યા છે નવરંગ;
ધજા નેતા ત્યાં ઝળકતા, સાંમત શોભે સંગ. ૫

આભુષણ અંગે ધર્યાં, પોસાક કસુંબી કાય;
દર્શન ચાલ્યો દેવરો, રવી ધર્યો છે રાય. ૬
જોજન નગ્રથી આવીઓ, દેવનાં કર્યાં દર્શન;
બ્રહ્મભોજન કરાવીયું, મહિપતિ થયો મગન. ૭
સોરઠી સોમેશ્વરની મળી, મહીપતિએ દીધાં માન;
મહોર અકેકી મુકીએ, આપી દક્ષીણા દાન. ૮
ડેરા તંબુ તાણીયા, રાય રહ્યા ત્યાં રાત;
લાખેણી પુંજા કરી, નગ્ર જાશુ પ્રભાત. ૯
કમળવૃક્ષ ચઢાવીયાં, રાંમ સરોવર રૂપ;
કમળ અતિશે કાઢીયાં, હુકમ દીધો ભુપ. ૧૦
પહોર રાત રહી પાછલી, વિપ્ર કરે પુંજાય;
પ્રભાતકાળે સજ થયો, નગ્ર ભણી તે રાય. ૧૧
આગળ દીઠો મૃગ જતો, રણમાં જાતાં રાય;
જીવતો ઝાલ્યો ઝડપથી, ઘટતો ન કરે ઘાય. ૧૨
ઘેર્યો મૃગ ચોપાસથી, કહે દેવરો રાય;
તોરીંગ તળે થઇ નીકળે, તે જંન પુંઠે ધાય. ૧૩
ત્યારે મૃગે વિચારીયું, ભાગ્યું રાયનું વ્રત;
દેવરા મુખ આગળ હરણ, નીકળીઓ તે તંત. ૧૪
નહીં કો પાછળ આવશો, નાખો અહીં મુકામ;
મૃગ ઝાલી અમ આવશું, વળતાં આણે ઠામ. ૧૫
ના જાશો કોઇ નગ્રમાં, આવી પુછું પાર;
આ સ્થાનક દેખું નહિ, મારૂ તેણે હાર. ૧૬
મૃગ હાથ આવે નહિ, તો પાડું મુજ દેહ;
તમો નગ્રમાં જાશો નહિ, બોલ્યો એવું તેહ. ૧૭

મહીપતિએ મન વિચારીયું, મારૂ મૃગને આંહ્ય;
તાણી તંગ ઘોડાતણો, ચાલ્યો દેવરો રાય. ૧૮
એમ કહી અશ્વ ઉરાડીઓ, કહે વાગરાજ ન જાવ;
વાર્યું કોઇનું કર્યું નહિ, મૃગ પુંઠળ થયો રાય. ૧૯

ચોપાઇ ૮

પુંઠળ થયો મોરીછક ધણી, ખેંચી વાગ ઘોડાની ધણી;
સૌ રાવત ત્યાં ઝાંખા થયા, કુંવર વનમાં ચાલતા થયા. ૧
આગળ આવે દુશ્મન કેરો ઠામ, કાંઇ ન કરે કુડું કામ;
એનો થયો માહા ઉતપાત, પ્રિત સરખી હોય સો વાત. ૨
કોમળકાય અને જોબનવેશ, મૃગ નાશી જશે પરદેશ;
હરણ રાજાને નહી જડે, ભુપત રણમાં ઠાલો પડે. ૩
વિમાસી ઉતરીયા ત્યાંહ, કોથી ન જવાય પુરમાંહ્ય;
હાર્યા દોર્યામાં નવ રહ્યો, મહિપતિ મૃગની પુઠળ થયો. ૪
મહિપતિ શું તે વાળી મુઠ, મુકે નહિ મૃગલાની પુંઠ;
પહાડ પર્વત ને વસમી વાટ, રાજા મનમાં પામ્યો ઉચાટ. ૫

દોહરો ૯

પાહડ પર્વત ને ડુંગરા, વાઘ વરૂ ને રીંછ;
રાજા રણમાં એકલો, મનમાં પામ્યો બીક. ૧
ચાર જોજન નહિ ઝાડ ત્યાં, ભય પામ્યો ભુપાળ;
ત્યાર પછી વન આવીયું, અતિ ઝાંખરાં જાળ. ૨

ચોપાઇ ૧૦

ચાર જોજન વનકેરી જાળ, ભય પામ્યો મનમાં ભુપાળ;
અરાઢ ભાર વન ફુલે ફળે, તે વનમાં રાજા નીકળે. ૧

આંબા લીંબડા અતિ અપાર, સેવંત્રી જાંબુ છે સાર;
કુંવર કેવડા કમર કેતકી, ભમર ગુંજાવ કરેણુ અતિ. ૨
દાઢમ દ્રાક્ષ લીંબોઈ ફળી, ગરમેલ ખજુરી રાયણુ ગળી;
ચારોળી ચંપા ને કર્મદી, પર્વત ખીણે વહેતી નદી. ૩
મોટાં સરોવર કમળ તે ત્યાંય, આસોપાલવની છાંય;
આંમલી આક ધંતુરો અશી, કરણુ ગોટા કેસુડાં કસી. ૪
ખાખર અરણી ને આંમલી, ગોટા ગુલાબી પીમેરો ભલી;
જાંમ કરણુ તુળશીનાં ઝાડ, બીલી વડ પીપળ ને નાડ. ૫
કળીયા સરસ અઇડુસા તણા, ગુગળી વનમાં મહુડા ઘણા;
સમડા બાવળીઆ અગર અડી, સુખડ ઝાડ ભારે ફરગદી. ૬
દુધી સદસરા ખેરડીઓ ઘણી, કાચકડી કંથારો તણી;
બપૈયા દીબરવા જહાં, દેવરાજ આવ્યો તે રણુમાંહાં. ૭
ગુંદી વૃક્ષ પીલુડા ઘણા, ઝાડ ગુંદા અરીઠા તણા;
બોરસલ્લી બદામો ઘણી, ત્યાં આવ્યો મોરીછક ધણી. ૮
નાળીયેરી સોપારી અનુપ, દેખી વિસ્મે પામ્યો ભુપ;
ઝાડ વાંસ શીસમ ને સાગ, નહિ કોઇ મનુષનો લાગ. ૯
ઉડુ અગર કસ્તુરી અતિ, તે રણુમાં અંબાજી સતિ;
ઝાઝુ રણુ ભવાની હજુર, પોસાક થયા ત્હાં ચકચુર. ૧૦
અશ્વ થકી તે રણુમાં રહ્યો, હરણુ ફાળથી નાશી ગયો;
સોએક ગાઉ ગયો સધીર, અધિપતિ ભુખ્યો તરશો નીર. ૧૧
દીવસ આઠ સુધી ત્યાં વહ્યો, દેશ મુકી પરદેશે ગયો;
ચંદનાવતિ સીમાડે ચડયો, અધિપતી ત્યાં આવીને અડયો. ૧૨
વજેપાળ રાજાનું પુર, નરપતમાં ઇશ્વરનું નુર;
પ્રેમાવતિ નારી જેહને, ચંપાવતી પુત્રી તેહને. ૧૩

આવ્યો તે નગરની પાસ, રાયે દીઠો શીવ કૈલાસ;
તે દહાડે આઠમનો દીન, મહિપતિ જોઇ થયો તે લીન. ૧૪
સુંદર રૂડુ સરોવર તીર, નાર નગ્રની ભરતી નીર;
તે દહાડે ત્યાં મેળો મળ્યો, ભૂપત લોક અઢારે ભળ્યો. ૧૫
નારી નગ્રની ગાણું ગાય, સર્વે સાંભળી ચાલ્યા જાય;
રાજકુંવરી ન્હાતી જળમાંહ્ય, દેવરો પાળે ઉભો ત્યાંય. ૧૬

દોહરો ૧૧

દેશપતિ જે દેવરો, ભૂખ્યો તળસ્યો ભૂપાળ;
આઠ દીવસની લાંધણે, આવ્યો સરોવર પાળ. ૧
ચંદનાવતિ નગરી તણો, વજેપાળ નરેશ;
તેની કુંવરી ચંપાવતી, જોબન બાળે વેશ. ૨
રંક રૈયતને રાજવી, મળ્યા રામેશ્વર ઠાર;
અશ્વ પાવાને આવીયો, ન્હાતિ દીઠી નાર. ૩
રૂપ જેવી કમળ રવિ, જેમ દેવ સ્વરૂપ કુમાર;
જેવી તનયા નાગણી, એવી દીઠી નાર. ૪
દેવરો કહે રાજા તણી, કોઇ હોશે રાજકુમાર;
રૂપ નહિ કોઇ રંકનું, હુ પુછું એનો પાર. ૫
ઉભો પાળે અધિપતિ, કામની જોવા કાજ;
નીરખે સૌકો નગ્રના, અધિપતિ દીઠો આજ. ૬
રૂડો એ છે રાજવી, કોઈ નગ્રતણો નરેશ;
બાળપણામાં એકલો, કેમ તજ્યો હશે દેશ. ૭

ચોપાઇ ૧૨

સકળ લોક જોઇને રહ્યા, વાક્ય દાશીએ કુંવરીને કહ્યા;
બાઇજી અરજ અમારી સુણો, રખે રીશ મનમાં તે ગણો. ૧

હમણાં મુખ આચમણું કરો, નજર પાળની ઉપર ધરો;
દિસે છે કો પૃથ્વીપતિ, રૂપ કહુ શું મુખથી અતિ. ૨
કુંવરીએ તો સામુ જોય, મહિપતિ દેખી મનડુ મોહ્ય;
રૂપતણો દીઠો અંબાર. મનમાં હરખી રાજ કુંમાર. ૩
કુંવરીએ પ્રતિજ્ઞા કરી, તરત અંજળી જળની ભરી;
વરૂ તો એ વરને વરૂ, નહીં તો જળહત્યા કરૂ. ૪
એ વિણ પુરૂષ તણી હોય જાત, તે સર્વે મારે મન ભ્રાત.
પેલા ભવનો એતો ધણી, કુંવરી વાત વિચારે ઘણી. ૫
કુંવરી રાજા સામુ જુવે, રાજા અવળી દ્રષ્ટિ ધવે;
પ્રેમદા મુખથી બોલી વાણુ, સાંભળ રાજા ચતુરસુજાણ. ૬
વગર ઓળખે જળ મુક્યું અમો, તરતીબ વાત જાણોજી તમો;
તમો દેવરૂપ કેમ રાખો દાવ, ઘટતો કુંવરી બોલી ધાવ. ૭

દોહરો ૧૩

નથી ઓળખ્યા નરપતિ, કીધા દિવસની પ્રિત;
તમને દેખી ઝુરે ત્રિયા, રાજ વિચારો રીત. ૧
પરઠ્યા પ્રાણ તમ કારણે, નરણેથી દીઠા નર;
આપને દેખી જળ મુક્યું, જાત ન પુછ્યું ઘર. ૨
કોણ દિશા તમ દેશડો, જપિએ તમારૂ નામ;
કોણ રાજાના બેટડા, ગુણવંતા કોણ ગામ. ૩
તવ રાજા મુખથી બોલીયો, પુછ્યાની શી પેર;
અમો પરદેશી પંથીઆ, તું જઇશ તારે ઘેર. ૪
પરદેશી શું પ્રિતડી, કીધેથી શું કાજ;
ઝરીકા પંડ ઉડી જશે, મનમાં રહેશે દાઝ. ૫

તું નામ કહેને તારૂણી, તુજ કોણ માત તાત;
પ્રથમ તું એ કહે તો, વળતી કહું અમ વાત. ૬

ચંપાવતિ—ત્યારે બોલી કુંવરી, સાંભળ રૂડા રાજ;
કહું હું મુજ વાતડી, રૂદયે ધરજો તાજ. ૭

પુષ્પ મધ્યે જે વરખડું, તેની ઇશ ન રાખે આશ;
તેના નામે નામ માહરૂં, ભમર ન આવે પાસ. ૮

દેવરાજ—પુષ્પ મધ્યે ચંપો વડો, ચંપાવતિ તુજ નામ;
ઇશ ભમર ઇચ્છે નહિ, તો મુજ સાથે શું કામ. ૯

ચંપાવતિ—માટી મધ્યે જે નિર્મળુ, તેના નામે નામં;
ભક્તિવંતને ભાવતું, ગુણવંતુ મુજ ગામ. ૧૦

દેવરાજ—માટી મધ્યે જે નિર્મળુ, ચંદનાવતિ તુજ ગામ;
ભક્તિવંતને ભાવતું, નકી એ છે નામ. ૧૧

ચંપાવતિ—વજેપાળ છે રાજવી, પ્રેમાવતિ ઘેર નાર;
હું પુત્રી છું તેહની, નરપત મનમાં ધાર. ૧૨

પચાસ વર્ષના વૃદ્ધ થયા, ઘણી લક્ષ્મી ઘરસુત્ર;
ભોગવનાર એકે નથી, પેટ પ્રમાણીક પુત્ર. ૧૩

સાત પુત્રી હોય સામટી; તે હોય વાંઝીઓ તાત
પુત્ર હોય એક ઘેલડો, તો શોભે ઘરની વાત. ૧૪

મેં નામ કહ્યું માહરૂં, ઘરસુત્ર વળી ગામ;
સમજાવો હવે રાજવી, કોણ નગર તમ ઠામ. ૧૫

તમે દેખીતા છો દેશપતિ, કરતા રૂડાં કામ;
એકલા કેમ આવી ચઢયા, શા કાજે આ ઠામ. ૧૬

દોહરો ૧૪

વળતો દેવરાજ વદે, સાંભળ રૂડી નાર;
હું ચાલી હાલી આવીયો, રાજ તમારે બાર. ૧

તે માટે નામ ન બતાવીયે, નહિ બોલો તમ બોલ;
તાત જાણે જો તાહરો, ઘટે મહારો તોલ. ૨

અમો પરદેશી ભુલા પડયા, આવ્યા આણે ઠાર;
લોકો કહેશે કે વાતો કરે, નર સંઘાતે નાર. ૩

હું પરદેશી પ્રાણીઓ, પંથ પારકો દેશ;
તું પુત્રી રાજાતણી, હું છું જોબન વેશ. ૪

હું છું અહિંયાં એકલો, દેશ મારો દુર;
થાય ટંટો જો માહરે, નહી દાસ હજુર. ૫

તે માટે ઠામ નહી બતાવીયે, જાણે તારો તાત;
વાત કરીએ સ્ત્રી થકી, વિપરીત થાયે વાત. ૬

દેશ મુકી પરદેશમાં, કરે પરસ્ત્રીની પ્રિત;
ઘટે તોલ ને પ્રાણ તજે, રાયતણી નહિ રીત. ૭

સમજુ માણસે ત્રણ કામ, માથે ન લેવાં હાથ;
વેર, ચોરી ને પર ત્રીયા, જુલમ થાયે જાત. ૮

જાત ભાત બતાવશું, વરસ અતિસે પેર;
હું નહિ રહું તુજ નગ્રમાં, જયશું હવે ઘેર. ૯

પ્રિત કરી શું પદમણી, હૈયે લાગી હામ;
દુર છે મારો દેશડો, નવ જાણે કોઇ નામ. ૧૦

પરસ્ત્રી પરદેશડે, પરનારી સાથે પ્રિત;
જાણુ થાય જો માનુની, જીવ રહે ન અજીત. ૧૧

પરદેશી પમ કહાડીએ, તે રાજા થાય પણ રાંક;
ટંટો થાય આ રાયનું, વનિતા પડશે વાંક. ૧૨
નારી કહે નરપત સુણો, કરો મારૂં કામ;
રાત રહો આ નગ્રમાં, પ્રકાશ કરી તમ નામ. ૧૩
રાજા કહે કુંવરી સુણો, કરૂં એ ક્યમ કામ;
નહી રહું તમ નગ્રમાં, તારે કહીએ નામ. ૧૪
ન્યારૂંય થાય પુઠળ જુલમ, રહેવું નહી ત્યાં રાત;
જળ મુક્યું છે તેં તાળારે, માટે કહુ છું વાત. ૧૫
ગોરી છકરો મહિપતિ, પાટણવાવ મુજ ગામ;
લીલી નાગોરનો ધણી, દેવરાજ છે મુજ નામ. ૧૬
ત્રિયા મુજને સંભાળજો, રાજસ રૂડી રીત;
ઘડી એક વાતો કરી, પલક એકની પ્રિત. ૧૭

દોહરો ૧૫

જાહેર કરી પંથે પળ્યો, બાંધ્યો ફેંટો પાઘ;
સ્ત્રી આવી અધિપતિ કને, ગ્રહી ઘોડાની વાગ. ૧
મેલી ક્યાં જાવો મહિપતિ, થશે સ્ત્રીહત્યા પાપ;
આપ અવર બીજા પુરૂષ, મારે ભાઇ ને બાપ. ૨
આવી ઉભા જ્યારથી તમો, જોયા નયણે નેહ;
રૂપ જોયું આપ તણું, ત્યારથી અરપ્યો દેહ. ૩
મહિપતિ તમો આવી મળ્યા, પ્રભુએ મેળવ્યો સંગ;
મુકી જાશો જો રાયજી, તરતજ પડશે અંગ. ૪
સાક્ષી છે મુજ નાથજી, વચમાં ઉમીયા ઇશ;
પ્રાણ તજુ પલકમાં, તે હત્યા થાશે શીશ. ૫

રાજા કહે રામા સુણો, કયમ તેડી જવાય;
કુળ લજવાય બે જણનું, વેર અતિશે થાય. ૬
રાઢ થાય સૌ રાયશું, પૃથ્વીપત ભરપુર;
અહીં નહિ કોઇ એલી માહરો, દેશ મારો દુર. ૭
અન્યાય થાય અતિ ઘણો, જેમ હલકું પીપળપાન.
એવી દશા થાય માહરી, પૃથ્વીપતિ તુજ રાજન. ૮

ચોપાઇ ૧૬

દેવરાજ કહે જાણે તુજ તાત, વિપ્ર સરખી થાયે વાત;
ખોટી વાત મુજથકી કેમ થાય, રોષે ભરાયે તારો રાય. ૧
મોકલજે સગાઇ મુજ ઘેર, પરણું તુજને રૂડી પેર;
સંભળાવજે તારા તાતને, હમણાં જવાદે તું તો મને. ૨
પુછી સરવે લોકને પાર, મેં બતાવ્યો છે મુજ ઠાર;
હા નાનો જવાબ લીજીએ, પછી ખબર મુજને દીજીએ. ૩
ના કહેશે તો હરણ કરેશ, હા કહેશે તો તુજને વરેશ;
નારી કહે ના એ કરશો વાત, રહો એક મારે ઘેર રાત. ૪
રાજા કહે હું ડગ ન દેઉં, ત્હારા નગ્રનું જળ ન લેઉં;
નારી કહે કાયર કેમ થાવ, શું કરશે એ રૂડો રાય. ૫
શીરછત્ર રાખો દ્રઢ મન, રાંક કેમ થાવો રાજન;
ક્ષત્રિ કામ તો એવાં કરે, દેવરાજ કામ ભયથી ડરે. ૬
પરનારી શું પ્રિતજ થાય, ક્ષત્રિ કામ મુકીને જાય;
આપ સંઘાતે કીધો નેહ, ડગો રાય તો પાડું દેહ. ૭
થાય વાંકો જો આપે વાળ, તમ પહેલો આણું કાળ;
દેવરાજ કહે વચન દીજીએ, તો આપણુ અહીંઆં રોકીએ. ૮

નગ્રમાંહે નહિ આવું હું, મન આપ સમજજે તું;
ચંપાવતિ બોલી વચન, આપને અરપ્યું છે આ તંન. ૯
સ્વામિનાથ છો મ્હારા ખરા, પેલા ભવના પતિ મળ્યા;
મન થકી ધારીને તંન, પરીઆં સાતનું આપ્યું વચન. ૧૦
એવી વાત કરે જેટલે, વજેપાળ સ્વારી આવી તેટલે;
ચંપાવતિ કહે આવ્યો તાત, આપણ બેઉની કરશે ઘાત. ૧૧
માટે સાથે તેડી જાવ, સ્વામિનાથ તમે સજ થાવ;
મારી વિનંતી હૃદયે ધરી, ગાંધર્વ લગ્ન કરીશું ફેરા ફરી. ૧૨
અરજ નહિ સાંભળો તમો, પ્રાણ તજશું હમણાં અમો;
વજેપાળની દ્રષ્ટિ પડી, ચંપાવતી ઘોડે ચડી. ૧૩
ચંપાવતિ કહે કંથજી તમો, મુજ બાપે દીઠા અમો;
લોક સરવે કારણ લહ્યું, જાણ મુજ પિતાને થયું. ૧૪
દેવરાજે વિચાર્યું મંન, નિશ્ચે નાર તો તજશે તન;
સૈન્યા આવી કરતાં વાત, મુકી જાઉં તો લાજે તાત. ૧૫

દોહરો ૧૭

તાણ્યો તંગ ઘોડા તણો, આકુળ વ્યાકુળ થાય;
સ્ત્રી બેસાડી ઘોડલે, પણ્ણ દ્રષ્ટે ન દીઠો રાય. ૧
તતક્ષણ અશ્વ ઉરાડીઓ, તાણી તેની દોર;
લોક સરવે જોઇ રહ્યા, થયો અતિશે સોર. ૨
દાશીઓ ગઇ અધિપતિ કને, રાજ વિચારો મન;
કોઇ પરદેશી લઇ ગયો, ચંપાવતિ રાજંન. ૩
તવ વજેપાળ ત્યાં બોલીયો, સજો રાવત રાણ;
ચંપાવતિ લેઇ ચાલીયો, ઊતારીને માન. ૪

જુઓ ભાઈ એ કોણ છે, કલંક લાગ્યું કાય;
સાત પેઢીને ખોંપણ કર્યું, કુંવરીને લઇ જાય. ૫
સૈન્ય સરવ પુંઠે થયું, ગઢા ચઢી ધમધોર,
રાવત રણ આવી મળ્યા, જુલમ કરીને જોર. ૬
જવા ન પામે જીવતો, એને હણો તમ હાથ;
વેર કર્યું તેં વાંકડા, વજેપાળની સાથ. ૭
વિમાસણ માંહી પડયો, મહિપતી ઝુરે મન;
નહિ સેવક કોઇ માહરો, એકલો આવ્યો વન. ૮
વાંસેના સુભટ અતી, હું એકલો રણમાંહ્ય;
નાઠે તો છુટે નહિ, સ્ત્રી જાશું ક્યાંહ. ૯
સાંમત કોઈ સાથે નથી, દેશ મ્હારો દુર;
વડહથ નથી મારો વાધજી, સાહ સમોવડ શુર. ૧૦
સંકટ પડે ત્યાં સાંભળે, બાંધવ તાતને તન;
સ્ત્રી કહું હવે શું કરૂં, ઝુરણ લાગી મંન. ૧૧
ચંપાવતી કહે ચતુર નર, સાંભળો મારી વાત;
ભલી ભુંડી એક રહી જશે, પૃથ્વી ઉપર વાત. ૧૨
માટે મારા કંથજી, કહું એક સાચી વાત;
મુજને લઇ ચાલો તમો, આવ્યો મારો તાત. ૧૩

ઢાળ ૧૮

સૈન્ય ચઢયું સૌ સાંઢકે, પેદલ અને ખલકંત;
ઝગકે ચરણ ઝળકતા, લીલા રંગ લલકંત. ૧
તરવારો જેમ વીજ ઝબકે, બરછી રૂડાં બાણ;
સામંત સૌકો સરસકે, તાણે તીર કમાન. ૨

જોદ્ધા અઢયા એમ જોરમાં, કડકડીયું બ્રહ્માંડ;
ક્રોધ કરતા દંત પીસતા, કરતા ખંડમખાંડ. ૩
એવી રીતે ઝબકતાને, લીધી દેવરા પુંઠ;
જાણ થયું તે દેવરાને, ઊભો રહ્યો રાખી રુપ. ૪

દોહરો ૧૯

ચંપાવતિ કહે નાથજી, શી કરવી હવે પેર;
દુઃખ વાદળ આવી અડયું, આ શો થાશે કેર. ૧
સૈન્યા આવી ઢુંકડી, નાસી કેમ જવાય;
સતિ થાઉં આપ પાછળે, જુદ્ધ કરોને રાય. ૨
ઊભા રહો તમો અધિપતિ, ભાગ્યા પુંઠે ભળેશ;
સ્વામિ મારા સ્વર્ગમાં, મહિપતી આપ મલેશ. ૩
જીવતા તો જાતે જતંન, નહી તો પંથ વળેશ;
સતિ થાઉં તમ પાછળે, બળવંત સાથ બળેશ. ૪
તમો ધીરજ રાખો મમધણી, ચરથીવર તમો થાય;
સતાવટ રાખો ખરી, શીવજી કરજો સાહ્ય. ૫

છપ્પો ૨૦

ડગે ધ્રુ નવ ચળે, ડગે નહિ મેરૂ ધરતી;
ઇંદ્ર ડગે નહી આભ, ડગે નહી સિંધુ ભરતી.
ડગે નહી કુલ ક્રેમ, ડગે નહી ભાણુ દોરંગો;
ડગે નહી ફરશુરામ. ડગે નહી શીવ શરગંગો.
ડગે નહી રાવણુ રામશું, જોગ શક્તિ ડગે નહી;
લખીઆ લેખ ડગે નહી, સ્વામીનાથ જાણો સહી.

દોહરો ૨૧

ક્ષત્રાવટ રાખો ખરી, રાણી જાયા રાય;
દાસી કેરો દીકરો, પાછો ધરે તે પાય. ૧
તમ તરવારે ત્રીકમ રહો, ધણી રામેશ્વર હાસ;
અંબાજી તમ ઉપરે, બ્રહ્મા રહેજો ભાલ. ૨
આશિષ દીધી અતિ ઘણી, વિચાર્યો તેની વાર;
દેવરાજ કહે ડર નહિ, ભુજે ગણું નહીં ભાર. ૩
કોઇ થકી બીહતો નથી, અવર ન રાખું આશ;
વડહથ નથી મુજ વાઘજી, પુઠે મ્હારી પાસ. ૪
સુખનું સરીગત સગુ સર્વ, દુઃખની સરિગત માત;
બંધવ સરિગત કષ્ટનો, જ્યારે રણમાં થાયે ઘાત. ૫
અતિ છે પણ નથી અર્થમાં, માટે ઝુરે મંન;
સૈન્ય ઘણી ઘેર મ્હાતરે, દુઃખનો આવ્યો દન. ૬
નિશ્ચે મારે નાઠા થકી, ભાગ્યા પુઠે ભલાય;
સનમુખ ઘાવ ન લીજીએ, તો લાજે તાત ને માય. ૭
અવતાર ધર્યો સરજે, આયુષ ખુટે જાય;
ટાળ્યું કોઇનું નવ ટળે, લખ્યું હશે તે થાય. ૮
તમે સ્ત્રી ઉભાં રહો અહીં, અશ્વ ફેરવું ફાળ;
ઉતારૂં નાદ તુજ તાતનો, આણુ સર્વના કાળ. ૯
હું દેવરાજ ડર નહિ, મેં જોઇ ત્રિયા તુજ હામ;
ધન્ય ધન્ય હીંમત તાહરી, ધન્ય ત્રિયા તુજ નામ. ૧૦
તું સાથે આવે સતિ, કરમે પડીયું કષ્ટ;
કોઇ નથી પુઠે માહરી, કે પડતાં રાખે દ્રષ્ટ. ૧૧

કોઇ નથી સહોદર મારૂં, નથી કોઇની સાહ્ય;
સગપણ અહીં મને તારૂં, બગડે નહી મુજ કાય. ૧૨
લખ્યું હશે તેવું થશે, સુખ દુઃખ અતિસાર;
જીવીશું તો આવીશું, નહીતો કોટી જવાર. ૧૩
જુવે તો જોવા સુરવ, વળી નવ લાગે વાર;
સૈન્યા આવી ઢુંકડી, હવે માન્ય ત્રિયા ત્યાર. ૧૪
ઉભી રહેજે તું ત્રીયા, ઠરી રહેજે આ ઠામ;
સંહારૂં સૌ સુભટને, તો દેવગો મારૂ નામ. ૧૫
એમ કહીને કાંકડો, સાહ સમોવડ સુર;
બાલક આવી રણ ખળભળ્યું, દેવરો ઉભો દુર. ૧૬

રાગ ટોડી ૨૨

વાગી ચોદીશ રણમાં હાક, એ વિર આવ્યોરે;
જેણે સેન્યા ચડાવી ચાક, તે ધિર ધાયોરે. ૧
રાવત સરવ જોઇ રહ્યા, એ વિર આવ્યોરે;
જ્યારે દેવરાજ રણમા ગયા, તે ધિર ધાયોરે. ૨
દિસંતો કોઇ રાજકુમાર, એ વિર આવ્યોરે;
મનમાં સર્વ કરે છે વિચાર, તે ધિર ધાયોરે. ૩
નાઠો નહી એ નરપતિ, એ વિર આવ્યોરે;
બળ દીસે છે એનામાં અતિ, તે ધિર ધાયોરે. ૪
એની કોમળ સરખી છે દેહ, એ વિર આવ્યોરે;
બોલ્યો દેવ સુણી એહ, તે ધિર ધાયોરે. ૫

દોહરો ૨૩

દેવરાજ ત્યાં બોલીયા, જતન શું કરવું જાત;
જાસી છુંદી એક રહી જશે, પૃથ્વી ઉપર વાત. ૧

તમે ઝાઝા હું એકલો, રખે રાખો કોઈ હામ;
સમ્રથ આવશે સામમાં, નહી થાય કેહનું કામ. ૨
જાવ પાછા ફોગટ ફરી, વળો સર્વ કો ગામ;
જવા દેઉ જો જીવતા, તો દેવરાજ મુજ નામ. ૩
માન ઉતારૂ મહીપતિ તણું, જીવ સર્વના લેઉ;
ગંગા વહેજો ઉલટી, તોય ચંપાવતિ ના દેઉ. ૪
તમથી હવે કેમ ઓસરૂ, થવા કાળ જે હોય;
જવા નહી દેઉ કોઇ જીવતો, માનવી માત્રજ કોઇ. ૫
દુઃખ સંપતને હાણુ વૃદ્ધ, ગૃહે લખ્યું તે હોય;
લખ્યા લેખ કિરતારના, ટાળી ન શકે કોય. ૬
રવિ ઉગે પશ્ચિમ દિશા, સુકે સમુદ્ર સાર
કોટી બ્રહ્મા ચળે એકઠા, તોય ન આપુ નાર, ૭
તમથી થાય તે આચરો, કરો યુદ્ધની પેર;
સૈન્યાના સુભટ સર્વ, નહી જાવા દેઉ ઘેર. ૮
વજેપાળ રાજા કહે, રાવત પ્રત્યે વાણ;
મમત કરે તેને મારવો, ઉતારો એનું માન. ૧૦
સુરજ આગળ આગીયો, સમુદ્ર આગળ ખાડ;
તેમ બરાબર આપણી કરે, જેમ મેરૂ આગળ તાડ. ૧૦
ઝાઝામાં ઝંપલાવવું, જાતે તો છે એક;
મિની આગળ ઉંદરો, ટંઉડ ના મુકે ટેક. ૧૧

રાગ સામગ્રી ૨૪

વજેપાળ તવ કોપીઓ, રૂદયે આણીજ ક્રોધ;
તે વખતે તેડાવીયો, ફરઆંદા જાદવ જોધ. વજેપાળ. ૧

રાજા કહે રાવત સુણો, યુદ્ધે એકઠા જાવ;
બીલ વાતે જોડી ઉતરો, ઘટતો કરવો ઘાવ.   વજેપાળ. ૨
પરાક્રમ જુઓ તમે એહનું, બળીયો દિશે છે બાળ;
સામો તે સૂરો શું કરે, આખર ખુટયોરે કાળ.   વજેપાળ. ૩
ઝાઝુ જોર બતાવીએ, અતિશે કરે છે ગર્વ;
અશ્વ ઉપાડો સામટા, આપણા તે સર્વ.   વજેપાળ. ૪
દેવરાજ મન ચેતીયો, રચીયુ એમણે ફેલ;
મારૂ ગામ દેશ સર્વ તે, વળતાં બાળુ મ્હેલ.   વજેપાળ. ૫
તે વેળા અશ્વ ફેરવ્યો, ગરગડીઆં નિશાંન;
સંગ્રામે સામો જઇ અડયો, બાટકયા રાજન.   વજેપાળ. ૬
ટીંબા ઉપર ત્રિયા ખડી, દેવરાજ ધરે ચંત,
સાંમો આવે જે સુભટ, આણે તેનો અંત.   વજેપાળ. ૭
ગાંજ્યો તે કોઇનો જાએ નહી, જેમ ચડયોરે મેહ;
ચંદ્ર ચડયો રાહુ ઉપરે, તેમ ચડયો દેવરાજ તેહ. વજેપાળ. ૮
અભેમન્ય ચક્રે ચડયો, કૌરવ કેરી સાથ;
એમ વજેપાળ સામે અડયો, ખડક ગ્રહીને હાથ. વજેપાળ. ૯
ખડગ ગોળાને ફરસીઓ, બાણુ તરકશ તીર;
સંગ્રામ મચ્યો રણુ વિશે, વિંધાય છે શરિર.   વજેપાળ. ૧૦
જમધઆ છરા બરછીયો, અંકુશ ગ્રહિ ઘણા જોધ;
મસ્તક વિના બાટકયા, કરતા અતિશે ક્રોધ.   વજેપાળ. ૧૧
પાપણુ નાખે ઘણા તળપતા, તે ગ્રહી સામો થાય;
બાણુ વાગે દેવરાજનાં, તે સહીત ઉડી જાય.   વજેપાળ. ૧૨
બકતર પાખર ટોપસુ, જુલમ વેઠે સાર;
સંગ્રામ મચાયો સૈન્યમાં, થઇ રહ્યો હાહાકાર.   વજેપાળ. ૧૩

દેવરાજ અંગે આયુદ્ધ અડકતાં, રૂધીર શોભી જાય;
ઉઠે યોદ્ધા શસ્ત્ર લેઇને, સંગ્રામે સામો જાય. વજેપાળ. ૧૪
દેવરાજ આયુધ વાપરે, ખળભળે યોદ્ધા ધીર;
રૂધીરમાં મુસ્તકો તરે, વહે શોણીત નીર. વજેપાળ. ૧૫
બળવંત એવા બાટકે, શેષ ડગ્યો પાતાળ;
ભોવન ત્રણ લાગ્યાં ડોલવા, પડી સર્વને ફાળ. વજેપાળ. ૧૬
ભુમંડળ લાગ્યો ધ્રૂજવા, ડગમગ્યો ભાણ;
આભ છવાયો બાણથી, કાયરના જાયે પ્રાણ. વજેપાળ. ૧૭
અટ વાજ્યો ઘણા કષ્ટથી, ધસમસે કરી ક્રોધ.
ખડગવતી દેવરાજજીએ, માર્યો હરસલ જોધ. વજેપાળ. ૧૮

દોહરો ૨૫

તરવારે તાળી પડે, ઝીક મચી રણમાંહ્ય;
કાયર ભાગે સરા ભડે, કોઇ જતા રહે પુરમાંહ્ય. ૧
વજેપાળ રાજા કહે, સજો રાવત રાણ;
સહસ્ત્ર દળ સંહારીયું, ઉતાર્યું આપણું માન. ૨
બાણગંગા મઠીક સંચરો, સંગ્રામ કારણ જાવ;
ચહુઆણ ભીમજી સજ થયો, વળો નાગરે ધાવ. ૩
સામંત ત્રણ ગુજર ઘણા, પ્રથમ સુરો રાઠોડ;
બીજો ઓઢાણીજ ખરો, ત્રીજો દેવરો સોડ. ૪
એ જોદ્ધાને જતવા, કોઇ નહિ સામો થાય,
પૃથ્વી ઉપર એવો નથી, સુંઠ ખાધી જેની માય. ૫
બીજાનો શો આશરો, ઝપટ ઝીલે જે યોદ્ધ;
ઝુઠે માર દેતો ઘણો, કરી કારમો ક્રોધ. ૬

ગુરૂ માથે ત્રણ રૂષી, તે જોરથી ઝુઝાય;
પ્રશ્ન જેણે અંબિકા, તે કેમ માર્યો જાય. ૭
બળવંત એવો બાટકે, સૌ સૈન્યશું સંગ્રામ.
સૌ સુભટ લાગ્યા ધ્રુજવા, ખળભળ્યું સૌ ગામ. ૮

મોતીદામ છંદ ૨૬

થયો ત્યાં ચહુઆણ ભીમ તૈયાર, લોહતણાં સજ્યાં હથિઆર;
વાગે ઘણા વાજીંત્રે ત્યાંહે, પડ્યા ઘણા યોદ્ધ અરે રણમાંહે. ૧
ચહુઆણ ભીમતણો સિપાઈ, કહીએ તે નામ સેખસાઈ;
વડો ગુણ સાગર સૈયદ મહમદ, અડયો યુદ્ધમા મલેક અહમદ. ૨
જમાદાર ફોજતણો અંક પુર, અસમાલ સંધી ચઢયો રણસુર;
પઠાણ અકબરખાં હમીર, ચઢયો ખાંનમહીરો તે ઘણો ધીર. ૩
ખુરાસીયા અબદુલ્લ શાહ ફકીર, તંહે બાણ ઘણાં ગરજે તીર;
નબસી અરબી પરદેશી અડાએ, મહાભડ સામંત ત્યાં અથડાએ. ૪
વડા ક્ષત્રી રણસુરા સામંત, ભલા ભલા ચહુઆણ છે રાવત;
બગોબગ યુધ્ધ તડાતડ ત્યાંહે, ફડાફડ બજ્યા સૂર રણમાંહે. ૫

છપ્પા ૨૭

એ રીતે રણમાંહ, સંગ્રામ મચાયો;
યુદ્ધ ઘણેરૂ થાય, કોઇ નવ જાએ વાલ્યો.
ગરગડીયાં નિશાન, ભાટ ત્યાં શુર ચડાવે;
શુરો દેવરાજ રાજ, સૈન્ય ત્યાં ઘણું હઠાવે.
ભલો વિર માર્યો નવ જાય તે, ડરે નહિ તે કો થકી;
રણમાં પડીઆ યોદ્ધ ત્યાં, વજેપાળ હાર્યો નકી.

દોહરો ૨૮

ચંચળ ચક્રાવે ચઢયો, જેમ કૌરવ કેરી સાથ;
તેમ વજેપાળ આવી અડયો, ખડબાંણુ ગ્રહી હાથ. ૧
સૈન્ય સઘળુ નિરખે વળી, થરકે સઘળા લોક;
દેવરાજ હરખે ઘણું, વજેપાળ મન શોક. ૨

રાગ ઓખાહરણનો ૨૯

વઢ્ઢથ કરીને ધાયોરે વીર, વાગે ગોળા બાણુ અતિ તીર;
કેડાટ મચીઓ હુકાર, પડે યોધ્ધ નવ આવે તે પાર. ૧
રાવત કેટલા કુડે તે પડે, ભુપતિ કોઇની ચોટે ન ચડે;
ઉંડ અશ્વ અતિજે ફાળ, ડોટે ચઢે તેનો આણે કાળ. ૨
જેમ રામ લંકાપર ચઢયો, તેમ દેવરાજ ત્યાંહ અડયો;
જેમ સરિતા આવી અતિપુર, તેમ સામો ન ધસેરે સુર. ૩
જેમ મેરૂપર કોપ્યોરે ઇંદ્ર, જેમ રાહુપર ચઢયો ચંદ્ર;
ભીમ દુર્યોધન સાથરે ભડયો, નળ કેડે કળીયુગ પડયો. ૪
રાજાઅર્જુનપર ફરસુરામ, કાઢી સહસ્ત્ર ભુજાની હામ;
અભિમન્ય ચક્રાવે ચઢયો, કર્ણ સામો આવીને અડગો. ૫
અનિરૂદ્ધ બાંણાશુર આવી અડયા, એમ યુધ્ધ અકેકોરે ચઢયા;
ત્યારે સુભટ કો નહોતા સંગ, જ્યારે ઓખાશું લાગ્યો રંગ. ૬
એવો રંગ ચંપાવતિપર ચઢયો, દેવરાજ સામો એમ અડયો;
દોડે દેવરાજ મુકે દોટ, લાખો યોધ્ધા કર્યા લોટ. ૭
ફરે ચાક જેમ કુડે પડે, ઊટે ચઢે તે હાથે હણે;
ચહુઆણુ બીમ પડયો તેટલે, વજેપાળને રેડાસુ પેટ તેલે. ૮

દેસે ખસેડી મુકયો ઠામ, ગયા કેટલા નાસી ગામ;
જાણ્ય વળી પ્રધાનને થયું, સૈન્ય સર્વ સજીને આવીયું. ૯
દીઠા હાથી ઝાકઝમાળ, પડી દેવરાજ મન ફાળ;
હવે ઉગરવા વારો નથી, હવે સૈન્ય ઝંપાવુ મથી. ૧૦
સ્ત્રીને જઇ ધારણુ ધરૂ, પલક એક પ્રાણુ વાતો કરૂં;
છે મારા હૈયાનો હાર, એવી મળી કુળવંતી નાર. ૧૧

દોહરો ૩૦

સ્ત્રીને કહે અધિપતિ, માન્ય ત્રિયા ઝવાર;
ઉગર્યાનો આરો નથી, દુર રહી મુજવાર. ૧
કાગળ ભેજે કામની, ભાણેજ મુજને હાથ;
વેર લેશે મુજ વાઘજી, વળતી બળજે સાથ. ૨
માબાપને મળ્યો નથી, નથી મળ્યો મુજ ભાઇ;
વડહથ નથી મુજ વાઘજી, પુઠે જાળવે ઘાય. ૩
અકલ સુઝે તે કરજે કામની, રૂદન કરે શું થાય;
માન્ય ઝવાર હવે માહરા, લખ્યા લેખ તે થાય. ૪
ચંપાવતિ વળતી વદે, રૂદન કરતી ત્યાંય;
શી દશા થશે માહરી, ખોશો પ્રાણુ આંહ્ય. ૫
હું હા કહેતી ઉભી બળું, મુજ કાળજુ કકડા થાય;
આભ પડે ધરતી અડે, કયમ જીભથી કહેવાય. ૬
જીવ જ્યાં લગી આપનો, ત્યાં લગી મુજને માન્ય;
કંથ વિના જેવી કામની, રઝળે રાંનો રાન્ય. ૭
આયુષ આપો અંબિકા, શીવજી કરશે સાહ્ય;
સ્વામિ વહેલા પધારજો, યુદ્ધ થકી તે આંહ્ય. ૮

જતાર કરીને પરવર્યો, ઝટપટીઓ ઝુઝાર;
સ્વાર પડયા ત્યાં સાતસેં, પાળાનો નહી પાર. ૯
પડયો અશ્વ દેવરાજનો, પાળો થયો છે પુંઠ;
નાઠો વજેપાળ નગ્રમાં, મહીપત વાળી મુઠ. ૧૦
સુળા માસ લેઇ પળે, ગરધણ ચઢી આકાશ;
દેવરાજને ઘેરીઓ, સૈન્યામાં ચોપાસ. ૧૧
દુઃખ પામ્યો કુંવર ઘણું, થયો ઝાંખો ત્યાં ભાણ;
દંતુશ ઝાલીને પાટકયા, લીધા હાથીના પ્રાણ. ૧૨
ત્રાહી ત્રાહી થયું નગ્રમાં, ઘેર ઘેર વાતો થાય;
મહિપત થયો મરણીયો, માર્યો કોઇનો ન જાય. ૧૩

ગજલ

વજેપાળ—સુણ પ્રધાન આજ આજ, વિપરીત થયું;
સૈન્ય સઘળું નાસ પામ્યું, દુઃખ આવીયું.
જોધ મરાયા રણમાંહે, મહાબળ અતિ;
શો હવે ઉપાય કરવો, છે ગહનગતિ.
મહા સૂરવીર રાજબીજ, એકલો રણે;
છે દેવાંશી એહ તંન, ન કોઇને ગણે.
ઉપાય શો હવે પ્રધાન, કુંવરી જાશેરે;
નહીતો દેહ ત્યાગ થાશે, લાજ જાશેરે.

પ્રધાન—નવ ચીંતા રાખો રાજબીજ, શું તમો ડરો;
શું તમો ડરોજ રાજ, શું તમો ડરો.
કપટથી પણ મારી એને, કુંવરી લેઇશું;
જરૂર જાણો ચીન ચિંતાએ, ઉપાય કરીશું.

મને ઉપાય શુઝગો છે, તે કરીશું હામથી;
સ્ત્રીના વેષે જઇને, અને મારીશું મથી.

હરિગીત છંદ ૩૧

યુદ્ધ મચ્યું અતિ રણમાં, સુરા લઢે અતિ જોરથી;
બાણનો વરસાદ વરસે, જેમ સરિતા પુરથી;
કડડાટ બાણ વાગે અતિ, યોદ્ધા ત્યાં નાસે ઘણા;
યોધ્ધ મોટા રણ પડે, દેવરાજે યુધ્ધે નહીં મણા. ૧
જેમ અસાડો મેહ ચડયો, તેમ તે ગર્જે અતિ;
સ્મશાન જેવું રણ વિશે, જાય પાસે જગપતિ;
નામીચા રણ યોધ્ધ પડયા, વજેપાળનો ગર્વ ઉતર્યો;
ગીધ સમળી ખુશી થાયે, ભક્ષથી આનંદ ભર્યો; ૨
કરી ક્રોધ યોદ્ધા ખળભળે, ઉઠે તે પાછા રણ થકી;
મસ્તક વિના યોદ્ધા બાટકે, કરતા ત્યાં અતિ નકી;
સૈન્ય ત્યાં વજેપાળની, ઘણી રણ વિશે ત્યાં રડવડે;
ભંગાણ પડયું ત્યાં સૈન્યમાં, વજેપાળને મુર્છા ચઢે. ૩

દોહરો ૩૨

રાજા કહે સચીવ સુણો, શી કરવી હવે પેર;
કહેશે એકે મારીઆ, નાસી ગયા સહુ ઘેર. ૧
માટે સર્વે ઉભા રહો, કરો કાંઈ ઉપાય;
સૈન્યમાં હવે કોઈ નથી, તેના સામો જાય. ૨
ત્યારે એકજ બોલીયો, જાદવ રણમલ નામ;
જે જીતવા એને ચઢે, નહી થાય તેનું કામ. ૩

ઉપાય તમે શાથ આચરો, પરપંચ કરો પુર;
પ્રધાને કહ્યું હતું તે કરો, તો મરે એ શુર. ૪
સ્ત્રીના વેષે થઈ, બે જણ યુદ્ધે જાય;
સ્ત્રી સામો નહી ચઢે, ક્ષત્રીનો કુમાર ૫
રાજા કહે ભલે કહ્યું, કરો ભાઇ એ કામ;
સંહારે સુભટને, આપું બારજ ગામ. ૬
ત્યારે ભાત બે નીકળ્યા, રૂડો રાજ્યે નામ;
વેષ ધરી સ્ત્રીતણો, આવ્યો તેણે ઠામ. ૭
વેષ ધરી ત્રીયાતણો, આવ્યા તેણે ઠાર;
ખડક દીઠું સ્ત્રી કને, દેવરાજ પામ્યો હાર. ૮
ત્રીયા દેખીને ત્રાસીયો, આયુધ નાખ્યાં દુર;
નારી સામો કેમ યુદ્ધ કરૂં, શાહ સમોવડ સુર. ૯
અધિપતિ પાસે આવીયા, વડહથ દોજણ ભાઇ;
ખડગ કાઢીને વાપર્યું, ધટતે બે જણ ધાય. ૧૦
પડ્યા ઘાવ શીર ઉપરે, રાજા ચતુરસુજાણ;
પગે ઝાલીને પાટક્યા, દેવરાજના લીધા પ્રાણ. ૧૧
શીષ હતું તે ઉડી ગયું, આવ્યું સ્ત્રીની પાસ;
હંસ હતો તે ઉડી ગયો, જીવ ગયો કૈલાસ. ૧૨
સ્ત્રી મુર્છા ખાઇ પડી, દીઠું મુસ્તક તરત;
અધિપતિને દેખી ઢળી, જાણી પામી મૃત. ૧૩
લોટપોટ થઇ કામની, ઢળી તે વેળા ધર્ણ;
લોક સર્વે રૂદન કરે, આશ્ચ અઢારે વર્ણ. ૧૪
કૌતક થયું એક કારમું, લખતાં લાગી લહેર;
બોલાવી બોલે નહીં, પ્રપંચ કરે સહુ પેર. ૧૫

સવા પહોરે મુર્છા વળી, શોકાયમાન થયું શેર;
નરપતિ માહો નગ્રમાં, ગયો પોતાને ઘેર. ૧૬
સુરજ ત્યાં ઝાંખો થયો, સળક્યો શેષ પાતાળ;
ત્રણભોવન ડગમગ્યાં, પડી સર્વને ફાળ. ૧૭

ચોપાઇ ૩૩

ઉઠી નારી ગઇ તેણીવાર, જઇ મુરતક પડયું જે ઠાર;
કરે રૂદન અતિ વ્યાકુળ થઇ, લેઇ માથુ ધડ પાસે ગઇ. ૧
કરે રૂદન અતિષે કાજ, મને કંથ ક્યાં મળશે આજ;
રાજા નાસી ગયો પુરમાંહ્ય, લોક એકઠા થયા બહુ ત્યાંહ્ય. ૨
ત્રિયા રૂદન કરે બહુ શોક, લક્ષણા મળ્યા ઘણેરા લોક;
કુંવરીના મુખ સામું જુએ, ઉભી વર્ણ અઢારે રૂએ. ૩
લોક કહે કુંવરીને વાત, રાજકુંવરની કરી તેં ઘાત;
એ પાછો જાતોતો તર્ત, તેં મારી લોડે આપ્યું મૃત. ૪
એનાં માબાપ જો જાણશે, અંતર સોષ ઘણો આણશે;
પડયો કુંવર ચતુરસુજાણ, સુણી વાતને છોડે પ્રાણ. ૫
રાજાને શીર બેઠી ગાળ, બળવંત રૂડો માર્યો બાળ;
લોક વિમાસે સર્વે મંન, રાંધ્યાં રહ્યાં નગ્રમાં અંન. ૬
ઠામ ઠામ પડયો છે સંભ, રાજા પડયો પૃથ્વીનાં ખંભ;
સર્વ પડયાં તે લેખે ન લહે, કુંવર પડયો તે સર્વે કહે. ૭
જાણી વાત કુંવરીની માત, તતક્ષણ તેણે ઘસીઆ હાથ;
કુંવરી પ્રાણ તજે એ પેર, વળી રાજકુંવરનું ચોઢયું વેર. ૮
રૂડા જો તાત એનો જાણશે, અંત તર્ત પોતે આણશે;
મારી નાંખ્યો રૂડો રાય, નગ્રમાં હાહાકાર થાય. ૯

મુસ્તક લઇ ધડ ઉપર ધરે, કુંવરી રૂદન અતિશે કરે;
તમે કેમ પોઢયા રૂડા રાય, નગ્ર તમારે પાછા જાવ. ૧૦

દોહરો ૩૪

રૂદન કરે સૌ મેદની, રંક અઢારે વર્ણ;
સોર થયો અતિ નગ્રમાં, સંભળાય નહિ કર્ણ. ૧
રૂદન કરે સૌ કામની, સામું નવ જોવાય;
રાજકુંવરની દાસીએ, નવ દીઠો એવો રાય. ૨
પાળે આવી ઉભો હતો, અહુકો મારી સોય;
મલ્યું માનવ નગ્રી તણું, કલપાંત કરીને રોય. ૩
ગર્વાપત રાજા તણો, શું નહિ હોય નાર;
અહીં કેમ એકલો વળ્યો, કેમ આવ્યો કાળને બાર. ૪
મારી નાખ્યો મહીપતિ, રૂપે રૂડો રાય;
વાત જશે એના નગ્રમાં, કેમ જીવશે એની માય. ૫
બંધવ એનો કેમ જીવશે, કેમ જીવશે એનને તાત;
મુસ્તક પટકીને મરે, તતક્ષણ એની માત. ૬
માટે રૂદન કરે સૌ કામની, ગોખે કાઢી ગાત્ર;
રાજાને દેખી રૂએ, સૌકો માનવી માત્ર. ૭

સામેરી ૩૫

કુંવરી રૂદન કરે અતિ, કયમ પોઢયા હો રાય;
આવું દુઃખ તમ પાછળે, મારી હીંમત જાય; બોલોને મુજ નાથજી. ૧
રણમાં મેલી મને એકલી, સોંપી ગયા કોને રાય;
તાત મ્હારો વેરી થયો, નમેરી થઇ માય. બોલોને ૨

જાુગમાં તમ જોડીઓ, દેખું જોબન વેશ;
દુઃખમાં મેલી પ્રાણ નાથજી, ગયા કોણ તમે દેશ. બોલોને ૩
ક્યારે પધારશો નાથજી, વડહથ કોનીરે વાત;
તમ સૈન્યા જોતી વાટડી, ઝુરે ભાણેજ ભ્રાત. બોલોને ૪
તમારી માતા કેમ જીવશે, અદકો કરશે ઉચાટ;
ભાણેજ વાટ જુએ ઘણી, મામા આવ્યા નહિ શા માટ. બોલોને ૫
દગો દીધો તમે દેવરા, અબોલા નવ જાવ;
અશ્વ સજીને આણીઓ, નાથ સાવધ થાવ. બોલોને ૬
સ્વારી તમ આગળ કરી, મૃગીઆ રમવાને જાવ;
અબળા કેમ આવીશ એકલી, મને આવી લઇ જાવ. બોલોને ૭
વાગરાજ વાટ જુવે ઘણી, ભાણેજ ચતુરસુજાણ;
સાંભળશે મામો મારીઓ, તરત તજે પ્રાણ. બોલોને ૮
પ્રીતમ પાછા આપ વળો, પામશો વાટે દુઃખ;
ભાથું બાંધો પરવરો, સ્વામી લાગશે ભૂખ. બોલોને ૯

દોહરો ૩૬

ઉભી થઇ હેઠે પડે, પટકે માથું ઘણું;
તમ પહેલું સ્ત્રી તણું, સ્વામી ન આવ્યું મરવું. ૧
મુસ્તક લઇ ધડ પર ધરે, બોલો મારા કંથ;
હાથ ગ્રહી બેઠો કરે, પીયુ પધારો પંથ. ૨
આભ પડે ધરતી ગડે, મુજ કાળજું કડકા થાય;
પડયા દેખું મુજ કંથજી, રણમાં રૂડા રાય. ૩
દગો દીધો તમે નાથજી, ત્રિયાને કયમ મૂંક;
આગળ મારગ ચાલીયા, કીયા નગ્રના પંથ. ૪

તેડુ મોકલોરે તમે, પાયક મારી પાસ;
કામ નહી જડે આપનો, વસીયા કોણુજ વાસ. ૫
સંસાર માંહે ચાંમતો, અશ્વ ત્રીશ મહેમંત;
માંધાં ત્રણે જ્યાં લગી, જ્યાં લગી માથે કંથ. ૬
કંથ હોય માથે કામની, મરદ છતે બહુ માન;
વન ભરથારે ભામની, રઝળે રાનેરાન. ૭
લોક વાતો કરશે ઘણી, ચોટયું અતિ આળ;
રાજકુંવર માર્યા તણી, બેઠી મુજને ગાળ. ૮
જગત પુઠે બોલશે, હો અંતરના આધાર;
કહેશે એને મરાવીયો, રૂડો રાજકુમાર. ૯
એમ કહી રૂદન કરે, પટકે માથું ઘણું;
કુંવરી સામું જોઇને, રૂવે અઢારે વર્ણ. ૧૦
હજી જાણ થયું નથી, નાથ તમારી માત;
મુવાતણી નથી સાંભળી, વડહત તમારી વાત. ૧૧
સાંભળતામાં સર્વનો, જીવ નીકળી જાય;
નગ્ર સૌ મુર્છા થશે, ઉતપાત અતિ થાય. ૧૨
સેન્યા માંહે સર્વકો, ક્ષણમાં તજશે પ્રાણ;
સાંભળતામાં વાઘજી, ચમકશે સુજાણ. ૧૩
કેમ પત્ર હું મોકલું, વાત કેમ કહેવાય;
બેન જાણે જો આપની, જીવ નીકળી જાય. ૧૪
જીવે કેમ વાઘજી, વડહથ બાવન વીર;
તે સારૂ ઉઠો તમો, નરપત આણી ધીર. ૧૫
મને એટલી દાઝ રહી, પળ ન કરી રીત;
ઊગાને જેમ આથમ્યા, સ્વપ્ન કેરી પ્રીત. ૧૬

દર્પણમાં દેહ દેખીએ, કંથ પોતાની કાય;
નજર થકી તરછોડીએ, રંગ ન દીઠા રાય. ૧૭
એમ સ્વપ્ન થઇ ગયું, રંક સાથે રીત;
પરદેશી શું પંથે જવું, સ્મરણ કેરી પ્રીત. ૧૮
એમ કહી હૈડું હણે, આવું શું હું ત્યાંય;
વાટે ભુલા તો પડયા, ગયા હશો તમે ક્યાંય. ૧૯
સ્વર્ગ વાટ છે દોહીલી, પાળા ન જશો માંહ્ય;
અશ્વ વિના તમે એકલા, થાકી જશો ત્યાંહ્ય. ૨૦
મુવા કોઇ બોલે નહિ, રૂદન કરે શું થાય;
મુસ્તક લઇ ધડ પર ધરે, તોય ન ઉઠે રાય. ૨૧
દેહ ધરી તેતો પડે, આગળ પાછળ સર્વ;
મુવાં કોઇ બોલે નહી, ખરચે બહોળો દ્રવ્ય. ૨૨

માણસને માથે વળી, મુકી મોટી ખોડ;
મુવા તણી કમાવણી, જન્મે ભાગે ખોડ. ૨૩
સ્વપ્નામાં દેખે નહિ, મુવાં જે પૃથ્વી પીઠ;
સ્વર્ગે ગયા જે સુરતે, દુનીયામાં ન દીઠ. ૨૪
ધન લક્ષ્મી તો મળે, પરપંચ કરી પેર;
સ્વર્ગ તણી વાટે ગયા, તે ફરી ના આવ્યા ઘેર. ૨૫
ધરતીપર ધરણી ઢળ્યા, થઇ પડયા બે ભાગ;
રૈયત ત્યાં ઉપડી ઘણી, નહિ લેશ ત્યાં માગ. ૨૬
રૈયત સરવકો રૂવે, રૂદન કરે સૌ ગામ;
પૃથ્વી ઉપર થઇ ગયો, નૃપ દેવશે નામ. ૨૭
ધરતીમાં દીઠો નથી, એ કુંવરની જોડ;
ચંપાવતીના રૂપને, આણી પ્રભુએ ખોડ. ૨૮

ધન્ય છે એની માતને, કરે શું બીજો ગર્વ;
એ એકલે સંહારીયું, સૈન્ય રાયનુ સર્વ. ૨૯

મન માન્યું મહિપત તણું, ધન્ય છે એની માય;
સહુકોને આગળ કરી, પછી મુઓ એ રાય. ૩૦

સત્ય રાહે એ વઢયો, લીધું હાથે વેર;
પંચાવન ધાડે પડ્યો, ગયો પોતાને ઘેર; ૩૧

મુવો નહિ એ જીવતો, રહેશે જુગમાં વાત;
જાણ થશે એના નગ્રમાં, જીવશે કયમ એની માત. ૩૨

તારો જયમ ધ્રુનો ખરે, પડયો જાણે કર્ણ;
જાણે પારથ અવનવો, ધરતી ઢળીઓ ધર્ણ. ૩૩

આપણને દુઃખ આટલું, જોતામાં તજીયું અંન;
માત તાત એનાં જાણશે, ધીરજ કયમ ધરે મંન. ૩૪

પીતા એનો કયમ જીવશે, કયમ જીવશે બેનને ભ્રાત;
કહેશે જોડું ભાગીયું, એનો બંધવ કરશે ઘાત. ૩૫

વીનો દીકરો સૌ વિનવે, છાનાં રહોને માય;
દેહ ધરી તેતો મરે, અચરત શું કહેવાય. ૩૬

સૌકો કહે બઇ સાંભળો, રૂદન કરે શુ થાય;
મોટી ઉંઘે પોઢીઓ, ફરીને ઉઠે રાય. ૩૭

મુવો નથી એ જીવતો, ટાળ્યું ટળે નહિ તેહ;
તમો પ્રાણ પટકી મરો, તોય ન ઉઠે એહ. ૩૮

અગ્નિદાહ દો એહને, બગડે નહિ એ કાય;
તમો ધાલી મુકો કંડીએ, તોય ન ઉઠે રાય. ૩૯

છપ્પો ૩૭

સ્ત્રી કારણ વેર, હરણ કર્યું તે હાર્યો.
સ્ત્રી કારણ વેર, રામે રાવણને માર્યો.
સ્ત્રી કરવા વેર, સોય સાથે સંહાર્યો.
સ્ત્રી કારણ વેર, પાંડવે કૌરવ માર્યા.
બીજા વેર તો ઉતરે, વેર તાત માર્યા તણું.
કર્તા કહે વેર સૌથી વડું, વેર સ્ત્રી હરવા તણું.

ચોપાઇ ૩૮

વેર કર્યું માટે મારીયો, સીધે મારગ કોણ હારીયો;
તાત બોલ્યાં દૈવતને રાંક, આતો બાઇ તમારો વાંક. ૧
એ રાજા પૃથ્વીપત ભુપ, રઢીઆળુ બહુ એનું રૂપ;
મૃગ પુઠળ એ રાજા પડયો, દેશ મુકી પરદેશે ચડયો. ૨
ભુલો પડીયો એ ભુપાળ, આવ્યો ત્રઠ સરોવર પાળ;
કર્મે એને લખ્યું તું કષ્ટ, એટલે પડયો તમારે દ્રષ્ટ. ૩
દેખીને જળ મુકયું તમો, એ વરને વરીશુ અમો;
જાત ભાત નવ પુછયું ઘર, જોતામાં મોહ્યાં એ વર. ૪
જળ મુકયું એ કારણ જાણ, તેથી તજીયા તેના પ્રાણ;
જાતો હતો પાછો જેટલે, વળગી ધાડ તેને તેટલે. ૫
મને સાથ તેડી તમો જાવ, કેડ કસીબંધ રાજા આવ;
એટલે આવ્યો તમારો તાત, મનમાં તેના થયો ઉત્પાત. ૬
અધિપતી તેતો હાલીયો, ઘોડે બેસાડીને ચાલીયો;
તાત ત્હારાને જાણુજ થયું, સૈન્ય સજીને સર્વે ગયું. ૭

એમાં કોનો કાઢીએ વાંક, વજ્યો બાઈ તે આડો આંક;
માટે દુ:ખ એ સરવે તજો, એક ચીતથી હરીને ભજો. ૮
સ્થીર તમારૂં રાખો મંન, થયો અસુર આથમ્યો દન;
અગ્ની દાઘ એને દીજીએ, પરતું કામ અમો કીજીયે. ૯
તારે કુંવરી બોલી વાણ, કાષ્ટ મંગાવો ચતુરસુજાણ;
સર્વ બોલ જુગતે જાણીઆ, કાષ્ટ ભરી ગાડાં આણીયાં. ૧૦
ચીતા ખડકી તેણે ઠામ, ઉભું સર્વ રૂવે છે ગામ;
કુંવરી મુખથી બોલી પેર, તમો સર્વ પધારો ઘેર. ૧૧
તમો સૌ જાવ નગ્ર માંહ્ય, સુય શાણી અમો બળશું આંહ્ય;
ઘેર પધારો સર્વે તમે, કંથ દેવરો કીધો અમે. ૧૨
સ્રી કહે હવે હું કેમ કરૂં, પેલે ભવ એ વરને વરૂં;
રાતે નહિ બાળું એની જાત, ભાઈઓ આવો સર્વે પ્રભાત. ૧૩
એવા વચન કુંવરીએ કહ્યાં, લોક સરવે નગ્રમાં ગયાં;
મહા રણમાં પડી છે રાત, કુંવરી એકલી જાતોજાત. ૧૪
શોષ પડયો કુંવરીને ગળે, રણમાં માનવ ન મળે;
કુંવરીને સાંભર્યું જેટલે, ચીતામાં મુક્યું તેટલે. ૧૫
મુસ્તક લીધું ખોળા માંહ્ય, વિલાપ કરવા બેઠી ત્યાંહ્ય;
નગર લોકે ન ખાધું અંન, પડયો રણમાં ક્ષત્રિ તંન. ૧૬
ત્રિયા તણું દુ:ખ દારૂણ જુવે, વનસ્પતિ અઢારે રૂવે;
સ્રી રૂદન કરે તેટલે, કૌતક એક થયું જેટલે. ૧૭

દોહરો ૩૯

મહા રણમાં પેલી કામની, કર્યો કાષ્ટમાં વાસ;
રૂદન કરવા માંડીયું, તે શબ્દ ગયો કૈલાસ. ૧

બેઠાં ઉમીયા સરસ્વતિ, શંભુ ભોળાનાથ;
નંદી ઉભો બારણે, દોરી ગણપતિ હાથ. ૨
ઉમીયાજીએ સાંભળ્યું, કોણ રૂવે છે રાત;
વિલાપ કરે છે કામની, જુગ્રમ કોને જાત. ૩
શંભુને ઉમીયા કહે, સાંભળો જુગ તાત;
કોણ કારણ આ રૂવે, તે કહો મુજને વાત. ૪
શંભુ કહે તમે સાંભળો, પુછી તમે જે પેર;
સંગ્રામે સુરો મુવો, તે આવ્યો આપણ ઘેર. ૫
સુરો વહાલો મુજને, જીવ તણો આધાર;
મુસ્તક નાખ્યું રૂંઢમે, કંઠે ઘાલ્યો હાર. ૬
શંભુ કહે વહાલો નથી, વીધવંત કે રૂપ;
નહિ ડહાપણ ગુણ ચાતુરી, નહિ ગલપણ કે રૂપ. ૭
અતિ વહાલો પરમારથી, બીજો જે દાતાર;
ત્રીજો વહાલો ભક્ત ઘણો, ચોથો સુરો અવતાર. ૮
સાચો વહાલો સરવથી, વળી વિશેકે સુર;
સનમુખ ઘાવ લેવો સદા, પુંઠ ન લેવે પુર. ૯
તેવો મોરીછક મહીપતિ, નૃપ દેવરો નામ;
મૃગીયા કારણ નીકળ્યો, આવ્યો ચંદનાવતિ ગામ. ૧૦
વજેપાળની દીકરી, ચંપાવતી નીજ નામ;
સરોવરમાં નહાતી હતી, સોમેશ્વર તે ઠામ. ૧૧
ત્યાં આવ્યો આ દેવરો, સરોવરની ત્રઠ;
નહાતી પેલી કામની, તેણે દીઠો દ્રષ્ટ. ૧૨
જોતામાં જળ મુક્યુ, માગી લીધો આપ;
તમ અવર બીજા પુરૂષ, મારે ભાઇને બાપ. ૧૩

ઘડી એક વાતો કરી, પ્રીત કરી બહુ પેર;
ઘોડે ઘાલીને ત્રિયા, લઇ જાતોતો ઘેર. ૧૪
અસ્વારી લેઇ આવીયો, કુંવરી કેરો તાત;
વાત જાણી સેન્યા ચઢી, તેમાં થઇ કુંવરની ઘાત. ૧૫
એણે અસ્વ સંહાર્યા સાતસેં, પાય બારસેં પુર;
કામ આવ્યું સેન્ય એટલું, પછી કપટથી પડયો સુર. ૧૬
તે રૂદન કરે છે કામની, પડયો છે રૂડો રાય;
તે કેડે એ સુંદરી, સતી કુંવારી થાય.

ચોપાઇ ૪૦

ઉમીયા કહે સંભળો મહારાજ, આપ કરો નારીનું કાજ;
પળ એકની પ્રીતે કરી, મરે નહી એ આં હરી. ૧
કુંવારી જો કન્યા સતી થાય, રસાતાળ પૃથ્વી તો જાય;
સ્વામી મહારા શર્ણ અસર્ણ, કુંવરી એ ન પામે મર્ણ. ૨
રહી જાય એ જુગમાં ગાળ, કુંવારાં બે જણુને ચઢે આળ;
લજ્યા કારણ રાજા મુવો, હાહાકાર પૃથ્વીમાં થયો. ૩
વચનની બાંધી સતી થાય, વાટે જતાં મુવો એ રાય;
વચન આપીને જે કોઇ ફરે, નર્કે તે નક્કી સંચરે. ૪
એ રૂડા પડીગો રાજન, રચ્યું અચુર એનું મન;
એતો મહા થયો ઉતપાત, બે જણુની કુંવારી જાત. ૫
માટે કામ એનું કીજીએ, મહારાજ તે મનમાં લીજીએ;
પ્રસન થાવ પ્રભુ ભોળાનાથ, કર ગ્રહી ઝાલો એનો હાથ ૬
ત્યારે શંભુ પ્રસનજ થયા, દેવ રૂપને આવી દયા;
સજ્યો પોઠીઓ તેણીવાર, થયાં શીવ ઉમીયા અસ્વાર. ૭

દોહરો ૪૧

જટા બીરાજે ગંગવી, ચંદ્ર ઝબકે ભાળ;
નંદી બેશી ચાલીયાં, ચાલ્યા મોહીવર ચાલ. ૧
નાગ છત્ર શિર ઉપરે, ચોહો ચકવા જ્યાં વાય;
પનંગ હાર કંઠ ગળે, નાદ અનોપમ થાય. ૨
સ્યામ વદન ધન અંગ સૌ, દુઃખ ભાગવા જાય;
તે વેળા ત્યાં આવીયા, ચૌદ ભુવનના રાય. ૩
સુત કાર્તીક ને ગણપતિ, નેત્ર ફરકે ત્રણ;
રૂદન કરે ત્યાં આવીયા, પોતે અશરણશરણ. ૪
રૂપે રૂડી કામની, વેણુ છુટી શીષ;
રૂદન ત્રીયાનું સાંભળી, ચમક્યા ઉમીયા ઇશ. ૫
કલ્પાંત કરે અતિ કામની, અગ્ની ગ્રહી છે હાથ;
પાસે પોઢયો દેવરો, ત્યાં બોલ્યા ભોળાનાથ. ૬
છાંની રહે તું કામની, મુજને કહે તું વાત;
કુંવારી સતી કેમ બળે, થાય અતિ ઉતપાત. ૭
અગ્ની નાખી દે ત્રીયા, માંડી કહે સૌ પેર;
રાયને અગ્ની દેઇને, જાતું તારે ઘેર. ૮
ત્યારે બોલી તારૂણી, આવ્યો વળી તું કોણ;
ખીજવવા વળી આવીઓ, છે તું કોણ અજાણ. ૯
જા મારગ તું તાહરે, જીવું નહિ હું આપ;
દેવરાજ વિન જો દેહ ધરૂં, તો પ્રલય કાળનું પાપ. ૧૦
વચન વળી જો ચુકીયે, વળી જુઠું બોલે આપ;
વચન લોપે જે માનવી, તો પ્રઉઢાં ભોગવે પાપ. ૧૧

મુજ કારણ રાજા મુવો, જીવતી કેમ હું જાઉં;
પ્રિતેથી પેલે ભવે, મળવા સતી થાઉં. ૧૨
મહાદેવ કહે માનુની, હારા સતનું પારખુ લેઉં;
તુજ કંથને કરૂં જીવતો, વળાવી મંદિર દેઉં. ૧૩
પ્રસન થયું હું તને કામની, ભારે ભોળો ભૂપ;
તે વેળા દેખાડીયું, ચિત્રભુજ સ્વરૂપ. ૧૪
પાયે નમી પેલી નારણી, દોકર જોડી ભેદ;
સંકટ પડે ત્યાં આવીયા, વિખાણ કરે વેદ. ૧૫
તુંહી માતને તાત તું, હર તુજ લાંબા હાથ;
કલ્પ કોટી બ્રહ્માંડ ચળે, અવતાર ધરવો નહિ નાથ. ૧૬
અચળનાથ ઉમીયાપતિ, અતિ ગતી તમ ઇશ;
લિંગ પુંજા મૃતયુ લોકમાં, પતાળે પગ સ્વર્ગ શિષ. ૧૭
ઘટઘટ તું વ્યાપી રહ્યો, ત્રણ ભોવનમાં નાથ;
હાલી ચાલી તમો આવીયા, શંભુ ગ્રહો મુજ હાથ. ૧૮
શિવ કહે સાંભળ ત્રીયા, વાત કહું ધર ચંત;
સ્વામિ હારો જીવશે, નથી આવ્યો એનો અંત. ૧૯
મુસ્તક લય ધડ પર ધરો, પરપંચ કરો એ પેર;
હું જીવ કરું એહને, જાવ પધારો ઘેર. ૨૦
મૃગચર્મ શીવે ઢાંકીયું, ઉપર છાંટયું નીર;
આળસ મરડી ઉઠીયો, વડહથ બાવન વીર. ૨૧
આળસ મરડી ઊઠીઓ, રાજસ રૂડો રાય;
શીવે હાથ શીષ મુકીયો, દેવરાજ લાગ્યો પાય. ૨૨
માગ્ય માગ્ય શંભુ કહે, પ્રસન હું તુજને આજ;
દુઃખ ભાગું હું તાહરાં, કરૂં હું હારાં કાજ. ૨૩

બોલ્યો દેવરાજ પછી, સુણો ત્રીલોકી નાથ;
માગું હું એક તમ કને, વચન આપો મુજ હાથ. ૨૪
શીવે વચન ત્યાં આપીયું, કરતા પુરૂષ કૈલાસ;
શુંજુ મનમાં રાખેશ કશી, હું પુરૂ ત્હારી આશ. ૨૫
દેવરાજ કહે આપો તમે, કરો મારૂં એ કામ;
પૃથ્વીમાં રાખો તમે, અવીચળ મારૂં નામ. ૨૬
આ નગ્રલોક ઝુરે સહુ, રાંધ્યાં રહ્યાં છે અંન;
તે માટે સૌ કોઇને, પ્રભુ આપો દરશન. ૨૭
ધનધન હીંમત તાહરી, ધનધન ત્હારી હાંમ;
જુગમાં રાખું જીવતો, નૃપ તાહરૂ નામ. ૨૮
વાત કરતાં નીશા ગઇ, જાવે ઉગ્યો ભાણ;
લોક સરવે આવીયા, ત્રાહીત્રાહી કરતા વાણ. ૨૯
દેવરાજને દીઠો જીવતો, હર્યું દુનીયાનું દુઃખ;
આશિશ દીધી અતીઘણી, સૌકો પામ્યા સુખ. ૩૦
શંભુ દીઠા આગળે, સૌકોએ નાંમ્યું શિષ;
તમ વિના દુઃખ કોણ હરે, સચરાચર જગદીશ. ૩૧
નિરઘોર થયો દુંદુભી તણો, વજ્યો નગારે ઘાય;
કર બાંધીને આવીયો, વજેપાળ ત્યાં રાય. ૩૨
વાંક પડયો પ્રભુ માહરો, કર્યો અતિશે વાંક;
ક્ષમા કરો દોષ માહરો, હું સેવક છું અતિ રાંક. ૩૩
શિવજી કહે સૌ સાંભળો, તરતીબ કરીને તર્ત;
આજ થકી સૌ પાળજો, લોક હમારૂં વ્રત. ૩૪
ભાદરવા સુદી અષ્ટમી, સોમવારનો દન;
ચુલે અગ્નિ ન ઘાલે ત્રીયા, રાંધ્યું ન ખાએ અંન. ૩૫

વ્રત કરે ઉમીયા તણું, કુંવેર ચોળી ખાય;
કંથ કામની સુખ પામશે, વાંઝીયાને પુત્રજ થાય. ૩૬
દરો પુંજે સર્વ કામની, સરોવર કાંઠે ન્હાય;
ચંપાવતિ વ્રત આચરે, શિવ પુંજવાને જાય. ૩૭
રાજ થકી ભમણું કરો, શિવજી કરશે સાહ્ય;
ચંપાવતિનું સત રહ્યું, મુવો જીવાડ્યો રાય. ૩૮
શિવજી ત્યાંથી ચાલીયા, આપે ગયા કૈલાસ;
લોક સર્વે રાજી થયા, પહોચી મનની આશ. ૩૯
સત મુકે નવ માનુની, પુરે ઇશ્વર આશ;
સંકટ ભાગે શાંમળો, વઇકુંઠ પામે વાસ. ૪૦
આશિષ દીધી અતિ ઘણી, અવીચળ રહેજો જોડ;
કર્તા કહે સૌ બોલજો, જયજય શ્રી રણછોડ. ૪૧

ચોપાઇ ૪૨

લોક સર્વ નગ્રમાં વળ્યા, સૌ જનોના તાપજ ટળ્યા;
વજેપાળ કહે દેવરાજ તમો, અધિપતી ન ઓળખ્યા અમો. ૧
વાંક પડ્યો અમારો ઘણો, સેવક હું રાજા તમ તણો;
ઝુરણ લાગી મુજને ઝાળ, રાજકુંવરીની એઠી ગાળ. ૨
હું મહારાજ તમારે શર્ણ, ધરપત માથે મુક્યું ધરણ;
ભુપત પધારો નગ્ર ભણી, ઓળખ્યા નહિ મોરીછકધણી. ૩
ન જાણ્યું મેં આપનું નામ, વણ ઓળખે થયું એ કામ;
અભેસંગ રાજાના તંન, તમો દેવરાજનાં થયાં દરશન. ૪
વણ ઓળખે વઢતા અમે, તેનું દુઃખ ન ગણશો તમે;
ઓળખામણ મોડું સર્વથી, કોડનાર શું કહીએ કથી. ૫

વિચારી નાંખો સરવે વાત, નગ્રમાં પધારો જમાત્ર;
દેવરાજ કહે ન આવું અમો, નગ્રમાં પધારો તમો. ૬
તેનું દુઃખ મુજને નહિ કાંય, તમો પધારો નગ્રજ માંહ્ય;
તમ પુન્ય તણો પરતાપ, સજીવન કર્યો તે આપ. ૭
તમ પુત્રીના પુણ્યે કરી, સૌનાં પાપ લીધાં હરી;
એ અવગુણ ક્યમ આણીએ, લખી મુક્યું તેતો જાણીએ. ૮
મારો સાથ વનમાં રહ્યો, હું એકલો મૃગ કેડે થયો;
પરદેશ આવ્યો ભુલો પડયો, નગર તમ હું આવી ચડયો. ૯
થયું લખ્યું હતું તે કર્મ, આવું નગરનું આવ્યું ધર્મ;
માટે પંથે જઇશું અમો, આપ ઘેર પધારો તમો. ૧૦

દોહરો ૪૩

વજેપાળ કહે દેવરાજને, પાળા કેમ જવાય;
અશ્વ વિના તમો અધિપતી, થાકી જાશો રાય. ૧
અશ્વ આપું ઘણા મુલનો, લાખેણો વસ્તુ પેર;
રાજ પધારો કૃપા કરી, પાવન કરો મુજ શહેર. ૨
પરોણાગત કરૂં પ્રીતથી, સજ્જન સહુ સનમાન;
મહારાજ શોભાવો રાજને, નરપતી રાખી ધ્યાન. ૩
નરપત તમે નવખંડના, પુન્ય પરમારથી પેર;
પુત્રી પરણાવું પ્રીતથી, વળાવું આપ ઘેર. ૪
દેવરાજ કહે ન બોલશો, પરણવાની પેર;
સગાઇ મોકલજો સહેજમાં, મહીપત મારે ઘેર. ૫
હમણા જવા દો મુને, સૈન્ય જુવે વાટ;
દિવસ થયા ઘણા મુજને, અતિ કરે ઉચાટ. ૬

કષ્ટ પડ્યું તે સાંભળો, સૌકો છોડે પ્રાણ;
રાઢ થઇ તે રાયજી, સાંભળતામાં હરે હાણ. ૭

ચોપાઇ ૪૪

વાત મુવા તણી જાણશે, અંતર શોષ ઘણો આણશે;
માટે જાવા દોને તમે, એટલું વચન માગુછું અમે. ૧
રાજા કહે એક કામજ કરો, મુજને મારીને સંચરો;
વજેપાળ ત્યાં ગળગળો થાય, દેવરાજને લાગ્યો પાય. ૨
કટાર આ મારીને જાવ, શિષ ઉડાવી પંથે થાવ;
દેવરાજ કહે શોષ ન આણો તમો, આગ્રહ છે ત્યારે આવું અમો. ૩
રાય લોક સૌ રાજી થયા, ગાજતે વાજતે નગ્રમાં ગયા;
દુંદભી વાગ્યાં ત્યાં ઘમઘોર, વળી રચ્યો નિશાને દોર. ૪
દેખી રાણી હરખી ઘણી, કુંવરી પામી સુંદર ઘણી;
પરોણાગત કીધી બહુ પેર, રહ્યા દેવરાજ રાજા ઘેર. ૫
સાત દીવસ પરોણો રહ્યા, પછી રાજાને વચનજ કહ્યા;
એ વાત રાજા ઘેરં રહી, પેલી સેન્યામાં શી ગત થઇ. ૬
એક વિપ્ર જાતો પુર માંહ્ય, વાત તેણે કીરી જઇ ત્યાંહ્ય;
તે વાઘરાજ આગળ આવ્યો અહીં, વાત સર્વ માંડીને કહી. ૭
દેવરાજ તણી જાણો તમે વાત, વાગરાજ કહે માંડી કહો તાત;
ચંદનાવતિમાં કજીયો થયો, દેવરાજ તે સ્થાનકે મુવો. ૮

દોહરો ૪૫

વિપ્રજ એવું બોલીયો, સુણીને તે વેળા કર્ણ;
વાત સાંભળી વાઘજી, તરતજ ઢળીઓ ધર્ણ. ૧

જાણે જીવ તરફડી ગયો, બેઠા કર્યો નવ થાય;
રૂદન કરે હૈડું હણે, તોય ન ઉઠે રાય. ૨
સેન્યા માંહે સર્વકો, માથાં પટકે ઘણું;
સામંત સર્વ રૂદન કરે, સંભળાય નહિ કણું. ૩
રૂદન કરે સૌ ઘોડલા, હાથી પામ્યા હાર;
મુર્છા સર્વે સેન્ય થઇ, પડયા ઠારો ઠાર. ૪
સવાપહોરે મુર્છા વળી, ઉઠયો બાવનવીર;
રૂદન કરતો વાઘજી, કયમ રાખું હવે ધીર. ૫
વળતો પોતે બોલીયો, સાંભળ મારા ભાય;
વિપ્ર વાત માંડી કહો, મુવો કે જીવે રાય. ૬
વાટ જોજો તમે રાયજી, વડહથ પુઠે વળેશ;
આવું કેડે સ્વર્ગમાં, મામા તમને મળેશ. ૭
પુઠ નહોતી કોઇ તાહારી, પામ્યો અદકુ કષ્ટ;
સેન્યામાં ક્યારે દેખશું, મામા તમને દ્રષ્ટ. ૮
વાળ્યોતો તુજને ઘણું, તમ કોમળ સરખી કાય;
મૃગ કેડે તમ નવ જશો, સુંદીર રૂડા રાય. ૯
કહો વિપ્ર ઇતિહાસ સૌ, સાચું બોલો શુભ પેર;
દેવરાજ ક્યારે આવશે, હવે અમારે ઘેર. ૧૦
વિપ્ર થકી બોલાય નહિ, રૂદન કરે સૌ કષ્ટ;
સ્તબ્ધ થઇ ગયો વિપ્ર ત્યાં, જુવે રૂદન અતિ દ્રષ્ટ. ૧૧
જાણે ઉભુ લાકડું, મુખથી ન બોલે વાણ;
બ્રાહ્મણ મુર્છા ખાઇ પડયો, સમકયો ચતુરસુજાણ. ૧૨
હથિયાર સર્વ સંતાડીયાં, વારે સૌકો જંન;
કલ્પાંત તજો રાયજી, ધીરજ રાખો મંન. ૧૩

વળતો વાઘરાજ બોલીયો, બળીવંત બાવનવીર;
દેવરાજ કોથી ન મરે, ધજવડ સાહસમો ધીર. ૧૪
નિશ્ચે વાત એ નીપની, ખરી ખપની વાત;
અષ્ટમીને દિવસે મને, અજંપો થયો બધી રાત. ૧૫
નિશ્ચે દેવરાજ મારીયો, એના ઝાઝા અને સુઝાર;
પરદેશ નગર એ પારકુ, કોઇ પુઠળ નહોતી વાર. ૧૬
એકલો વળી સામત ઘણા, ગયો ચતુરસુજાણ;
સંગ્રામે ભારે સુભટ, મોડે મહીપતિ માન. ૧૭
સહસ્ત્ર સંગાથે સામટા, સુરા ભડ સામત;
પુઠ બતાવે નવ ઉગરે, સનમુખ આણે અંત. ૧૮
એકલો એ મરે નહિ, મને થઇ એટલી ચીંતાય;
સાકો સૈન્ય આગળ કરી, દેવરાજ સ્વર્ગે જાય. ૧૯
વાઘજી કહે કેમ જીવીએ, મુવો એ રૂડો રાય;
શોધ કરાવું સુભટ તણી, સજ્જન મેળા થાય. ૨૦
વેર લેઉ વડહથ તણું, પાછળ પુઠે મળેશ;
સ્વર્ગમાં મામા તને, નિશ્ચે હું તને મળેશ. ૨૧
કોઈ ના કહેશો મુજ માવડી, ના કરશો જઇ વાત;
સાંભળતામાં સર્વકો, તરતજ તજશે ઘાત. ૨૨
વિપ્રને સૌ વિનવે, બોલો રૂડા બ્રહ્મ;
સાચી વાત હોય તે કહો, ધારણ રાખી ત્રર્મ. ૨૩
નિપજી વાત માંડી કહો, રખિ તું મુખથી બોલ;
વિગત કહો તમે વાતડી, મનનો પડદો ખોલ. ૨૪
ધારણ ન રહે સર્વને, સૌ સામું જુવે સાથ;
પ્રાણ તજશે સર્વતો, માટે બોલો નાથ. ૨૫

ત્યારે વિપ્રે વિચારીયું, વાત હમણાં કહીશ;
પ્રાણ તજે સૌ સાંભળી, હત્યા સૌની લઇશ. ૨૬
માટે વાત કહું નહિ, રાખું મારે મંન;
દિલાસો હમણા દેઉ, જીવેછે રાજંન. ૨૭
એમ વિચારી બોલીયો, વિપ્ર મુખથી વાણ;
જીવેછે તમ દેવરા, સાંભળ ચતુરસુજાણ. ૨૮
ચંદનાવતી નગરી તણો, વજેપાળ છે ભૂપ;
તેની કુવરી ચંપાવતી, દેવાંગના અતિ રૂપ. ૨૯
તે દહાડે અષ્ટમી હતી, સોમવારનો દન;
અસ્વ પાવા સરોવર વિષે, આવ્યો ત્યાં રાજંન. ૩૦
સરોવરમાં નહાતી હતી, દિવસ ચઢગો ઘડી ત્રણ;
મન મળ્યું કુંવરી થકી, સાંભળ વાત તું કર્ણ. ૩૧

ચોપાઇ ૪૬

અધિપતી તમારો ભૂલો પડયો, ચંદનાવતી સીમાડે અડગ્યો;
તે દહાડે અષ્ટમીનો દન, મહીપતી ભૂખ્યો તરસ્યો અંન. ૧
ઘોડાને પાવાને નીર, આવ્યો રાય સરોવર તીર;
તે દહાડે ત્યાં મેળો મળ્યો, લોક સર્વ નહાવા નીકળ્યો. ૨
રાજકુંવરી ન્હાતી જળ માંહ્ય, દેવરાજ આવ્યોરે ત્યાંહ્ય;
ચંપાવતી ચંપકની કળી, ચંદ્ર જેમ બેઠો ત્યાં મળી. ૩
જેમ શશી ઓત્રાયો સુર, જેમ વરાહી આવી પુર;
હસ્તી કદલી પગજ તણો, ગુણવંતીમાં રૂપજ ઘણો. ૪
ભ્રમરી જેમ વછોડી રાન, વાદ લાગ્યો જીભ્યા ને પાન;
વાદ લાગ્યો કમળને રવિ, વાદ લાગ્યો દાતાને કવી. ૫

વાદ લાગ્યો દેવી દાનવી, વાદ લાગ્યો હય કેરો મવી;
નરખી એ જણુ લાગ્યો નાદ, જીમ્યા અમૃત કેરા સ્વાદ. ૬
નારીએ પ્રતિજ્ઞા કરી, આ વરને વરીશુ હરી;
વરતો એ વરને વરૂ, નીકરતો કુંવારી મરૂં. ૭
આણુ મળ્યો બહુ રૂડી પેર, નારી લાવતો હતો ઘેર;
એટલે જાણુ રાજાને થયું, સેન્ય સર્વકો કેડે ગયું. ૮
એકલો ઘેર્યો રણમાં રાય, મર્ણ જીવણુ મુજને નહિ જાય;
મામો તમારો જીવે ત્યાંહ્ય, શોક તજો તમે ચિતની માંહ્ય. ૯
એવું કહીને વિપ્રજ ગયો, દુઃખ સર્વને દારણુ થયો;
વાધરાજ કહે ના માનુ વાત, ખરેખરી ઉતપાતની ક્ષાત. ૧૦
કરૂં દેવરાજનું દરશન, ત્યારે મુખમાં લેવું અંન;
રાવત પાંચસેં સજ થાય, ચંદનાવતિ નગ્ર પર જાય. ૧૧
જીવતા હોયતો તેડી લાવજો, નહિતો વાત અમને કહાવજો;
ખર્યો હશે દેવરાનો વાળ, નગર સર્વનો આણું કાળ. ૧૨
થયું હશે જો દુષ્ટજ કામ, ફોડી નાખીશું એનો ઠામ;
દેશ સર્વ ખેંચીને લેઉં, રાણી રાજ રાવતને દેઉં. ૧૩
સમજાવી ચાલ્યા પંથ, ચતુર દેવરો વિચારે ચંત;
રાજાને માંડી કહી પેર, હવે જાશું અમો અમ ઘેર. ૧૪
રાજાએ શિરપાવજ કીધ, અશ્વ પાણી પંથો દીધ;
શિરપાવ કોડ ટકા સનમુખ ધરી, સગાઇ કુંવરી કેરી કરી. ૧૫
વહેલા આવજો પરણવા રાજ, કરૂં સામગ્રી વિવાહ કાજ;
લગ્ન મોકલીશું વેગે ત્યાંહ્ય, જાન સર્વ લેઇ આવજો આંહ્ય. ૧૬
દળ સઘળું સાથે લાવજો, રૂડે કામે વહેલા આવજો;
રાવત સાથે મોકલીએ અમે, મારગ એકલા કેમ જાશો તમે. ૧૭

માણુસ ન મોકલશો તમતણું, કાંઇ બીક હું ચીતે ન ગણું;
ઝવાર કર્યો ત્યાં સઘળો સાથ, સૌકોએ ઉંચો કીધો હાથ. ૧૮
એમ કહી ત્યાંથી ચાલીયા, મૃગનેણીએ દ્રષ્ટે પાલીયા;
ચંપાવતી કરતી ઉચાટ, દેવરાજ નિકળ્યા તેની વાટ. ૧૯

દોહરો ૪૭

માનુની બેઠી માળીએ, ચંતની ચતુરસુજાણ;
જતા દીઠા જ્યાં રાજબીજ, પદમણી તડફે પ્રાણ. ૧
ઉભા રહોરે અધિપતી, ધણ બોલ્યા કેમ જાવ;
વિસારી કેમ જાવ છો અધિપતી, રંગધારી હો રાય. ૨
મહિપતી ઉભા રહો તમો, તો માને મારૂં મંન;
પલક પુંઠે પંથે જજો, આરોગીને અંન. ૩
વાત ન કરશો હવે તારણી, ખોટી હું ન થાઉં;
અસુર થાય હવે માહારે, અંન હવે નહિ ખાઉં. ૪
ત્રીયા મુજને સંભાળજો, જતન કરજો તમ કાય;
માંન જુહાર હવે માહરો, હુકમ હજુરી થાય. ૫
સ્વામી વહેલા પધારજો, પરણવાને કાજ;
જ્યાં દેખો મુજ જેવડી, ત્યાં સંભાળજો રાજ. ૬
વાટે જાળવીને જજો, રંગધારી હે રાય;
આરાસુરી અંબીકા, કરશે તમને સાહ્ય. ૭
એકસોને દસ નખ, દંત ત્રણસેંવીસ;
તેનો શત્રુ રક્ષા કરે, સમસ્થ તમને શીષ. ૮
પિતા વચન રણમાં રહ્યા, કર્યાં દેવનાં કામ;
દશ ધજે સો કંપીઓ, બીએ કહ્યા રામ. ૯

મસ્તક પાંચ નેત્રે દશ, વેદ ચરણ ભુજ ચાર;
એ કષ્ટ પડે ત્યાં આવજો, વડહથ તમારી વાર. ૧૦
મુક્તાફળ ચારો ચરે, વેદ વશા મુખ જેહ;
નારી તમે વખાણીએ, હરીબ્રહ્મ હોય તેહ. ૧૧
અતબગ ચાર નેત્રત્રમા, આઠ ચરણ ભુજ ચાર;
તે તુજને કરજો સદા, વડહથ તારી વાર. ૧૨
નારી તમે શમસ્યા કહી, જુગત ઉડારણ જીવ;
પનંગ ત્રીયા નંદી ચડયા, ચોથા ઉપર શિવ. ૧૩
એકસો ને આઠ નર, જેમાં મોટો એક;
તેના નામરાશી ઉપર રહે, તે સમર રાખે ટેક. ૧૪
મણકા જે માળા તણા, અઠોતરમાં મેર;
તે નામરાશી ઉપર રહે, નારાયણ તે ઠેર. ૧૫
ઇશ સૂતા માતા પિતા, ત્રીયા વાહન કંથ;
તે તમો રક્ષા કરે, વાટ ધાટ ને પંથ. ૧૬
ઐરાવત ભગની કહી, લક્ષ્મિવર જે કૃષ્ણ;
તે વિકટ વાટે આવી ચઢે, તે પ્રેમદા કહું તે પ્રશ્ન. ૧૭
જોડું દેખે પોતાતણું, જાગે સ્વપનતર થાય;
તેહ તણુ તમ કારણે, દર્ણીયર નામે રાય. ૧૮
દેહ દેખે પોતાતણી, દુર ગયે ન દેખે કોય;
દર્ણીયર નામ તમે કહ્યું, તેતો દર્પણ હોય. ૧૯
દધીસુતમાંથી નીપજે, તેના ભક્ષણનો કરનાર;
વાટ ધાટે રક્ષા કરે, તેતો તમ અસ્વાર. ૨૦
દધીસુતમાં મોતી વસે, હરી ચરી તે જાય;
માંગણ ડહાપણમાં જાળીયો, જામની એ લહાય. ૨૧

શહેર સરખું આરી એક છે, પંખીડો સરદાર;
તેનો ચડનાર રક્ષા કરે, તે દેવ તણો દાતાર. ૨૨
પતંગ અરી આપે ગરૂડ, કર્યું ટીંટોડાનું કામ;
તે ઉપર વાહન કરે, વનિતા એતો રામ. ૨૩

નવ પુસ્તક પણ ત્રણ જાણ, ખટ ચરણ ભુજ ચાર;
દંત હેડોતેર તેહને, તે કરશે તમારી વાર. ૨૪
સિંધુ સુતને સુરપતિ, ત્રીજો સારથી સાર;
સમજો મનમાં સુંદરી, એક વાહન નંહી સ્વાર. ૨૫
સુરપતી વાહનથી નીપજે, સોળ ત્રીયા નર ત્રણ;
તમો આપે સંગત કરૂં, મેં તજીયું સાંભળો કર્ણ. ૨૬

નર પાસા અી સોગટાં, ચાર દીશા ચો રંગ;
દિવસો જાએ નહિ, તમો ત્રીયા કરજો સંગ. ૨૭
પ્રિત ચતુરાઈ કર્મ સુભ, પ્રથમક્ષરનું કાજ;
તેહ તણુ તમ કારણે, અધિપતી મેં તો આજ. ૨૮
પ્રીત પાન ચુનો ચતુર, કર્મ કાથો સોપારી શુદ્ધ;
તે કેમ તજો તમે તારૂણી, રંગ વધે બહુ બુદ્ધ. ૨૯
એમ આશિષ દીધી અતી ઘણી, ખબર મોકલજો રાજ;
સ્વામી વહેલા પધારજો, આપ પરણવા કાજ. ૩૦
ત્રીયા મુજને સંભાળજો, ચતુરા તજજો ચંત;
ઝવાર કરી દેવરાજતો, વળતો વળ્યો પંથ. ૩૧
અંગાધર ફિરટા રહે, ના ઘણ સુકતો સાણ;
સોમત હું તમ પાઠવો, તમે રહેજો ચતુરસુજાણ. ૩૨
અમો તમને સંભાળશું, તમને નહિ ભુલું લગાર;
જેમ નાગરવેલના પાનને, સંભાળે સો વાર. ૩૩

સ્વામી તમે મારે મન એકલા, મુજ સરખી નવલાખ;
બપૈયા પીયુ પીયુ કરે, મેઘ ન જાણે દાખ. ૩૪
સજ્જન વહેલા પધારજો, પરણવાને કાજ;
અમ સરખું કંઇ કહાવજો, રૂડું આપનું કાજ. ૩૫
રૂદન કરે બહુ તારૂણી, ઉભા રહોને કંથ;
મુખવાસ લઇ મુજ હાથનો, પીયુ પધારો પંથ. ૩૬
બીડું વાળ્યું બુદ્ધવંતીએ, પ્રીતે મુકી પાન;
માનીતીએ મોકલ્યાં, દેઇ ઝાઝાં માન. ૩૭

ચોપાઇ ૪૮

લીધાં પાન પંથે હાલીઓ, ચતુર મારગ માંહે ચાલીઓ;
ગોખે બેઠી નારી રૂએ, ઊભી થઇ રાજાને જુએ. ૧
ત્રી બેઠી નાખે નિશ્વાસ, દેવરાજ દેખે ત્યાં પાસ;
વાટે એકલા કઇ પેર જશે, કયે દહાડે અહીંયાં આવશે. ૨
જુવે રાયને ઉભી થાય, પાછું જુવેને ચાલે રાય;
ખાડ ચોટ કરી પંથે હાલતો, ઘડી એક જોજન ચાલતો. ૩
આવે નગર ત્યાં ઉભો રહે, કોણ નગરમાં રાજા રહે;
વળી રાય નગરનું પુછે નામ, ગુણવંત તે લખે ગામ. ૪
અશ્વ પોતાના આવ્યા ત્યાંહ, તે મળીઆ આ વણમાંહ;
અંગરખા પોતાના મળ્યા, ભુપત તેની માંહે મળ્યા. ૫
રાવતને માંડી કહી પેર, વળીઆ પાછા સર્વે ઘેર;
દિવસ એકબે વાટે થયા, રાય સૈન્ય પડી ત્યાં ગયા. ૬
આવ્યા આપ મોરીછક ધણી, સૈન્યા સર્વ ત્યાં હરખી ઘણી;
મામો ભાણેજ આવી મળ્યા, તાપ સર્વેના મનના ટળ્યા. ૭

દોહરો ૪૯

વાત કરી વિગત તણી, વડહથ બાવનવીર;
સંકટ પડયું તે સાંભળી, નયણે આવ્યું નીર. ૧
રાય દેખી સૌ હરખીયા, રાવત સઘળા સાથ;
મળી બેઠા સૌ એકઠા, આવ્યા નરપત નાથ. ૨
અવતાર ફરીને લીધીઓ, જાનુની કેરી કાય;
નિરગોર થયો દુંદભી તણો, વાગ્યાં નગારે ઘાય. ૩
મશાણે ગયાં મડદાં દોહ્યલાં, એ આવ્યા પાછા ઘેર;
દણીયેર જીવાડયો દેવરા, મહાદેવે કરી મહેર. ૪
રાવત સૌ રાજી થયા, રહ્યો સર્વનો ધર્મ;
વિપ્ર મળ્યા સૌ દેશના, ભાગ્યે રૂડે બ્રહ્મ. ૫
સર્વેકો જુગતે જમે, મહિપતે દીધું માન;
મહોર એકેકી મુઠીએ, દીધું દક્ષણા દાન. ૬
બ્રાહ્મણ સર્વે ભેગા થઇ, સોકો દે આશીષ;
તેનો શત્રુ રક્ષા કરે, દોય ચરણ ભુજ વીશ. ૭

श्लोक

सुरवाहन भाग्नि कंथो ताभारजा वंधो ।
तालखीओ ललाट राजा आऊस तुज वधो ॥१॥

ચોપાઇ ૫૦

વિપ્રે ત્યાં દીધી આશિષ, રાજા જીવો ક્રોડ બત્રીસ;
એમ કહી સૌ વિદાયે થયા, રાવત રાજા નગરમાં ગયા. ૧

લોક સર્વેકો રાજી થયું, દુઃખ સર્વ નગરનું ગયું;
સજ્જન સહોદરને ભેટીયા, તાપ સર્વના તે કાપીયા. ૨
માંડી કહી ભગ્નીને પેર, કરી રહ્યા પોતાને ઘેર;
એહ વાત શત્ર ઘેર રહી, એટલે વાત એક બીજી થઇ. ૩
પોરલ નગર નામે દેશ, જીવરાજ રાજા નરેશ;
દેહીરાજ બંધવ જેહનો, સખમાની સેન્યા તેહનો. ૪
બારસેં અશ્વ બાબરીયા ઘણા, ભાઇ ભત્રીજા પોતા તણા;
ઘણી લક્ષ્મિ ઘણું ઘરસુત્ર, પેટ નહિ રાજાને પુત્ર. ૫
તેણે જઇ ઉપાસ્યા હરી, કમળપુંજા લાખેણી કરી;
ખટ માસ એ પુંજા કરી, શંભુ ફળ્યા આપી દીકરી. ૬
ઘરડું ત્યાં ઘર સુત્રજ થયું, મહેણું વાંઝીયા કેરૂં ગયું;
રૂપ જેવું કમળને કામ, ચંપલદે પાડયું છે નામ. ૭
ઘડીએ વરસે વધે કન્યાય, જોબનરૂપ કર્યું નવ જાય;
બત્રીસ લક્ષણી રૂપ અપાર, કુંવરીને વરસ થયાં બાર. ૮
કાળ પડયો તે ધરતી માંય, દુઃખ પામવા માંડયું ત્યાંય;
સભા ભરી બેઠો ત્યાં રાય, તેડયા સર્વ પોતાના ભાય. ૯
બોલ્યો તે વેળા જીવરાજ, કહો ભાઇ શું કરવું કાજ;
અહીંઆં રહે અર્થ નવ સર્યો, કોઇ એક દેશ પ્રોયાણજ કરો. ૧૦
સૌના મનમાં વાતજ ગમી, સૈન્યા સર્વ ત્યાં કીધી સમી;
કહો રાજા જાશું કોણ ગામ, ઠેકાણું બતાવો ઠામ. ૧૧
તવ બોલ્યા નગરના ધણી, ચાલો સર્વ મોરીછક ભણી;
મોટો રાજા દુઃખભંજન ખરો, અનવસ્ત્ર મેરાબણ ભરો. ૧૨
લીલીનાગોર છે જે ઠાર, અંન પાકે ત્યાં બારે સાર;
કાળ સર્વ દેશમાં પડે, તે સ્થાનક તે આવી ચડે. ૧૩

દોહરો ૫૨

અભેસંગ રાજા તણો, નરપત દેવરો નામ;
લીલીનાગોરનો ધણી, કરે પરમારથી કામ. ૧
એનું અન્ન ખાવુ નથી, નથી કરવી એની આશ;
ધન આપણું ભાગીશું, રહીશું એની પાસ. ૨
સર્વે સાચું માનીયું, રાજા રૂડી પેર;
ત્વરત કહેતાં સજ થયા, નવ રહ્યું કોઇએ ઘેર. ૩
નગર પડો વજડાવ્યો, કોઇ સાથે આવે જંન;
રાય સંઘાતે પરવરે, તેને પુરે અન. ૪
સૌકો સાથે સંચર્યા, મુકયો ધરનો ઠામ;
લીલીનાગોરજ તણી, સૌકો કર્યો મુકામ. ૫
દિવસ આવ્યા જ્યારે દોહીલા, રૂઠયા જ્યારે રામ;
મુકયા મહેલ ને માળીયાં, ધડપત મુક્યાં ગામ. ૬
દિવસ વસમો આવીઓ, માણુસ માણુસને ખાય;
વિકટ વેળા આગળ કરે, વહાલો પુત્ર કે ભાય. ૭
રાજા કહે ક્યારે આવીશું, નગર પોતાને દેશ;
હું ક્ષત્રિ કોઇને ન નમું, કરૂં પર નગર પ્રવેશ. ૮
ક્ષત્રિવટ સૌથી ખરી, નમ્યું નવ આપે રાય;
મુવા કેડે સામટું, ઉથલપાથલ થાય. ૯
પ્રભુ પાડે શીર ઉપરે, તે માનવી સહે કાય;
નગર તણી પુંજા કરી, પથે પરવર્યો રાય. ૧૦
મુક્યુ નગર મેડી માળીઆં, શોભા અદકી હોય;
ક્ષત્રિવટ સૌથી ખરી, કળી ન શકે કોય. ૧૧

ચોપાઈ પર

મુક્યાં નગર મેડી માળીયાં, મુક્યાં મહેલ મંદીર જાળીયાં;
મુકી દેશ પોતાનું ગામ, મુક્યું ઠેકાણુંને ઠામ. ૧
વિકટ વેળા આવી જ્યાહરે, વતનમાં રહીને શું કરે;
કાળ પડ્યો સૌ ઠામોઠામ, મહિપતીએ મુક્યું તે ગામ. ૨
વિમાસણ કરતો એમ વળ્યો, ગામ મુકીને પંથે પળ્યો;
વડહથ મારગ પોતે વહ્યો, લીલીનાગોર સમીપે ગયો. ૩
નગર જોતા સૌ ઠામોઠામ, ગયા સર્વકો પાટણ ગામ;
લીલીનાગોર જોયું રાજન, મહિપતનું ત્યાં માન્યું મન. ૪
દીઠું નગર ત્યાં ઝાકઝમાળ, સુંદર ત્રઠ સરોવર પાળ;
કોટ કાંગરા ઝળકે અતિ, નગર લોકની નીર્મળ મતિ. ૫
ફુલ્યાં કમળ સરોવર માંહ્ય, બાબરીયા ઉતરીયા ત્યાંહ્ય;
બાંધ્યો નેહડો તેણે ઠામ, સર્વ કોઇએ ત્યાં કર્યો મુકામ. ૬
સાથ સર્વ તે સ્થાનક રહ્યો, જીવરાજ નગરમાં ગયો;
પાંચસેં ઘોડે કર્યો પીયાણ, ભલા ઠાઠથી ચાલ્યો જાણ. ૭
નગર લોક સૌ જોવા જાય, કોઇ પરદેશી આવ્યો રાય;
રાય સભામાં જાણજ થયું, સર્વ કોઈ તે સામું ગયું. ૮
કર્યો ઝવાર સૌ રૂડી પેર, તેડી લાવ્યા પોતાને ઘેર;
નાખ્યા ગલેચા કચેરી માંહ્ય, સૌકો આવી બેઠા ત્યાંહ્ય. ૯
દેવરાજે દેખાડ્યું હેત, ઘરસુત્ર મહારૂં દેહ સમેત;
રાજ દરબારની હતી જે રીત, એથી અધિક બતાવી પ્રીત. ૧૦
દેવરાજ કહે આવ્યા કોણ કાજ, પાવન કરવા અમને આજ;
અમ સરખું કહોને કામ, આ નગર સભા તમારો ઠામ. ૧૧

જીવરાજ બોલ્યો તેણીવાર, સાંભળો આપ રાજકુમાર;
કહું વાત મનમાં તે ધરો, કામ એક અમારૂં કરો. ૧૨
અંન વૃષ્ટી અમ દેશમાં પડી, માટે સ્થાનક તમ આવ્યા ચડી;
નગર દીઠું વળી રૂડા ઠામ, નરપત સુણ્યું આપનું નામ. ૧૩
દેખીતા છો રૂડે રૂપ, ભાગ્યશાળી છો બારે ભુપ;
તમ દેશમાં પાક્યું છે અંન, વિચાર કરી આવ્યા રાજંન. ૧૪
લીલીનાગોર ધન્ય તમારો દેશ, કાળ ન કરી શકે પ્રવેશ;
ધન લક્ષ્મિ અમ પાસે બહુ, નગર સાત લાવ્યો છું સહુ. ૧૫
એ હકીકત છે માહરી, શર્ણાંગત આવ્યો તમ ભણી;
અમો કોયની ન રાખું આશ, વસવા આપો સુંદર વાસ. ૧૬
નગરમાં નહિ આવું અમો, બહાર ઠેકાણું આપો તમો;
દેવરાજ બોલ્યો તેણીવાર, આપુ રૂડા રહેવા ઠાર. ૧૭
અહીં આવ્યા તે મારે ઇશ, તમને રાખું મારે શીષ;
માણુસ માણુસને આવે કામ, ક્યાં આવવા તમે મારે ઠામ. ૧૮
વિકટ વેરા તમને ન હોય, આ સ્થાનકે કેમ આવે કોય;
કોણુ અમેને કોણજ તમે, ઈશ્વર કરે તે માણુસ ખમે. ૧૯
માટે તમે આવ્યા આ ગામ, અમો સર્વે તમારે નામ;
આપુ ઠેકાણું નગર મોઝાર, આવો સૌકો આણે ઠાર. ૨૦
જીવરાજ કહે કહીએ શું કશુ, આ નગર માંહે અમો નહિ વસુ;
દેવરાજ બોલ્યા તેણીવાર, જાવ બતાવું સુંદર ઠાર. ૨૧
ઉઠયા બાબરીયા કર્યો ઝવાર, આવ્યા સર્વ પડયું જે ઠાર;
આવી શુભ બતાવ્યો ઠામ, પડયા વેગળા કોશજ ગામ. ૨૨
રહ્યા તે સ્થાનક પર ઠરી, રાય સામુ જુએ નહિ ફરી;
દિવસ દસ પંદર વહી ગયા, નવરાત્રીના દિન આવીયા. ૨૩

દોહરો ૫૩

બાદરવો ભલી પેર ગયો, બીજુ પોક્ષણુ પાસ;
સરાદ પક્ષણુ સૌકો કરી, આવ્યો આસો માસ. ૧
દિવસ આવ્યો દેવી તણો, પરથમ પડવો પેર;
ઉપવાસ કરે સૌ માનવી, માતા આવે ઘેર. ૨
માનવ તણી સૌ નારીઓ, ટોળે અદકી થાય;
સામાન લેવા સૌ શહેરમાં, ઓલેઓલાં જાય. ૩

ચોપાઈ ૫૪

સૌ માતા વાવે અપવાસજ કરે, સામાન લેવા પુરમાં વળે;
નારી નેહની નગરમાં ગઇ, તે પુઠે ચંપલદે થઇ. ૧
સૌ કહે બાઇ ન આવશો તમો, તમને કંઇ જાળવશું અમો;
સતી પુત્રિ છે રાજકુમાર્ય, ના આવશો તમે નગ્ર મોઝાર. ૨
હાર્યા દોર્યામાં નવ રહી, ને કુંવરી સૌની કેડે થઇ;
ઘેરી કુંવરી વચમાં નાર, ગયાં સર્વકો નગ્ર મોઝાર. ૩
આપ આપના ગ્રહાક કર્યા, તે તેને હાટે પરવર્યા;
નગ્ર રાયનો મોદી જેહ, રહેતો મહેલ આગળ તેહ. ૪
સૌકો કહે ન કરશો ઉચાટ, બેસી રહો બાઇ આણે હાટ;
ભાળવણી પેલા શેઠને કરી, નારી સૌ પુરમાં પરવરી. ૫
રાજકુંવરી તે સ્થાનક રહી, સ્ત્રી સર્વે વેરાઇ ગઇ;
દેવરાજ બેઠા સર્વ સભાય, જુગ્તેથી યાચક ગુણ ગાય. ૬
પવન સંચર્યો પ્રવેશજ કરી, પીમળ કસ્તુરી ત્યાં પરવરી;
પ્રીમળ પદમણી કેરી જાય, સર્વ સર્વની સુંઘે કાય. ૭

દોહરો ૫૫

કસ્તુરી મ્હેકે ઘણી, વળી બ્હેકે બરાસ;
અત્તર ઉડે અતિ ઘણું, પદમણી કેરી પાસ. ૧
ખુસબો ઉડે અતિ કારમી, દેવ પુષ્પની વૃષ્ટ;
નારી નજરે ત્યાં પડી, દેવરાજની દ્રષ્ટ. ૨

ચોપાઇ ૫૬

નજર રાયની ગઇ બહાર, ત્યાંતો બેઠી દીઠી નાર;
રૂપ જેવું કમળને રવી, રૂપ જેવું દેવી દામની. ૧
રૂપ જેવું તનયા નાગણી, રૂપ જેવો હૈયાનો મણી;
રહ્યો રાય રૂદીયામાં મોહ, મુર્છા પામ્યો નારી જોઇ. ૨
રાવત આગળ રાજા કહે, કોણ નગર એ નારી રહે;
રાવત આગળ કહે છે રાય, વણીક હાટ આ વેળા જાય. ૩
કોણ નાતની કોણ જાત, વિગત વિગતની પુછો વાત;
મંદીર તજી આવ્યાં કોણ માટ, ક્યમ બેઠાં છે વણીક હાટ. ૪
ભાણેજ વિગતથી પુછો ભાઇ, કોણ પુરૂષ એ માથે રાય;
કોણ રાજની એ રાજ કુમાર્ય, પુછી લેજો એનો પાર. ૫
કેમ બેઠાં છે આણે ઠાર, પરણી કે કુંવારી નાર;
ભાણેજ કહે મામા સાંભળો, મુકોદો મનનો આંમળો. ૬
સભા સર્વ બેઠી છે રાય, એહ વાત હમણાં ક્યમ થાય;
સભા સર્વ કરો વિદાય, સમશા સોરઠા નાખો રાય. ૭

દોહરો ૫૭

વાઘરાજ પ્રત્યે કહે વિગત, ઇશ્વરે આપ્યું સોય;
અવતાર રૂપે અતિ ઘણું, તો તેને મણુના હોય. ૧

સંસારમાં શોભતાં, રૂપ અતિ પ્રચંડ;
ગતિ ઘણી હોય તેહમાં, ગાહલ માંહે ગુંડ. ૨
કદરૂપે કર્મે અતિ, બુદ્ધિ ઘણેરી હોય;
ધેરઘેર ઘહેલા અતિ ઘણા, સોમાં સુરો કોય. ૩

ચોપાઈ ૫૮

રૂપ ઘણું આપ્યું જેહને, બુદ્ધિ ઘણી હોગે તેહને;
આપ્યું હોય કીરતારે કર્મ, મતિ મનોહર રૂપે બ્રહ્મ. ૧
રૂપ કમળ બેઉ એહને, ડહાપણ ઘણું એની દેહને;
રાજા મુખથી બોલ્યો વાણી, સાંભળજો સૌ ચતુરસુજાણ. ૨
સર્વ સભા ઠેકાણે થાય, આપ આપના મંદીર જાય;
રાવત સર્વકો મંદીર ગયા, મામો ભાણેજ સભામાં રહ્યા. ૩
રીઝયો ઘણું મોરીછક ઘણી, ચતુરાઇ જોઇ નારી તણી;
ધનધન તુજ જાણનાર, એવું માનવ કરે સંસાર. ૪
કારીગરી રાયે અદકી કરી, ત્રિયા તોય નવ પાછી ફરી;
પણ ડહાપણદાર કેમ રાખે દાવ, ઘટતો રાજા બોલ્યો ઘાવ. ૫

છપ્પો ૫૯

માનસરોવર માંહ્ય, થયાં મૂક્તાફળ સ્વાંતે;
હરિ ચરે છે કાંય, હાટે હાટે રહેતે.
મોંઘા વરસે મેહ, માન સરોવર જ્યારે;
હરી ચરે છે ત્યાંહ્ય, મણી તલમાં ધા કારે.
છીપ તણો સંસાર આ, વીધાં વીગતે નવ ચડે;
તે દરીયામાં જ્યાહરે, સરદ પુનમનો મેહ પડે.

દોહરો ૬૦

ઉઠયા ત્યાંથી નરપતી, આવ્યા નારી પાસ;
વાઘરાજને દેવરાજજી, આવ્યા વણીક અવાસ. ૧
નરપતી કહે નારી સૂણો, કોણ તમારી જાત;
અહીંયાં કોણ કામે આવીયાં, તે કહોને તમે વાત. ૨
કોણ તાત તમારો, નારી કહોને નામ;
આટલા દિવસ કયાં રહ્યાં, કયા રાજાને ગામ. ૩
કોણ નગરપતિ રાજીઓ, પરણ્યો રૂડી પેર;
પટરાણી કરી રાખીયાં, ગુણવંતી કોયા ઘેર. ૪
નરપતી નારીથી છોટો હશે, કે દુઃખ પામ્યાં હશે દેહ;
એકલાં કેમ પંથે પળ્યાં, વનિતા બાળેવેશ. ૫
પાસે નહિ કોઇ પ્રેમદા, રાખણ નહિ કોઇ દાસ;
આટલા દિવસ તમે કયાં રહ્યાં, વનિતા કોણજ વાસ. ૬
મંદીર કેમ મૂકયું માનુની, મુલક તજયો કોણ માટ;
બુદ્ધિવંત બેશી રહ્યાં, કોણ કારણ આ હાટ. ૭
નારી કહે નરપત સુણો, કેમ જોવી પડે છે જાત;
પડપુછ કરો કેમ આવડી, કરો શું વિગત વાત. ૮
ત્રિયાને અધીપતિ કહે, ચતુરા ચતુરસુજાણ;
પદમણી માટે પુછીયું, પંચે કયું પરમાણ. ૯
આ નગર લીલીનાગોરમાં, નથી તમ જેવી નાર;
પ્રેમદા થાયે પદમણી, ઘેરઘેર જોઇ ઠાર. ૧૦
દીઠાં નથી અમે નગરમાં, જુવંતી તમ જાત;
વણીક હાટે બેઠાં તમો, પુછ્યું તેણે માટ. ૧૧

રૂપ નહિ એ રાંકનું, કોઇ રાજા તણી કુમાર્ય;
અંસય પડ્યો અતિ બામની, ઠીક બતાવો ઠાર. ૧૨
ચંદ્ર ઉતર્યો ત્રિયા ધડ પરે, દણીયર દેવરો રાય;
નેણબાણ વાગી રહ્યાં, અંપલદેને રાય. ૧૩
ચંપલદે તવ બોલીયાં, રૂડી રાજકુમાર્ય;
ચિત ઠર્યું રાજા પરે, તે નજર ન ચુકે નાર. ૧૪
મને મોહ્યા મોરીછક ધણી, દેવરૂપ દાતાર;
અત્રે તમો શહેરમાં, ઘેરઘેર પદમણી નાર. ૧૫

સોરઠો ૬૧

ચતુરા મળી એ ચાર, પ્રિત પરાણે પલટી;
એતો ખાંડા કેરી ધાર, પરસ્ત્રી પ્રીતલડી. ૧
ચૌટે હાટ એ ચાર, ગુંથેલ ગોર મલશે;
ગુણની વાળેલ ગાંઠ, દાંગે ન છુટે રાજવી. ૨
નેણ અંકુશ બાણ, મારી પાંપણો પરછા કરે;
મન વહેનાં વાગ્યાં બાણ, દેવરાજ દ્રષ્ટે પડ્યા. ૩

દોહરો ૬૨

તમે અમને કેમ ઓળખ્યા, મેં નથી જાણ્યું તમો નામ:
કોણ કારણ અહીં આવીયાં, કેમ બેઠાં આ ઠામ. ૧
કોણ તાત તમારડો, કેમ પળીયાં પંથ;
કોણ નગર તમ દેશડો, કયો નગર પતિ કંથ. ૨
નાં કહે અધિપતી સુણો, પોરલપુર મુજ ગામ;
જીવરાજ તાત મારો, ચંપલદે મુજ નામ. ૩

બાબરીયા સાખે અમો, જાહેર અમારી જાત;
ક્ષત્રિવટ સૌથી ખરી, સાચી કહું છું વાત. ૪
કાળ પડયો મમ દેશમાં, પળીયા માટે પંથ;
આ સ્થાનક અમે આવીયાં, કર્મે લખ્યા તમે કંથ. ૫
પરણું તમને પ્રિતથી, ઇશ્વરે રાખ્યુ આપ;
બીજા પુરૂષ પૃથ્વી વીશે, મારે ભાઇને બાપ. ૬
જોડું ઇશ્વરે આપીયું, પરણું રૂડી પેર;
પટરાણી થઉં પ્રીતથી, રહુ તમારે ઘેર. ૭
રીઝયો ઘણું મન રાયજી, અને હૈડે હરખ ન માય;
વનિતાને વરવા તણો, આનંદ અદકો થાય. ૮
લવીંગ સોપારી સોરઠી, બીડલે બાસઠ પાન;
દાસી સાથે મોકલ્યાં, દેવરાજે દેઇ માન. ૯
અધિપતીને ત્રીયા કહે, માનો મુજ ઝવાર;
સામન લેઇ આવી સર્વે, નેહ તણી સૌ નાર. ૧૦
સ્વામી મુજને સંભાળજો, કો વેળા કોઇ વાર;
મળવા કારણ આવજો, નેહ પડયો તે ઠાર. ૧૧

ચોપાઇ ૬૩

મુજને હવે મળવા આવજો, સમાચાર રૂડા કહાવજો;
ઘડી નહિ વીસારીએ અમો, તલમાત્ર ન ચુકુ તમો. ૧
રોજ નીંદ્રા ન આવે રાય, મને ઘડીએક સો વર્ષ થાય;
ભુપત વિના ભોજન કેમ ભાવશે, દિવસ મારો કેઇપર જશે. ૨
ધરપત રાખજો મુજસુ ધ્યાન, પ્રેમદા સાથે મોકલજો પાન;
કામ દાસી સાથે કહાવજો, મુજ ડેરે મળવા આવજો. ૩

સંભળાવું મારા તાતને, પછી કહું વાત આપને;
મોટા એ મોરીછક ધણી, કીર્તિ એમની કાને સુણી. ૪
એવું જઇને કહીશું અમો, ડેરા બહાર નહિ દેમો તમો;
પુર્વ જન્મના સંચર્યા પ્રતાપ, એકાંત નગ્રમાં મળીઆ આપ. ૫
ઘડી અળગી નવ મુકે તાત, તમ સાથે કેમ થાગે વાત;
માલમ કોન ત્રીજે નવ થાય, સ્રીપુરૂષ ક્યાં મળશું રાય. ૬
રાજા કહે ધીરજ રાખો મન, મળશું આજથી આઠમે દન;
ભદ્રકાળીનું સ્થાનક જહી, નગર સર્વેકો મળશે તહી. ૭
આપવાસ મુકે નવરાત્રી તણા, નહિ મહાદેવીમાં મણા;
સ્વારી લેઇ ત્યાં આવું અમો, દરશન કાજે આવજો તમો. ૮
દિલથકી ત્યાં લાગ્યો દાવ, રીઝયાં ઘણું ચંપલદે રાય;
ઘડીએક એ વાતો કરી, એટલે સ્રી પાછી ફરી. ૯
સામન લેવા નગ્રમાં ગઈ, સર્વ કોઇ ત્યાં ટોળે થઇ;
ચંપલદે બેઠીતી જ્યાંહ, નારી સર્વે આવી ત્યાંહ. ૧૦

દોહરો ૬૪

નેહ તણી સૌ નારીઓ, ગઇતી નગ્રની માંહ;
સામાન લેઈ આવી સર્વ, કુંવરી બેઠી જ્યાંહ. ૧
બઇ પધારો નેહડે, રાજસ રૂડી પેર;
તમને તેડી લાવ્યાં અમો, જઇને સુંપીએ ઘેર. ૨
ચંપલદે કહે જાવો તમો, સાંભળો રૂડી નાર;
હમો એકલાં આવશું, રાજ અમારે બાર. ૩
જીવરાજ વાટ જુએ ઘણી, અદકો કરે ઉલાટ;
વિઘ્ન થાય કંઇ વાટમાં, ઘટે સરવનો ઘાટ. ૪

ચોપાઇ ૬૫

ચાલો બાઇ ઉઠોને આજ, ચિંતા કરતા હશે જીવરાજ;
અમને સાંપ્યાં રૂડી પેર, જઇ સોંપીએ તમો ઘેર. ૧
ચંપલદે કહે જાઓ તમો, હમણાં અહીં બેસીશું અમો;
સૌ કોઇ એ શી બોલ્યાં વાત, રીશ કરે તમારો તાત. ૨
સર્વ કોઇ ત્યાં વળગી નાર, ખેંચી ચાલી નગરથી બાર;
કુંવરી લેઇને સર્વે વળ્યાં, નગર મુકીને નેહે ગયાં. ૩
કુંવરી બેઠી ઉરા માંહ્ય, કલ્પાંત કરવા માંડયું ત્યાંહ્ય;
દાસી કહે કુંવરીને વાણ, કલ્પાંત કરો કેમ તમે સુજાણ. ૪
સાંભળ સૈયર મારી વાત, દેવરાજ વિન બંધવ નર ભ્રાત;
એમ કહીને ચિતે ધરે, દેવરાજને જપતી ફરે. ૫
લખ્યું હશે તો પરણુશો રાય, સાંભળ કનકાવતિ મુજ માય;
નર જે અવની વિશે જાત, દેવરાજ વિના મુજ ભ્રાત. ૬
એહ વાત નારી ઘેર રહી, રાજદ્વારે શી ગત થઇ;
દેવરાજનું ન રહ્યું દ્રઢ મન, ન આવે નિંદ્રા ન ભાવે અંન. ૭
રાજા ભાણેજ વાતો કરે, ચંપલદે મુખ આગળ ફરે;
મન મારૂં સ્થીર ન રહે ભાય, ઘડી એક સો વરસજ થાય. ૮
એમ બે જણ કરે બહુ વાત, વિતી રાત ને થયો પ્રભાત;
એટલે સુર્ય થયો ઉદય, બળે દેવરાજનું હ્રદય. ૯

દોહરો ૬૬

પ્રાતસકાળે ઉઠીયા, સભા ભરી તે રાય;
નૃત કરે ત્યાં વારંગના, રાગ પ્રભાતિ થાય. ૧

ડાબે પાસે બેસીઆ, નંદીનંદ પ્રધાન;
વાત કરે સૌથી વડી, રાખે કુંવરી શું ધ્યાન. ૨
વળી ભાણેજ પોતાતણો, બેઠા જમણે હાથ;
નજર રાખે સભા વિષે, ચિત ચંપલદે સાથ. ૩
ભાળે પાછુ ભૂપતિ, નજર નિહાળે હાટ;
આ સ્થાનકે આવ્ય ફરી, ચંપલદે મુજ માટ. ૪
નેણ ચોદિસ ફેરવે, અદકો કરે ઉચાટ;
ભમતિ દેખું ભામનિ, ચંપલદે આણી વાટ. ૫
વાગરાજ સાથે વાતો કરે, મને એકે ન સુઝે કામ;
ક્યારે દેખીશું કામનિ, ફરીને આણે ઠામ. ૬
દ્રઢ રાખો મંન રાયજી, પલકતણી એ પ્રિત;
કુંવારી એ કામની, રાજદ્વારની રીત. ૭
ગરીબ હોય ઘરધોડીઓ, તેહતણી હોય નાર;
વ્યભિચાર વહાલો સર્વને, તે નવ નિસરે બાર. ૮
ચતુરની ચિતે ચઢી, ચતુર રાખે ચંત;
ગાંઠવાળી ગુણવંતીએ, એ કેમ મુકશે અંત. ૯
સ્નેહ બંધાયો તેહનો, સમ ખાધા સત્ય માટ;
પરણશે તમને પદમણી, રાય તજો ઉચાટ. ૧૦

ચોપાઈ ૬૭

મામો ભાણેજ બે વાતો કરે, ધરપત ધ્યાન રૂદેમાં ધરે;
વાત ગાંઠ ચતુરા થાય, મળી બેઠા રાણાને રાય. ૧
લીલિનાગોર જેમ ઈંદ્ર શોભાય, જુગતેથી યાચક ગુણ ગાય;
સર્વ થકી દિલ રાખે ઘણું, સ્મરણ કરે ચંપલદે તણું. ૨

વાતચિત નવ સુઝે અમ, પ્રિયા પ્રિયા મુખથી કે નામ;
ચંપલદે શું કરતી હશે, કાલે મેળો આપણ થશે. ૩
વાઘરાજ સાથે કરે એમ વાત, કેઇપર દિન જાશે પ્રાત;
મધ્યાનકાળ થયો જ્યાબરે, સર્વ સભા ઉઠી ત્યાબરે. ૪
ફેરવ્યું બીડું સર્વ સભાય, પાન ફુલ વહેંચ્યાં ત્યાં રાય;
કરી સલામ સૌ રૂડી પેર, ગયા પ્રધાન પોતાને ઘેર. ૫

દોહરો ૬૮

પ્રધાન સભાથી ઉઠીયા, ઉઠયા નરપત નાથ;
જુહાર કર્યો સર્વે જુગતેથી, રાવત સઘળો સાથ. ૧
મહારાજ પધારો મહેલમાં, કરો ભોજન જઈ સાદ;
અંન ખવ્યારથી માનવી, ઓસંક જેમ બહુ આદ. ૨
જમ્યા જુગતથી રાયજી, બીડાં બેઉ કર લીધ;
આમો સામેજ ઉઠીયા, પિયાંણુ એકાંતે કિધ. ૩
એકડંડા અવાસપર, બેઉ ગયા એકાંત;
વાત કરવા વનિતા તણી, ભાગવા મનની ભ્રાંત. ૪
વાઘજી સાથે વાતો કરે, નારિશું લાગ્યો નેહ;
વરૂં તો એણે વરૂ, નહિ તો પાડું દેહ. ૫
એવી નહિ ત્રિલોકમાં, અવનીપર નહી નાર;
કર્મ સંજોગે લાવિયા, બાબરીઆ આ હાર. ૬
ઉપાય એક આપણુ કરો, પ્રપંચ કરો અતિ પેર;
કસુંબાને મેષે કરી, જઇએ બાબરીઆ ઘેર. ૭
ચંપલદે બેઠી હશે, નારી નેહજ માંહ;
આપણ જઇએ આ ઘડી, તરતજ મળશે ત્યાંહ. ૮

ત્યારે ભાણેજ બોલીયો, સાંભળો રૂડા રાય;
આપણ પરથમ એહના, મંદિર કેમ જવાય. ૯
બાબરીઆ આડા ઘણા, ખોટી સાંભળે ખ્યાત;
સ્ત્રી કારણ આવીયા, વિપરીત થાયે વાત. ૧૦
કુંવારી એહ કામની, અધિક એની હાડ;
વાત થાયે વનિતા તણી, મોટી થાયે રાઢ. ૧૧
નિચપણા થઇ નરપતિ, હલકુ પીપળ પાન;
બાબરીઆના નેહમાં, મહિપતિ ખોઇએ માન. ૧૨
પ્રથમ પહેલા તેડીએ, તેમને આપણે ઘેર;
કસુબો કરીએ આપણે, પરોણાગતની પેર. ૧૩
આપણે મંદીર એહને, પ્રથમ જઇએ ત્યાંહ;
હલકા થઇએ અતિ ઘણા, સર્વ બાબરીઆ માંહ. ૧૪
એ પરદેશી પ્રાણીઆ, એ શું જાણે પ્રિત;
અજાણ્યા આપણ જઇએ, રાયતણી નહી રીત. ૧૫
પહેલા આપણ તેડીએ, સર્વે એના સાથ;
મંન મેળવી સૌનો, કર લીજીએ હાથ. ૧૬
એહ ઘટિત આપણે, પ્રથમ તેડીએ આંહ;
પછી આપણને તેડશે, આવજો અમારે ત્યાંહ. ૧૭
વળતી આપણ ચાલશું, બાબરીઆને ત્યાંહ;
ચંપલદે બેઠી હશે, નારી નેહજ માંહ. ૧૮
વાત ચતુરાઇ વિગતથી, કરજો નારી સાથ;
મેળા થાશે માનુનિ તણો, હરખે નરપતિ નાથ. ૧૯

ચોપાઇ ૬૯

મેળાપ થાશે માનુની તણો, ઘાટ વધે એ વાતે ઘણો;
ભાણેજ વાત તેં સાચી કહી, સત્ય કરીને માન્યું સહી. ૧

એ વાતથી નહી ઘટે તોલ, બુદ્ધિસાગર તું બોલ્યો બોલ;
બત્રિસ લક્ષણ તુજમાં ઘણું, વચન કેમ લોપુ તુજ તણું. ૨
તુજને પુછ્યાવિન ન પિવું નિર, વડો મિત્ર હું જાણું વીર;
પ્રાતસકાળ થયો જ્યાહરે, સર્વ મહેલ તેડ્યા તાહરે. ૩
બાબરીઆ બોલાવું સર્વ, કહો તો અતિ ખર્ચું દ્રવ્ય;
રાજરીતનું જળ હું ઘરૂં, લાખ ખર્ચતાં ઓી વરૂ. ૪
ભાણેજ સાથે એમ વાતો કરે, અસ્તાંગત થયો તાહરે;
સુતાં માનવી ધારી મંન, પશુ પંખી સૌ પામ્યાં જંન. ૫
હર્ખભેર વીતી છે રાત, સુર્ય ઉદય થયો પ્રભાત;
રાજસભામાં આવ્યા રાય, જુગતેથી યાચક ગુણ ગાય. ૬
સભા ઇંદ્ર જેવી તે બણી, નાટયરંગ વારંગના ઘણી;
વિષ્ણુજન હરિકીર્તન ગાય, ટાંડવ નૃત્ય સભામાં થાય. ૭
છડીદાર બોલાવ્યો વાર, જાવ બાબરીઆ કેરે દ્વાર;
સર્વ સાથ તેડી લાવજો, કસુંબો પિવા આવજો. ૮
કહેતામાં ગયો છડીદાર, જીવરાજની સભા મોઝાર;
જીવરાજ બેઠા છે જયાંહ, છડીદાર આવ્યો તે ત્યાંય. ૯
દંડવત્ કરીને ઉભો રહ્યો, અમૃત બોલ મુખેથી કહ્યો;
કસુંબો પીવા કારણે, બુદ્ધિસાગર તેડે બારણે. ૧૦
મોરીછક દેઇને માન, રાજ થકી તેડે ગુણવાન;
સર્વ સાથ બેઠા સભાય, નગરમાંહ ચાલો તમ રાય. ૧૧
તે માટે તેડવા આવ્યા અમો, સર્વ સાથ પધારો તમો;
તમ નેહમાં જે માનવ ફરો, ભાઇ પોતાના ભેળા કરો. ૧૨
નગરમાં તેડે નર નાથ, સર્વ કોઇ તમારો સાથ;
જીવરાજ નગ્રમાં જાય, સજી નીકળો કહે છે રાય. ૧૩

અશ્વ ચઢી સૌકો આવજો, સણુગાર પહેરી લાવજો;
સર્વ બાબરીઆ ભેગા થાય, ગાજતે વાજતે નગ્રમાં જાય. ૧૪
આવતાં નજરે દીઠા રાય, સર્વ સભા ત્યાં ઉભી થાય;
ગલેચા બીછાવ્યા સભા માંય, ઝવાર કરી સૌ બેઠા ત્યાંય. ૧૫
રાજદ્વારે હતી જે રીત, તેથી અદકી બતાવી પ્રિત;
નૃત્ય કરે વારંગના ઘણી, બેઠા આનંદમાં મોરીછક ધણી. ૧૬
વખાણુ કરે સૌ ચારણુ ભાટ, વાગે વાજાં ચહુચહાટ;
ભૂપત અડાળી પોતે કરી, ગોઠ ઘુઘરી સભામાં કરી. ૧૭
લવીંગ સોપારી બીડાં પાન, રીઝ થકી વહેંચ્યાં રાજન;
રાયે પ્રીત દેખાડી ઘણી, અમે સેવા થઇ નથી તમ તણી. ૧૮
તમો મોટા બાબરીઆ વર્ણ, અમો તમારે છુંજી શર્ણ;
તમો યોગ્ય અમો ક્યાંથી થાય, ઘણું કરી માનજો રાય. ૧૯
તવ બાબરીઆ બોલ્યા વાણ, સાંભળો રાજા અતિ સુજાણ;
તમો આજ મોરીછક ધણી, અવનિ વિષે કીર્તિ છે ઘણી. ૨૦
આ કાને કીર્તિ સાંભળીએ અમો, નજરે દર્શન દીધાં તમો;
રાય આપનું દર્શન થયું, સર્વ પાપ જન્મોનું ગયું. ૨૧
તમ યોગ્ય અમો કેમ થવાય, અમો રંક ને તમ છો રાય;
કહેતાં રાય ઓસરીએ અમો, કાલે નેહડે પધારો તમો. ૨૨
વાટ જોઇશું વહેલા આવજો, સાથ સર્વ તેડી લાવજો;
એમ કહી ઉઠયા જીવરાજ, પધારજો પરભાતે મહારાજ. ૨૩
સર્વ સાથને કરી સલામ, ગયા રાય પોતાને ઠામ;
બાબરીઆ સૌ હાંળે ગયા, મામો ભાણેજ ઠેકાણે થયા. ૨૪
સર્વ સભા ત્યાં થઇ વિદાય, વહાણે આવજો બોલ્યા રાય;
પ્રધાન આપ પોતે ઘેર ગયા, રાજા મહેલમાં દાખલ થયા. ૨૫

વાઘજી પ્રત્યે બોલ્યા રાય, ઘડી એક સો વરસજ થાય;
એ બીને દેખીશ જ્યાહરે, નિદ્રા અંન ભાવે ત્યાહરે. ૨૬
એમ કરતાં દિન વીતી ગયો, વીતી રેન પ્રભાતજ થયો;
હરખભેર ઉઠયા રાજંન, પ્રાતઃકાળે તેડયા પ્રધાન. ૨૭
દંતધાવન ફોરુથી કીધ, અમૃત મેવા મુખથી લીધ;
એટલે આવ્યા ત્યાં પ્રધાન, મહિપતિએ દીધાં માન. ૨૮

દોહરો ૭૦

રાય સચીવ પ્રતે બોલીયા, સાંભળો મુજ પ્રધાન;
રાવત સૌ ભેગા કરો, દઈને ઝાઝાં માન. ૧
અશ્વ સજીને આવજો, રાવત સઘળો સાથ;
કસુંબો પિવા પરવરો, નેહ નરપતિ નાથ. ૨

ચોપાઇ ૭૧

સુણતાં સચીવે નામ્યું શીષ, માણુસ મોકલીયાં દશવીશ;
ઠામ ઠામ ત્યાં માણુસ ફરે, ભાઈ પોતાના ભેગા કરે. ૧
કટક સજીને આવ્યા સૌ ત્યાંય, દેવરાજ બીરાજે જ્યાંય;
સેન્યા નીરખી નજરે ભરી, જોતાં આંખ્ય રાજાની ઠરી. ૨
સજ્યો રાય પહેર્યો પોશાક, મળ્યાં જંન ઉભે નહીં માગ;
નગરમાંહી સૌ નરને નાર, જોવા ઉભાં ઠારોઠાર. ૩

દોહરો ૭૨

મામો ભાણેજ બેઉ સજ્યા, પહેર્યા શુભ શણુગાર;
જડીત્ર હિમ હીરામણી, મુક્તાફળ અતિ સાર. ૧
જસ બોલે યાચક ઘણા, થાય પ્રભાતી રાગ;
રૈયત સૌ જોવા મળી, તલ મેલણુ નહી માગ. ૨

વખાણ કરે સૌ મેદની, આશ્ચ અઢારે વર્ણ;
દેવરાજ સરખો દેશમાં, નથી સાંભળ્યો કર્ણ. ૩
દાતાર ભોજ સરીખડો, કામ પ્રમાણે રૂપ;
પારથ સરખો બાણાવળી, ભુજે બળ અતિ ભુપ. ૪
વાર કરે છે વિપ્રની, પ્રશ્ન તણો પ્રતિપાળ;
કોઇ દુઃખ ન પામે દેશમાં, કાયર દુઃખનો કાળ. ૫
ઠામ ઠામ વાતો કરે, નાનું મોટું નર નાર;
કામ મુકી કોડનાં, જોવા નિસર્યું બહાર. ૬
તે વેળા રાય નિસર્યો, થયો અશ્વપર તે સ્વાર;
આભુષણ અંગે કોડનાં, નવલક્ષનો તોખાર. ૭
જેમ અસાડો ઘન અડયો, તેમ વાજ્યો નગારે ઘાય;
રાવત સર્વ ભેગા થઇ, વચમાં ઘેર્યો રાય. ૮
અતર મ્હેક ઉડે અતિ, પચરંગી પોષાગ;
ગુણકા નૃત્ય કરે ઘણી, થાય પ્રભાતિ રાગ. ૯
રાવત હતા જે જોડીયા, તે સૌ રાખ્યા પાસ;
એક રંગી સરવે બન્યા, મ્હેકે અતિ બરાસ. ૧૦
ઘરડા હતા ઘણા વર્ણના, તે પ્રધાનજીની પાસ;
વાત કરવી વિનતા તણી, ત્રિયા મળવાની આસ. ૧૧

ચોપાઇ ૭૩

એ રીતે નિકળીયો બહાર, એવો દાતા નહી આણીવાર;
નેહતણી નારીઓ સૌ, જોવા રાયને ઉભી બહુ. ૧
ચંપલદે ત્યાં કરે ઉચાટ, રાય આવશે આણી વાટ;
દાસી સાથે એમ વાતો કરે, કેણી વાટે રાજા નિસરે. ૨

ત્યારે દાસી બોલી વાણુ, સાંભળ બાઇ ચતુરસુજાણ;
માલમ હશે તો અહીં આવશે, નહી તો માર્ગ પેલે જશે. ૩
વાતચિત હમણાં કેમ થાય, ઘણે સ્વારે ઘેર્યો રાય;
નેહમાં માણસ જોવા નિસરે, તે જીવરાજને જાણજ કરે. ૪
કહેતાં ચંપલદે બહાર નિસરે, દેવરાજ પ્રતે વાતો કરે;
ત્યારે વિપરીત થાયે વાત, રીસ કરે તમારો તાત. ૫
તમને બાઇ બતાવું મર્મ, તેથી રહે તમારો ધર્મ;
કહું એક અમારૂં કરો, સરોવર નહાવા નિસરો. ૬
અશ્વ પાવા આવે રાય, ત્યારે મેળાપ આપણો થાય;
ત્યારે સાચી માની વાત, ખરી બાઇ બતાવી ક્ષાત. ૭
નાર નેહની ટોળે કરી, નહાવા સરોવરમાં નિસરી;
સર્વ જીલવા પડયાં ત્યાંહ્ય, કમળ ખીલ્યાં સરોવર માંહ્ય. ૮
નારી નહાવા સરોવર વહી, રાયે વાત રાવતને કહી;
અશ્વ આપણા જે કો હોય, રખે બાકી રાખે જો કોય. ૯
ભલો વેડાંગ હાકોમાં ભગા, લેણ જુવો સરોવર લગા;
અશ્વ બરોબર પોતાતણા, હાકી ગરદ ઘોડાની ઘણા. ૧૦

દોહરો ૭૪

હાંકયા અશ્વ ત્યાં બરાબરી, ટોળે કરી તોખાર;
ધમકારે આભ ડગમગે, ધરા ન ઝીલે ભાર. ૧
જેમ અસાડો ઘન અડયો, એમ ખેડયા રાજન;
પડઘી વાગે ઘોડાતણી, સુણી નવ પડીઓ કર્ણ. ૨
જેમ તજારો ખીલીયો, તારામંડળમાં ચંદ્ર;
એમ દિસે વન રળીઆમણું, આવ્યો આપે ઇંદ્ર. ૩

એ રીતે અશ્વ ઉરાડીયા, આવ્યા સરોવર માંહ;
જાપ જપતો જેહનો, નહાતી દીઠી ત્યાંહ. ૪
આવતા દેખી અશ્વને, સ્વચ્છ થઇ ત્યાં નાર;
બાહાર નિસરાયું નહિ, બેઠી જળ મોઝાર. ૫
શરમાવ નાઠી સુંદરી, જઇ ઉભાં ઉંડે નીર;
પાછો આવ્યો દેવરો, સનમુખ સરોવર તીર. ૬
ચંપલદે ઉભી રહી, આડાં રાખી પાન;
દીઠી દ્રષ્ટે દેવરે, રાઢ લાગી રાજન. ૭
જાણે સુરજ ઉગીયો, શશિ મંડળ ઉદ્યોત;
કમળ ઓથે રહી કામનિ, જળ પડી છે જોત. ૮
ત્યારે અશ્વ ઉપાડયો રાયજી, પાસે જવા તેણી વાર;
ધરપત રાખો દેવરા, નહાતાં બોલી નાર. ૯
નાના કેમ થાવ નરપતિ, પડયા કેમ ઉંડે નીર;
પાસે આવતાં પલળાશો, દ્રઢ રાખો મન ધીર. ૧૦
દુનીઆ દેખે છે નાથજી, લેશો મ્હારી લાજ;
નારી સાથે છે નેહની, બોલ્યા તણું નહિ કાજ. ૧૧
સજ્જન વાત સ્નેહની, છાની રાખીએ મંન;
માબાપ જાણે માઠરાં, મરવું પડે રાજંન. ૧૨

છપ્પા ૭૫

શત્રુ થોડા હોય, મિત્ર પણ હોયે ઘણા;
સજ્જન વાતો કાજ, ઝેર ઇંડાં તે તણા.
બાઝરીઆ સહુ બંધ, વાંકાં વેર તણાંએ;
વણું દેખુ વાગરાજ, અંતરની ગાંઠ વણાતે.

ચતુર રાખો અંતમાં, કોણ તે શકશે કળી;
દિલ લાગ્યું કેમ છુટશે, દેવરાજ મુખે વળી. ૧

દોહરો ૭૬

આ અવતાર તમને વરી, બીજા પુરૂષ તે ભાઇ;
પરણું આપને પ્રિતથી, વચન નહિ ચુકુ રાય. ૧
અંજાની લીધી આખડી, મળ્યા જે દીનથી રાય;
ભુપત મુજ ભુખ્યા હશે, અંન કેમ જમાય. ૨
મને ઘડી એક વરસ થાય છે, ઝુરંણુ આખો દિન;
દ્રષ્ટે દેખીશું નાથજી, ત્યારે આરોગીશું અંન. ૩
પરણું તમને પ્રિતથી, હૈયે મોટી હામ;
દાસી થઇ તમ નાથજી, કરૂં ઘરનું કામ. ૪
પરણવાની પેરમાં, તોલ કરે છે તાત;
ઇશ્વરે જોડું આપીયું, મેળવ્યાં અંબે માત. ૫
શિવપુજન મે તો કર્યાં, જપ્યા અજાપી જાપ;
તે ગુણ માન્યો ગુરૂજીએ, અધિપતિ મળી આપ. ૬
દીધાં દાન અવનવાં, આપ્યાં ભુખ્યાને ભોજન;
તુઠયા ત્રિકમ રાયજી, પુંજા માની મંન. ૭
જોડું ઇશ્વરે આપીયું, તે પુન્યતણો પરતાપ;
શિરછત્ર તમો દેવરા, બીજા ભાઇને બાપ. ૮
નાવ પધારો નેહડે, રાજસ રૂડી પેર;
અસુરા આવજો એકલા, ધડપત મ્હારે ઘેર. ૯
રાજ પધારો રાવણે, જાવ કસુંબા માટ;
વળતાં આવજો નાથજી, વડલા કરે વાટ. ૧૦

નાવણ કરીને નરપતી, તરત આવું છું ત્યાંહ;
લીલો તંબુ છે વડ તળે, ખબર જોતાં ત્યાંહ. ૧૧
રાત દિવસ રહુ છું અમો, હું એકલી બે દાસ;
દિન આથમતે આવજો, પ્રિતમ મ્હારી પાસ. ૧૨

ચોપાઈ ૭૭

વારૂ કહીને રાજા વળ્યો, ભુપત આવી સેન્યામાં ભળ્યો;
એટલે રાવત આવી મલ્યા, પોતે માર્ગ નેહે પળ્યા. ૧
મામો ભાણેજ બે હરખ્યા મંન, હરખભેર ચાલ્યા રાજંન;
ઉલટ ઘણેથી નેહે ગયા, દેખી બાબરીઆ ઉભા થયા. ૨
જુગ્તે સર્વે કર્યો જુહાર, બેઠાં માનવ ઠારો ઠાર;
મળ્યા બાબરીઆ દીધાં માન, રીઝે પધરાવ્યા રાજંન. ૩
ભલે પધાર્યા રાજા તમો, પંચ પદારથ પામ્યા અમો;
પાવન કિધા અમને રાય, દેવરાજે ધરીને પાય. ૪
આવ્યા મળવા કિધી ભલી, તમો મોટા મોરીછક ધણી;
રાજસભામાં બેઠા રાય, જુગ્તેથી યાચક ગુણ ગાય. ૫
પંડીત વેદી કરે પુરાણ, માગણ જન પામ્યા બહુ માન;
કવીતાઓ અતિ કહે કવી, નૌતમ વાત લાવે ત્યાં નવી. ૬
વિધવીધથી ત્યાં કરે વખાણ, સભા મધ્યે છે બેઠા ભાણ;
વારાંગના નૃત કરે અતિ ઘણી, અત્યાનંદ મોરીછક ધણી. ૭
ઘડી બેચારેક બેઠા રાય, ગોઠ હુધરી કરી સભાય;
બીડાં હાથ આપ્યાં રાજંન, જીવરાજે દીધાં માન. ૮
મધ્યાનકાળ થયો જ્યાહરે, સભા સર્વ ઉઠી ત્યાહરે;
તેણી વેળા ઉઠયો રાય, સર્વ બાબરીયા ઉભા થાય. ૯

દેવરાજ અશ્વ ચઢયો તેણીવાર, દેવરાજે કર્યો જુહાર;
નગર માંહે તમો આવજો, કામ અમ સરખું કહાવજો. ૧૦

દોહરો ૭૮

અશ્વ ચઢયો ત્યાં રાયજી, જુગતે કીધો જુહાર;
નેહ તણું જોવા મળ્યું, નાનું મોટું નર નાર. ૧
બાબરીઆ સૌ બોલીઆ, આવજો દેવરા આંહ્ય;
શર્ણાંગત આવ્યા અમો, નગર તમારે માંહ્ય. ૨
ગરીબ અમો ઘરના ઘણી, તમ જોગ કેમ થવાય;
તમો રાજા પૃથ્વીપતી, અમો રંકને તમો રાય. ૩
બોલ્યા ત્યાં દેવરાજજી, તમે અમારે ઇશ;
પ્રભુ પાડે શિર ઉપરે, તે માનવ સહે શિષ. ૪
કોણુ અમોને કોણુજ તમો, ગ્રહે લખ્યું તે થાય;
શીર આપે જો તે શીગડું, ખમવું પડે તે રાય. ૫
ગ્રહે દંડે જેન ગડપતી, તે નવ જાણે કોય;
રાજા શું કહીએ અમે, કર્મે લખ્યું તે હોય. ૬
ત્યારે બોલ્યા દેવરાજજી, તમે અમારે ઇશ;
પ્રભુ પાડે શિર ઉપરે, તે માનવ સહે શિષ. ૭
વર્ષ વળે જનશુ દેશમાં, પુન્ય કરે પ્રતાપ;
નગર જીવાડો નરપતી, અધિપતી સાથે આપ. ૮
નગર પધારો રાયજી, હોય અમારૂં કાજ;
ધન જોઇએ તો માગજો, લેશ ન ધરશો લાજ. ૯
એમ કહીને ચાલીયા, વડલા કેરી વાટ;
ચંપલદે જુવે ચોહીશા, અદકો કરે ઉચાટ. ૧૦

મને દિલાસો દીધો નાથજી, પધરાવ્યા કંચન પાટ;
વનિતા વાટ જુવે ઘણી, સ્વામી ન આવ્યા શા માટ. ૧૧
વિમાસણ મનમાં કરે, ચંપલદે નાર ચતુર;
ગરદ ઉડે ઘોડા તણી, દાસીએ દીઠી દુર. ૧૨
બાઇ અશ્વ રાજા તણો, આવે આપણી પાસ;
વિશ્વાસમાં છે દેવરા, રાખો દ્રઢ વિશ્વાસ. ૧૩
અધિપતી દીઠા આવતો, વનિતાએ તેણીવાર;
ઘોડા જોઇ ઉલટ ઘણો, ધસી નીકળી બહાર. ૧૪
દેખાડયો ત્યાં દાસીએ, નજરે નીરખ્યો નાર;
દ્રષ્ટે દીઠા દેવરાજને, ઉલટ થયો અપાર. ૧૫
દેવરાજ આવ્યા વડ તળે, તંબુ તણે પાસ;
ઝારી ગંગાજળની ભરી, સાંમી મોકલી દાસ. ૧૬
રામાએ જઇ પાયું રાયને, અતિ શીતળ નીર;
દેવરાજ ચિત રાજી થયા, સુખજ પામ્યા શરીર. ૧૭
ચંપલદે તવ બોલીયાં, સુંદરી મીઠે સાદ;
પુનરપી આવો પગ ધરો, વનીતા લાગ્યો વાદ. ૧૮
તમે ભલે પધાર્યા પુરપતી, કરવા રૂડાં કાજ;
સફળ જન્મ થયો માહરો, અધિપતી દીઠા આજ. ૧૯
નયણે નીરખ્યા નરપતિ, શીતળ થઇ મુજ દેહ;
સાકર કેરા આજ કરા પડયા, દુધે વરસ્યો મેહ. ૨૦
ગંગા ગાયને ગોમતી, કાશીને કેદાર;
સ્વામી દીઠે દર્શન થયું, મુજ ભાગ્યનો નહિ પાર. ૨૧
રાજા કહે રામા સુણો, આવડું કહો શા માટ;
કામની કર ઝાલી કરી, બીસુ પધારો પાટ. ૨૨

પલક એક બેઠા પુરપતિ, ઉઠયા તેણીવાર;
વાતચિત છાની કરી, નરપત સાથે નાર. ૨૩
ચંપલદે કહે ચતુર નર, કરજો રૂડા કામ;
દીન આથમતે પધારજો, અધિપતી આણે ઠામ. ૨૪
અધિપતી આવજો એકલા, નવ જાણે કોઇ નામ;
ડરશો નહિ આપ નાથજી, હૈયે રાખજો હામ. ૨૫
ચંપલદે કહે ચિત ધરી, રાતે આવજો રાય;
માનવ સાથે લાવજો, રક્ષણ કરવા કાય. ૨૬

ચોપાઇ ૭૯

એવાં વચન વિનતાનાં સુણી, હરખ્યા આપ મોરીછક ઘણી;
વારૂ કહીને રાજા વળ્યો, પંથ મારગ પોતાને પળ્યો. ૧
જુગતે નારીએ કર્યો જુહાર, ભિંજ્યો કંચુવો આંસુ ધાર;
રાણી દુઃખ નવ ધરશો તમો, મળ્યા પુંઠે અંન લેઇશું અમો. ૨
જો એક ઘડી તુને વિસારૂં, તો જન્મ તણું સુક્રીત હારૂં;
એમ કહીને ચાલ્યા જાય, રાવત સઘળે વેર્યા રાય. ૩
ધરપત હોંશ હૈયામાં ધરી, પાછું ભાળેને જુવે ફરી;
મધ્યાનકાળે તે આવ્યા શેહેર, રાવત ગયા પોતાને ઘેર. ૪
મજરો કરી સૌ વિદાયજ થયા, રાજા રાજસભામાં ગયા;
માગી શીખ વળ્યા પ્રધાન, મહીપતીએ દીધાં માન. ૫
મામો ભાણેજ વિચારે મંન, સ્રીએ નવ ખાધું અંન;
આપણ કારણ ભુખી રહી, અંન આપણ કેમ જમીએ અહીં. ૬
રાતે જાશું નેહડાં માંહ્ય, નારી જોડે જમીશું ત્યાંહ્ય;
હરખકેર શું કીધી વાત, આથમ્યો સૂર પરી ત્યાં રાત. ૭

મામો ભાણેજ થયા તૈયાર, હીમતદારે બાંધ્યાં હથિયાર;
અષ્ટ દશ આયુદ્ધ અંગ ધરી, ચાલ્યા બેઉ વિચારજ કરી. ૮
ધનુષ્ય બાણુના ભાથા ભર્યા, પ્રાક્રમવંત બેઉ પરવર્યા;
કોની બીક રૂદે નવ ધરે, દેવરાજ દૈવ થકી કેમ ડરે. ૯
નરપત આવ્યા નેહજ માંહ્ય, વનીતા વાટ જુએ છે ત્યાંહ્ય;
સુંદરીએ રાયને દીધો સાદ, માંહોમાંહે દીધો છે સાદ. ૧૦
ભલે પધાર્યા નાથ દાતાર, ભલે પધાર્યા રાજકુમાર;
સાથે વાઘજી લાવ્યા તમો, દેખી આનંદ પામ્યાં અમો. ૧૧

છપ્પો ૮૦

ભલે પધાર્યા ભુપ, રૂપ મેં નીરખ્યું તમારૂં;
ભલે પધાર્યા દેવ, સત્ય તમે રાખ્યું મ્હારૂં. ૧
ભલે પધાર્યા ચંદ્ર, ઈંદ્ર સરખા અધીકારી;
ભલે પધાર્યા સોમ, દેહ હાજર કરૂં મ્હારી. ૨
ભલે પધાર્યા સ્વામીનાથજી, આ દેહ શક્તિ છે આપની;
રંગભોગ કરાવું પ્રિતથી, રમે જેમ કન્યા સાપની. ૩

દોહરો ૮૧

ભલે પધાર્યા ભુપતિ, માન્યું મહારૂં મંન;
રામા ભોળા રાયજી, આજ આરોગો અંન. ૧
તમો ભલે પધાર્યા રાયજી, કરવા રૂડાં કામ;
સ્વામી દસલાં ઘણા દીનનાં, ભાગું આણે ઠામ. ૨
આપ ગયા જે દીન રાયજી, મેં મુખે ન લીધું અંન;
સત્ય રાખ્યું પ્રભુજીએ, મોકલીઆ રાજન. ૩

ત્યારે દેવરાજ બોલીયા, સાંભળ રૂડી નાર;
તમો ભુખ્યાં માટે આવીયો, હુંરે તમારે બાર. ૪
સંદેહ પડયો એક સુંદરી, માનુની તમારે માટ;
સ્યામા રમીયે સોકટે, પ્રાક્રમ જોઇએ પાટ. ૫
પ્રથમ આપણુ પરઠીએ, હાર જીતની હોડ;
કુંવારી ભેગો અંન જમુ, મુને ખોપણુ લાગે ખોડ. ૬
સગાઇ નવ કીધી તાહરી, નવ જાણે તુજ તાત;
છાંની આપણ બેઉ જણાં, વનિતા કરીએ વાત. ૭
ત્યારે તારૂણી બોલીયાં, સાંભળો રૂડા રાય;
પરણું તમને પ્રિતથી, મિથ્યા વાણ નવ થાય. ૮
ચંપકદે કહે ચતુરા નર, જેમ માને તમારૂં મંન;
હોડ પરઠીએ એહવી, દેવરાજ આણે હન. ૯
રાજા કહે જીતુ અમો, તો અરધ અમારી નાર;
નાણું અરધા અંગનું, આપે આણે ઠાર. ૧૦
ચંપકદે કહે જીતો તમો, અરધ તમારી થાઉં;
ચંદ્ર સુરજ બેઉ સાખીઆ, રામ દુવાઇ ખાઉં. ૧૧

ચોપાઇ ૮૨

એવી હોડ પરઠીશું અમો, તમને ગમે તે પરઠો તમો;
ત્યારે ચંપકદે બોલી વાણુ, સાંભળો રાય ચતુરસુજાણુ. ૧
તમો હારો જો રૂડા રાય, તો અશ્વ આભુશણુ મેલી જાય;
તમ સાથે હું હારી જાઉં, મુલ ખરીદી હું દાસી થાઉં. ૨
હા કહીને માંડી હોડ, બેઠાં બન્ને જોડાજોડ.
નાખ્યા પાસા વારોવાર, આગળ પહેલી હારી નાર. ૩

બીજી ત્રીજી હારો જેટલે, તરત રાય ઊઠ્યો તેટલે;
હવે ત્રીયા નહિ રમીએ અમો, ત્રીજી બાજી હાર્યાં તમો. ૪
પાટ ખશેડી મુકો દુર, પ્રેમદા પંથે પધારો પુર;
રામા કહે સાંભળો રાય, ગર્વી થઇ ઘેલા કેમ થાવ. ૫
પરણ્યા વિના કેમ અવાય, ચતુર થઇ કેમ ચુકો રાય;
અરધું અંગ તો જીત્યા તમો, અરધું અંગ પરણીશું અમો. ૬
મન વિશ્વાસ આણજો આપ, તમ વિન પુરૂષ ભાઇને બાપ;
પરણ્યા વિના કેમ આવું અમો, મોટા રાજા કેમ ભૂલો તમો. ૭
રંગભોગ મુજ સાથે રમો, એટલી અરજ કરૂંછું અમો;
ભેગા બેસી ભોજન જમો, વળતી મંદીર પધારો તમો. ૮
વ્રહે વેદના ટાળો આપ, ભુપ મુજ સામુ ભાળો આપ;
રાજા કહે નવ કરશો વાત, આપણ બેની કુંવારી જાત. ૯
કુંવારાં સંજોગ જે કરે, પગલે પગલે કીડા મરે;
પરણ્યા વિના જે ક્રિડા કરે, લખ ચોરાશી ફેરા ફરે. ૧૦
માટે એ કામ હું કયમ કરૂં, નરકમાં જાણી જોઇ સંચરૂં;
પ્રગટ ચંદ્ર સુરજ સાખીઓ, સત્યવાળાનો ધર્મ રાખીઓ. ૧૧
રામા વરી શું રૂડી રીત, પરણ્યા કેડે કરીશું પ્રિત;
લખ્યું હશે તેમ કરશે રામ, રહેશે આપણી મીથ્યા હામ. ૧૨
આપણ હોંશ કરીએ અપાર, લખ્યું હશેતો પરણાશે નાર;
આપણ ઇચ્છા કરીએ ઘણી, તે વાતો મીથ્યા આપણી. ૧૩
માટે દ્રઢ રાખોજી મંન, લખ્યું હશે તો ખવાશે અંન;
આપણ વાત એવી કેમ થાય, એતો વ્યભીચાર ગણાય. ૧૪
આ મંદીર પધારો તમો, હવે નગ્રમાં જઇશું અમો;
હવે નહિ કરીએ આ હાર, એવે ત્યાંતો બોલી નાર. ૧૫

દોહરો ૮૩

એ શું બોલ્યા આપ અધિપતિ, વડપણ વાત વિવેક;
સમ ખાધા માટે વરૂં, વિક્રમ રાખશે ટેક. ૧
મ્હારા બળવંત શું બોલીયા, ધરપત મનમાં ધાર્ય;
લખ્યા લેખ તે શું કરે, ભવોભવ આપની નાર. ૨
પરણું તમને પ્રિતથી, તો માને મ્હારૂં મંન;
લખ્યા લેખ ખોટા કરી, આરોગુ તમ સાથે અંન. ૩
પ્રિતપાન મસુરણુ અતિ, પાધ કંસુબલ કાય;
આખર ઉતરે પસ્રણી, તે તો જગના રાય. ૪
અરજ આપ મનડા તણી, તે તો મિથ્યા થાય;
આપણી પ્રિત છે એહવી, જેમ પરછાયો કાય. ૫
દણિયર ઉગ્યો દેખીયે, સાથી પંથ પળાય;
આપણું ધાર્યું છે એહ તો, રાત પડે વહી જાય. ૬
અહે લખ્યું જે કર્મમાં, હરી કરે તે હોય;
આપણે પરાક્રમ ધારીયે, તે સર્વે મિથ્યા હોય. ૭
પ્રિત ઘણી આપણુ તણી, પરણ્યા ઉપર ભાવ;
રાજી નહીં હોય રામજી, દેવની દુભે દાવ. ૮
રામા કહે રાજા સુણો, જેમ પહોંચે ભાવ;
મંન સ્થિર રાખ્યું માહરૂં, પરણું તમને રાવ. ૯
અવર પુરૂષ પૃથ્વી વિશે, મારે મંન તે ભાઈ;
રાજા મનમાં જાણજો, દ્રઢ રાખી મંન રાય. ૧૦
સાત અવતાર તમને વરૂં, મ્હારા સ્વામિ આપ;
અવર પુરૂષ પૃથ્વી વિશે, મ્હારે ભાઈને બાપ. ૧૧

સ્વામિ મનમાં જાણજો, રાખો દ્રઢ વિશ્વાસ;
દેવરાજ સાથે પરણશે, દિન થોડે આ દાસ. ૧૨
જે દીનથી દીઠા અમો, બેઠા રાય આવાસ;
તે દિવસથી મુજ નાથજી, પ્રિતે દેખું પાસ. ૧૩
કર્મે મ્હારે તમો લખ્યા, મુજ અંતરના આધાર;
શીવજીએ મુને આપીયા, આપ ભવોભવ ભરથાર. ૧૪
દેવરાજ મનમાં રાજી થયા, હરડે હરખ ન માય;
પ્રેમ કરીને પદમણી, પ્રિતે લાગી પાય. ૧૫
ચંપલદે કહે ચતુર નર, મહિપતિ દીધાં માન;
અધિપતિ આપ હાથે કરી, પ્રિતે આપ્યાં પાન. ૧૬
રાજા કહે રામા સુણો, અમે જાશું હવે ઘેર;
સંભળાવું તુજ તાતને, પરણું રૂડી પેર. ૧૭
નારી નવ વિસારસો, રાજા રૂદીયા સાથ;
સવાલાખની મુદ્રિકા, આપી નારી હાથ. ૧૮
સ્વરૂપમાં એ રાજા તણું, આ લખ્યું તમ મોંઘ;
સ્વરૂપ જોજો કામનિ, સ્ત્રી બેઠી ચાંઘ. ૧૯
કાલે સાંજે આપ આવજો, તમે જાતે કે કોણ;
વાટ જોઇશું તમારડી, જોઈ આવજો સુજાણ. ૨૦
તમો કંથ હું કામનિ, ચતુર રાખજો ચંત;
સાંજ પડે નહી આવો તો, પ્રભાતે આણું અંત. ૨૧
સુરજ સત સાખીઓ, વડપણમાં તે વાત;
પીઉડા વહેલા પધારજો, જતન કરીને જાત. ૨૨
દિવસ નવા છે નરપતિ, માટે થશે મેળાપ;
એંધાણી પ્રમાણે આવજો, એકલા આપોઆપ. ૨૩

બ્રહ્માણી માતા કને, સૌ નારીઓ ગાણું ગાય;
તે સ્થાનક તમો આવજો, રંગધારી હે રાય. ૨૪

ચોપાઇ ૮૪

વારૂ કહીને પોતે વળ્યા, મામો ભાણેજ નગ્રમાં ગયા;
રંગભર વીતી છે રાત, અર્ક ઉગ્યોને થયો પ્રભાત. ૧
દાતા ભક્તાની વેળા થઇ, રાજા બેઠો સભામાં જઈ;
વૈષ્ણવજન હરિકીર્તન ગાય, ટાંડવનૃત સભામાં થાય. ૨
રાજા મન વિચારે ઘણું, સમ્રણ કરે ચંપલદે તણું;
એક એકના સુજે ઠામ, નાર નાર મુખે લેછે નામ. ૩
પરનારીશું લાગી પ્રિત, રંગ વાધ્યો બહુ રૂડી રીત;
વિસારી આદે અલગો જાય, ઘડી એક સો વર્ષજ થાય. ૪

છપ્પો ૮૫

પરનારીશું પ્રિત, અંન તેને નવ ભાવે;
પરનારીશું પ્રિત, તેને નિદ્રા નવ આવે.
પરનારીશું પ્રિત, રીત રાખી તે હારે;
પરનારીશું પ્રિત, નિત્ય ભમાવી મારે.
કર્તા કહે જગતમાં, પરસ્ત્રી સાથે જેટલા;
દુઃખ પામે તે અતિ ઘણું, ગણી શકુ હું કેટલા. ૧

ચોપાઇ ૮૬

અંનપાણી નવ ભાવે નીંદ, વિજોગ પડેથી ન રહે ધીર;
વાતચિત કરવી ન ગમે, ભમે જીવ જેમ ભમરો ભમે. ૧

નજર કોના સામી નવ કરે, ચીત ચંપકદે કેડે ફરે;
વાત કોની નવ આવે પેસ, આસન પર નવ ઠરે નરેષ. ૨
સર્વ સભા વિદાયજ થઇ, એટલે ઘડી બે નીશા ગઇ;
રંગ મહેલ આવ્યા રાજન, અધિપતીએ આરોગ્યું અંન. ૩
કોઇ આગળ નવ કીધી ગુંજ, ગુપ્ત રાખી હૃદયામાં સૂઝ;
સર્વ નિદ્રાવશ થયું જેટલે, રાયે અશ્વ સજ્યો તેટલે. ૪
જાણ્ય વળી કોને નવ થાય, ગુણસાગર નગ્રેથી જાય;
અરૂપરૂ ચંપકદે ફરે, નજર નગરના સામી કરે. ૫
વનિતા મનમાં કરે ઉચાટ, સ્વામી ન આવ્યા શા માટ;
રામાએ જ્યાં વિદારજ કર્યો, રાજકુંવર ત્યાં આવી અડ્યો. ૬
અધિપતી આવી ઉભો રહ્યો, ચંપકદેના સામો વહ્યો;
નારી રહી સૈ ગરબા ગાય, કુંવરી આવી જ્યાં ઉભા રાય. ૭
ભલે પધાર્યો સ્વામી તમે, પચ પદારથ પામ્યાં અમે;
આપ દીઠે મન સફળજ થાય, સર્વ ભવનાં પાપજ જાય. ૮
શીવ પુંજા મેં અદકી કરી, તે પુંજા શિવે માની ખરી;
આપ જેવા ભરથારજ મળ્યા, પુર્વ જન્મનાં પુન્યજ ફળ્યાં. ૯
નારી સર્વે ગાણું ગાય, ડેરે જઇને બેઠા રાય;
પ્રિત લાગી બેઉ સુજાણ, દેહ જુજવી એકજ પ્રાણ. ૧૦
નજરો નજરથી લાગ્યો વાદ, સામાસામી કરીયો સાદ;
ઘડી એક બે વાતો કરી, નારી સૈ નેહે પરવરી. ૧૧

દોહરો ૮૭

રામા કહે અધિપતી સુણો, શું કહું વારો વાર;
હવે નહિ દેખો નાથજી, નરપતિ એકલો નાર. ૧

પરણુવાની પેરમાં, તોલ કરે છે તાત;
કહુંછું તમે કહાવજો, વિપ્ર સંગાતે વાત. ૨
પુત્રી તમારી પ્રેમથી, પરણીશું રૂડી પેર;
વિખાણુ સુણ્યાં તમ પુત્રીનાં, કરો સગાઈ અમ ઘેર. ૩
અમ યોગ્ય એ સુંદરી, રાજાને સનમાન;
ના નહિ કહે એ નરપતિ, દેશે કન્યાદાન. ૪
તમ યોગ્ય શોધે છે અધિપતી, મુજ પિતા રૂડી પેર;
સુણતાં હરખ અતિ થશે, સપુત જોયું તમ શહેર. ૫

ચોપાઈ ૮૮

મેં કહ્યું તે કરજો કથી, નીમીષ વાત કહી પણ નથી;
વારૂ કહીને રાજા વળ્યો, ગુણસાગર નગરમાં ગયો. ૧
આ વાતની નવ જાણે પેર, રામા ગઈ પોતાને ઘેર;
સૂખભેર વીતી છે રાત, ઉગ્યા અર્ક ને થયો પ્રભાત. ૨
દાતા ભક્તાની વેળા થઈ, રાય બેઠો સભામાં જઈ;
વચમાં ઘેરી બેઠા રાય, જુગતેથી યાચક ગુણ ગાય. ૩
નંદીનંદને કહે રાજન, કહું વાત તે રાખો મંન;
તેડાવો તમે આપણો ગોર, મોકલાવો બાબરીયા ઠોર. ૪
કહ્યું સંક્ષેપે મનમાં ધરો, કામ એક આ વેળા કરો;
કન્યા છે જીવરાજને ઘેર, સગાઈ કરી આવે શુભ પેર. ૫
ચંપલદે તેને કન્યાય, રૂપરંગ કહ્યું નવ જાય;
પ્રધાન ગયો પોતાને ઘેર, સર્વ માંડી કહ્યો ગોરને પેર. ૬
સમજાવી મોકલીયો ત્યાંય, ગયો ગોર બાબરીયા જ્યાંય;
જીવરાજને ડેરે જઈ, વાત સર્વ માંડીને કહી. ૭

દોહરો ૮૯

આગરીયા બેઠા હતા, સર્વ સભા મોઝાર;
વિપ્ર ત્યાંતો આવીયો, ઝટપટ તેણીવાર. ૧
સભા રૂડી દીસીએ, રાવત સઘળો સાથ;
યાચક ગુણ ગાયે ઘણા, આસન બેઠા નાથ. ૨
ઇંદ્ર સરખી સભા ભરી, ભૂપત રાજી મંન;
સાથે બેઠા જે સભાસદો, ધારી પોતાના તંન. ૩
આનંદમાં રાજા હતો, ચોદીસ રાખે ચીત;
વિપ્રે આશીર્વાદ આપીયો, અખંડ રહો આપ નીત. ૪
વાત માંડી બ્રાહ્મણ કહે, સાંભળો આપ રાજંન;
શુભ કામે અમો આવીયા, આપ ધરો અતિ મંન. ૫

ચોપાઈ ૯૦

અરે મહારાજ કન્યા આપની, માગુ કરે છે મોરીછક ધણી;
સંપત આપ કરતાં છે ઘણી, એ મોટા કુળ મોરીછક ધણી. ૧
મુજને મોકલ્યો છે મહારાજ, કરવા સગાઇ કેરાં કાજ;
આપ ઇચ્છા હોય તેમ કરો, નહિતો અમને ના આદરો. ૨
કુળ રૂડે રૂપે શોભે રાય, જોડું મલ્યું આપ કન્યાય;
આપ જોગ મલ્યા એ રાય, કરો કુંવરીનું સુખથી કાજ. ૩
વિખાણ સાંભળ્યું તમ કુંવરી તણું, હરખ્યો રાજા મનમાં ઘણું;
તેથી મોકલ્યો મુજને અત્ર, આપ ઇચ્છા હોયતે કહો તર્ત. ૪
ત્યારે રાજા બોલ્યા વાત, પુત્રી પરણાવું સાક્ષાત;
જાત સગાઇ કીધી અમો, લગ્ન શુભ જોઇ આવો તમો. ૫
કેજો આપ મોરીછક ધણી, અમે સગાઇ કીધી તમ તણી;
સુખે વિપ્ર પધારો તમો, નહિ બોલ્યું ફરીએ અમો. ૬

દોહરો ૯૧

આવ્યો ગોર ઉતાવળે, દેતો બહુ આશિષ;
અવીચળ રહો ગાદી રાયની, જીવો ક્રોડ બત્રીસ. ૧
જીવરાજે કહાવ્યું અતિ, તમો સાંભળો રૂડા રાય;
લગ્ન શુભ જોઇ વહેલા પધારજો, પરણવાને કન્યાય. ૨
ત્યારે બોલ્યા દેવરાજજી, સાંભળોને પ્રધાન;
એ દેશ છોડીને આવીયો, કાળ પડ્યો તે માટ. ૩
આપણે આશ્રય આવી રહ્યા, નથી ખાધું આપણું અન્ન;
કહેશે કન્યા માગી લીધી, એવું લાવશે મન. ૪
મનમાં ઓછું આણશે, દેશમાં ચાલશે વાત;
હીણપદ આવે અતિ ઘણું, કન્યા પરણું શા માટ. ૫
માટે ગોર જાવ પાછા ફરી, જઈ કહેજોરે વચન;
કન્યાદાન માટે તમો, માગો થોડું એક ધન. ૬
દામ લેતો પરણીએ, નહિતો લગ્ન ન થાય;
વાત ચાલે બધા દેશમાં, માગી લીધી કન્યાય. ૭
એવું કહીને મોકલ્યો, ગોરને કહેવા સાર;
ગોર આવ્યા તે ઘડી, રાય સભા મોઝાર. ૮
ત્યારે બોલ્યા જીવરાજજી, કન્યાવિક્રય કેમ થાય;
કન્યાવિક્રયના પાપથી, ધન્ય હોય તે જાય. ૯

ચોપાઇ ૯૨

એવું વધ્યા મોરીછક રાજ, નહિ નહિ એ મારૂં કાજ;
શુરાની થઇ કરૂં હું વિક્રય, વેચી કન્યા ને લેવું દ્રવ્ય. ૧
નહિ બોલતાં આવી શર્મ, મનમાં આણીને રે ગર્વ;
રાજાને મનમાં લાગી ઝાળ, જો બીજો હોત તો ચાલુ કાળ.૨

જાવ પધારો ગોર તમો, ફરીથી નવ કશુ કહેશો અમો;
જો કન્યાને પરણવી હોય સાર, તો સોનું આપો મણ બાર. ૩
એટલું મન જો આપો તમો, તો કન્યા પરણાવું અમો;
ચોરાશી ખર્ચના રૂપીયા લક્ષ, એટલું આપો તો રહે સાખ. ૪
એટલુ મળે તો કહાવજો વાત, નહિતો બેસી રહેજો જાત;
અભિમાન શા માટે કરો, ક્ષત્રિ થઈ મન વિચાર કરો. ૫

દોહરો ૯૩

જીવરાજ કહે પ્રધાનને, શી કરવી હવે પેર;
કન્યાને પરણાવીને, જવું આપણે શહેર. ૧
માટે ગોરને મોકલો, સગાઇ કરવા સાર;
કોઇ સારો રાજા જોઇને, વર લાવે નીરધાર. ૨
પ્રધાને ગોરને તેડાવીઓ, કહી સઘળી પેર;
રાજા રૂપાળો ગુણનીધિ, લાવો આપણે ઘેર. ૩
કન્યાદાન તો દીજીએ, સફળ થાયે કાજ;
પછી જઇએ નગરમાં, ભોગવીએ આપ રાજ. ૪
વિપ્ર ત્યાંથી પરવર્યો, રસ્તે ચાલ્યો જાય;
ઘણા દિવસે આવીયો, ગાગરવાડાની માંહ્ય. ૫
નગર શોભા નીરખીને, બ્રાહ્મણ હરખ્યો મંન;
ગોખ ઝરૂખા જાળીઓ, અતિ શોભતા જંન. ૬
જોતો જોતો આવીયો, રાજદરબાર માંહ્ય;
બાગ બગીચાને વાડીઓ, આસોપાલવની છાંય. ૭
રાજસભામાં આવીયો, બ્રાહ્મણ દે આશિષ;
દેશ દોલત અખંડ રહો, જીવો ક્રોડ બત્રિસ. ૮

ત્યારે ચંદ્રસેન બોલીયો, નમાવીને શિર;
તમો ક્યાંથી પધારીયા, મહારાજ આણે દીસ. ૯
કોણ તમારો દેશડો, શું ધાર્યું છે કામ;
કૃપા કરી કહો મુને, બેસો આણે ઠામ. ૧૦
ત્યારે વિપ્ર બોલીયો, પોરલપુર મુજ ગામ;
કન્યા છે જીવરાજને, ચંપલદે તેનું નામ. ૧૧
સિહલંકી મ્રગલોચની, એવી કન્યા સાર;
જેવી તનયા નાગણી, દેવાંગના અવતાર. ૧૨
નાગફેણ અંબોડલો, ભ્રગુટી ધનુષ્ય આકાર;
પાન પ્રમાણે પેટ છે, જંગા કદરી સાર. ૧૩
કાળ પડ્યો અમ દેશમાં, આવ્યા પાટણ ગામ;
લીલીનાગોરનો ધણી, દેવરાજ તે ઠામ. ૧૪
સગાઈ કરવાને મોકલ્યો, જોતો દેશ તમામ;
જોતો જોતો આવીયો, રાજ તમારે ગામ. ૧૫

ચોપાઈ ૯૬

જાવ વિપ્ર તમે પાટણ ગામ, કરાવો સગાઇ તે ઠામ;
આપી દક્ષિણા પોતે રાય, બ્રાહ્મણનું સંકટ જાય. ૧
બોલ્યો બ્રાહ્મણ તેણીવાર, તમો સૌ આવો તે ઠાર;
આબરીયા ઉતારા તે ઠામ, જીવરાજનું પુછજો નામ. ૨
પોરલનગરનો એછે ધણી, ચંપલદે કન્યા તે તણી;
ચંદ્રસેને પ્રધાનને કહ્યું, ચંપલદે જોવા મનડું થયું. ૩
રૂપરંગ જોઇ આવજો, લગન નિરધારી લાવજો;
કન્યા પરણેલી હોય કદી, પાછા વળજો તમે તેજ ઘડી. ૪

સોહ્ય કરી વહેલા આવજો, રસ્તે તમો જાળવીને જજો;
પ્રધાને ગોરને તેડયો પાસ, આપી શ્રીફળ મોકલ્યો દાસ. ૫
ગોર સાથે પ્રધાન પણ જાય, રાત પડે મુકામજ થાય;
થોડે દિવસે પહોંચ્યા ત્યાંય, લીલીનાગોરનું પાદર જ્યાંય. ૬

દોહરો ૯૫

વિપ્ર પહેલો આવીયો, કહ્યા રાજાને સમાચાર;
લગ્ન ત્યાં નકી કર્યું, સાંભળજો નીરધાર. ૧
ગાગરવાડાનો ધણી, ચંદ્રસેન રાજંન;
જેવી એની આપની, તેવો એ છે તંન. ૨
કન્યા જોવા કારણે, આવ્યા છે તે અહીં;
તે ઉભા છે ભાગોળે, તેડવા મોકલો તહીં. ૩
પ્રધાન ચંદ્રસેન તણો, વળી સાથે છે ગોર;
આપના શહેરની ભાગોળે, ઉભા રહ્યા તે ઠોર. ૪
ચંદ્રસેન જે રાયજી, ચંદ્ર તણો અવતાર;
મહા શુરવીર પોતે ખરો, જાતે અરજુન સાર. ૫
ચોરાશી પાદરનો ધણી, નહિ ખાંપણ કે ખોડ;
જોડું પ્રભુએ મેળવ્યું, રામ સીતાની જોડ. ૬
તરત રાજાએ મોકલ્યા, પ્રધાનને તેડવા માટય;
અતિ માનથી લાવીયા, બેસાડયા તે પાટય. ૭
વિપ્રે શ્રીફળ આપીયું, આવેલા ગોરને હાથ;
લગ્ન શુભ જોવડાવીયું, બેઠા બાબરીયા સાથ. ૮
આવ્યું લગ્ન શુભ રીતશું, દશમને શનિવાર;
તે દીન વહેલા પધારજો જાન્ય લઇ આ ઠાર. ૯

પ્રધાન ગોર ત્યાંથી ગયા, રાજા બોલ્યા બોલ;
સામગ્રી સર્વે સજ કરો, રહેશે તમારો તોલ. ૧૦
પ્રધાન કહે ચંદ્રસેનને, લગ્ન લીધું સાર;
આસો સુદી દશમનું, વાર ખરો શનિવાર. ૧૧
કન્યા જેવી નાગણી, પદમણીનો અવતાર;
સ્ત્રીઓ મેં જોઇ ઘણી, એવી નહિ કોઇ નાર. ૧૨

ચોપાઇ ૯૬

ચંદ્રસેન બોલ્યો તેણીવાર, કરો જાન્ય સર્વે તૈયાર;
નગ્રમાં ઢંઢેરો ફેરવો ખરો, જાંને આવવા તૈયારી કરો. ૧
નાનું મોટું નગરનું સર્વ, થાવ તૈયાર મુકીને ગર્વ;
વાગે ત્યાંતો એવી નાદ, કોઇ કોઇનો નવ સુણે સાદ. ૨
ઢોલ ભુંગરને ડંકો થાય, ચંદ્રસેન પરણવાને જાય;
મલ્યા શુકન રાજાને ત્યાંય, સ્ત્રી આવી મારગની માંય. ૩
એક હાથે ઝાલ્યું હથીઆર, અડધ કપાળે કરી છે આડ;
અડધું માથું ગુંથેલું સાર, અડધી વેણી છુટી નિરધાર. ૪
માથે બળતી સગડી સહી, એક આંખમાં કાજળ નહિ;
એવા શુકન થયા જાહરે, પ્રધાનને પુછ્યું તાહરે. ૫
પ્રધાને પુછી જોશીને વાત, આ સુકનનો શો ઉત્પાત;
જોઇ ટીપણુંને બોલ્યા વાણ, શુકનનો કહું ભાવાર્થ જાણ. ૬
જ્યારે અડધું લગનજ થાય, કન્યા ઝુંટીને કોઇ લઇ જાય;
ત્યાંતો જુદ્ધ દારૂણ થાય, અડધી સેન્યા ત્યાં મરાય. ૭
સૈન્યામાં સંભળાવી વાત, ત્યાં તો થશે મહા ઉતપાત;
જેને સ્ત્રી ઘર વહાલું હોય, તે મારી સાથે નહિ આવો કોય ૮

સર્વે જોદ્ધા બોલ્યા સાર, અમો આવવાના નિરધાર;
પ્રતિપાલણ સૌ કેરા જાય, કોને આશરે અમે રહેવાય. ૯
ક્ષત્રિ થઇ પાછીપાની કરે, તેતો નક્કી નર્કે સંચરે;
માટે અમો આવીશું સાથ, શું બોલ્યા તમે મારા નાથ. ૧૦
લુણહરામી જે કોઇ થાય, તેના પુર્વજ નર્કે જાય;
એવું સર્વ બોલ્યા વાણ, રાજા થયો ખુશી તે જાણ. ૧૧

દોહરો ૯૭

કડાઝુડ કટક લેઇ, ચાલ્યો ત્યાંથી રાય;
ઢોલ નગારાં ગરગડે, નાદ અનોપમ થાય. ૧
બંદીજન બોલે ઘણા, ચડાવે શુર અપાર;
જોદ્ધા જાએ ગાજતા, ધરા ન ઝીલે ભાર. ૨
આવ્યા ગામના ભાગોળે, લીલીનાગોર છે જ્યાંય;
સંપલદેને જાણજ થયું, જાન આવી છે આંય. ૩
હે અંતરજામી પ્રભુ, નાંધારાના આધાર;
વરી ચુક્યું દેવરાજને, મન વડે નિરધાર. ૪
પણ લીધું છે એને પરણવા, નિષ્ફળ થશે આજ;
નક્કી દેહનો પાડવો, નથી રહેવાની લાજ. ૫
બાપ વેરી મારો થયો, પ્રાણ લેવાને આપ;
બીજા પુરૂપ પૃથ્વી વિષે, મારે ભાઇને બાપ. ૬
હવે આશ્રય છે તાહરો, અંબે મોરી માત;
લજ્યા જાશે માહરી, તો દેહની કરૂં ઘાત. ૭
રૂદન કરે હૈયું બાળે, પટકે માથું ધરણ;
મારે એનું મુખ જોવું નથી, પ્રભુજી આપો મરણ. ૮

દાસી ધીરજ આપે ઘણી, બાઇજી રાખો શર્ત;
કાગળ લખો દેવરાજને, ઉચકી જાશે તર્ત. ૯
પત્ર લખીને આપીઓ, દાસીના કર માંય;
જઇ આપ્યો દેવરાજને, સભા બેઠી છે ત્યાંય. ૧૦

ચોપાઇ ૯૮

દેવરાજ કહે પ્રધાનને પેર, જાંન્ય આવી જીવરાજને ઘેર;
ક્યા દેશનો એ છે ધણી, સાથે સેન્યા લાવ્યો ઘણી. ૧
બોલ્યો પ્રધાન મહામતિ, ગાગરવાડાનો એછે પતિ;
વાઘરાજ બોલ્યો તેણી વાર, સ્ત્રી દેહ તજે નિરધાર. ૨
લીધો કાગળ પોતે હાથમાં, વાંચ્યો તે સભા સાથમાં;
સ્વસ્તિ શ્રી મોરછિક ધણી, લખ્યો પત્ર તે આપના ભણી. ૩
લખીતંગ ચંપકદે સતિ, મારે માથે છો તમે પતિ;
આપ વીણ પુરૂષ તે ભ્રાત, બીજે ઠેકાણે પરણાવે તાત. ૪
ચંદ્રસેન પરણવા આવીયો, અતિ ફોજ સાથે લાવીયો;
કાયર થશો કે શુરા રાય, હવે કોણ કરશે ઉપાય. ૫
મુજને લઇ જાવો નિરધાર, નહિતો મારો આણુ કાળ;
રાજા બોલ્યા દાસી સાથ, અડધે લગ્ને ઝાલીશ હાથ. ૬
માટે ચિંતા નવ કરશો તમો, નક્કી હરણ કરશું અમો;
સભા દેખતાં લાવું સહી, એ વાતની ચીંતા નહિ. ૭

દોહરો ૯૯

સ્ત્રી દુઃખ નવ ધરશો તમો, ધીરજ રાખો મંન;
મરણ થકી ડરૂં નહિ, હરણ કરૂં તે દેખે જંન. ૧

નવ ધારશો ચિંતા માહરી, મનમાં રાખજો હામ;
જુદ્ધ કરૂં તમ દેખતાં, ચંદ્રસેનને તજાવું ઠામ. ૨
જવા નહિ દેઉં જીવતા, જાંનઇઆને સાથ;
હું ક્ષત્રિ ડરૂં નહિ, જોજો મારા હાથ. ૩
વિશ્વાસ રાખજો મન વિષે, સાચું બોલુ આપ;
હરણ કરૂં નહિ તાહરૂં, તો બ્રહ્મહત્યાનું પાપ ૪
બોલ્યું ન પાળે જે ધણી, કોલી એ કોલી થાય;
કુંભીપાકે તે નર પડે, પુર્વજ નરકે જાય. ૫
પ્યારી હીંમત રાખજે, શોક તજે નીરધાર;
હરણ કરૂ સૌ દેખતાં, કંસાર જમતાં તે ઠાર. ૬
હુ દેવરો ડરૂ નહિ, ભુજે ન ગણુ ભાર;
ચંદ્રસેન બિચારો શું કરે, કરૂ હુ તારો તાર. ૭

ચોપાઇ ૧૦૦

જીવરાજ કહે પ્રધાનને તહીં, પ્રધાને તે વાતજ સહી;
નોતરૂ દેવા મોકલો તહીં, દેવરાજ સાથે આવે ભાઇ. ૧
છડી સ્વારીએ વહેલા આવજો, સાથે વાઘરાજને લાવજો;
અમો છીએ તમારી વતી, પરણાવુ છું ચંપલદે સતી. ૨
માટે સર્વ ભાઇઓ આવજો, મંડપ રૂડો દીપાવજો;
નોતરૂ દઇ ગોર પાછો વર્યો, દેવરાજે શિરપાવ કર્યો. ૩
ખુશી થઇને બ્રાહ્મણ જાય, જીવરાજને ત્યાં ઘરસાંતક થાય;
વેદ ઉચ્ચારે ગોર સહી, વરઘોડો વરનો નિકળ્યો તહી. ૪

દોહરો ૧૦૧

ચંદ્રસેન બોલીયો, જોદ્ધા સૌ સજ થાવ;
વરઘોડામાં નીસરો, સરવે આણી ભાવ. ૧

ઢોલ ડંકા ત્યાં ગરગડે, આનંદ અહૃદો થાય;
લીલીનાગોરના સર્વ, જાન્ય જોવાને જાય. ૨
વરઘોડો સર્વે ફરી, આવ્યો મંડપ માંહી;
કલવો મોકલ્યો રાયજી, વરને પોંક્યો ત્યાંહી. ૩
પછી બેઠા પરણવા, ચોરી આગળ રાય;
વેદ ધુન્ય બ્રાહ્મણ ભણે, કન્યા લેવા જાય. ૪
ગણપતિની પુંજા કરી, બોલી ચંપલદે નાર;
તુજવિણ બેલી કો નથી, ઉમીયાજીના ભાગ. ૫
તાત મારો વેરી થયો, નથી રહેવાની લાજ;
વચન મારૂ મિથ્યા થશે, તો દેહ તજુ હું આજ. ૬
આધાર મુજને તાહરો, અંબે મોરી માત;
દેવરાજ વિણુ પૃથ્વી વીશે, મારે સર્વે ભ્રાત. ૭
ક્યાં જવું ને શું કરૂં, શી થશે હવે પેર;
બેલી મારૂં કો નથી, મરૂં ખાઈને ઝેર. ૮
જનયા મારી રાખજો, પ્રભુ શરણાશર્ણ;
ગરૂડ ચઢી વેલા આવજો, દાસી પામે મર્ણ. ૯

છપ્પો ૧૦૨

સત્ય રાખ્યું હરિચંદ્ર, નીચ ઘેર પાણી ભરીયું;
સત્ય રાખ્યું બળિ રાય, રાજ્ય પાતાળે કરીયું. ૧
સત્ય રાખ્યું સુધન્વા ધીર, તેલ તાત તન ધરીયું;
મોરધ્વજે રાખ્યું સત્ય, વીખનું અમૃત કરીયું. ૨
સત્ય રાખ્યું સત્યવાદીએ, આગળથી મહા દુઃખ મળ્યાં;
કર્તા કહે અંતે સત્ય રહ્યું, પાછળથી માહા સુખ થયાં. ૩.

ચોપાઇ ૧૦૩

રંક દાસી સામું ભાળજો, ગરૂડ ચઢી વહેલા આવજો;
ચંદ્રસેન પરણવા આવીયો, સાથે સેન્ય ઘણું લાવીયો. ૧
બાપ મારો વેરી થયો, આધાર મારે તારો ખરો;
રડે કુટે નાખે નિશ્વાસ, એટલે બોલી સુભદ્રા દાસ. ૨
બાઇજી રાખોને વિશ્વાસ, છેક થયાં તમે કેમ નિરાસ;
સત્યવાદી એ રાજા સહી, દેવરાજ જેવો દીઠો નહિ. ૩
તેથી ધીરજ રાખો મંન, રક્ષણ કરશે આવી રાજંન;
દેવરો દેવ થકી કેમ ડરે, ચંદ્રસેન બિચારો શું કરે. ૪
એમ ધીરજ આપી દાસી સાર, ચંપલદે કરે મન વિચાર;
મામો તેડવા આવ્યા સહી, કન્યા પધરાવી મંડપ મહી. ૫
હસ્તમેળાપ કરે જેટલે, ચંપલદે બોલી તેટલે;
મારેતો પરણવું નથી, ત્યારે બોલી કનકાવતિ. ૬
બેન ડાહી થઇ શું બોલે આજ, બોલ બોલતાં રાખો લાજ;
ત્યારે બોલી ચંપલદે સતિ, માતા કેમ બગડી તમારી મતિ. ૭
દેવરાજ વિણ પુરૂષની જાત, મારે મન તે સર્વે ભ્રાત;
એમ વાત કરે જેટલે, દેવરાજ આવ્યો ત્યાં તેટલે. ૮
બાઇ પોતાના સર્વે સાથ, વાઘરાજ બેઠા જમણે હાથ;
નંદીનંદ પોતે પ્રધાન, જીવરાજે દીધાં બહુ માન. ૯
બેઠા પોતે ઠામ ઠરી, ચંપલદે વાણી ઉચરી;
વરી ચુકી છું દેવરાજની સાથ, ફરી પરણાવે મુજને નાથ. ૧૦
માટે દેવરાજ રાખો લાજ, કેમ જોઇ રહ્યા તમે આજ;
તાત મારો વેરી થયો, પ્રાણ લેવાને તતપર થયો. ૧૧

દોહરો ૧૦૪

જ્યારે ગોરજ બોલીયા, સાંભળજો રાણી સાર;
ઝટપટ મહેલાં જઇને, તરત લાવો કંસાર. ૧
કનકાવતિ ત્યાંથી ગઈ, લેવાને કંસાર;
બોલી ચંપલદે સતી, નહિ રે જમું કંસાર. ૨
કંસાર તુરત આણીયો, કુંવરી કેરી પાસ;
કલ્પાંત કરે બહુ કામની, મુકે અતિ નિશ્વાસ. ૩
શું જોઇ રહ્યા છો દેવરા, વળી ચુકો છું તમ સાથ;
લજ્યા નહિ રહે માહરી, પરણી છું રે તમ સાથ. ૪
કરમાં ગ્રહિને કોળીઓ, ઘાલે છે મુજ મુખ;
કેમ જોઇ રહ્યા છો દેવરા, નીચું ઘાલીને મુખ. ૫
એમ કહી રૂદન કરે, હમણાં આણું મુજ અંત;
ચંદ્રસેન બંધવ માહરો, દેવરો મુજ કંથ. ૬
જુવો હમારો મોરીછક ધણી, સ્ત્રીના આધાર;
આબરૂ જાય વિનતા તણી, વડહથ કરતું વાર. ૭
વિલાપ જુવે કેમ માહરો, પામું છું હું કષ્ટ;
દેવરા કેમ દેખી શકે, દુખીઆનું કષ્ટ. ૮
ચંદ્રસેન રહે વેગળો, બેઠા મારો રાય;
વર વરતો દેવરો, બીજા પુરૂષ તે ભાઇ. ૯
વારંવાર કહું તુને, કર તું સમળા કર્ણ;
સુકય હાથ તું માહરો, તુજમાં પાયા ત્રણ. ૧૦
શાણો સમજીને રહે, કહું તુને વારંવાર;
દેખે મારો દેવરો, વિચાર રાખ્ય ગુમાર. ૧૧

એવું સુણીને રાવને, ચઢી ઘણેરી રીસ;
પગની ઝાળા પ્રગટી, રંડા છેદુ તુજ શિષ. ૧૨
છે:ન કરૂ તને કામની, કરે ઉલટાં કાળાં કર્મ;
દેવરા દેવરા કરી રહી, તને સુંદરી ન આવે શર્મ. ૧૩
શુ જોઈ રહી છે સેન્યા માહરી, નાખો રથની માંહ્ય;
દેવરાજના દેખતાં, ઉંચકીને લઇ જાવ ત્યાંય. ૧૪
રામાને નાખો રથમાં, બાંધી એના હાથ;
માર મારો સર્વ દેખતાં, દેવરા કેરા સાથ. ૧૫
જેને એ દેવરો શું કરે, આ વેળા આ દીશ;
આહી થાયતો રાંડનું, વળની છેદું શિષ. ૧૬
આ વેળા તુજ દેવરો, કરે વનિતા તુજ વાર;
જો બળ હશે તેના વિષે, તો પ્રગટી આવે આ ઠાર. ૧૭
વચન એવાં સાંભળી, દેવરાને ચઢી રીસ;
મહિપતિ બોલ્ય વિચારીને, નહિતો કાપુ શિષ. ૧૮
વિચાર કરતું નરપતિ, અદકું બોલે તુજ આજ;
શારમ ન આવી માહરી, લેશ ન આણે લાજ. ૧૯
ક્રોધ કરી તે ઉઠીઓ, દેવરો તેને દીશ;
વાર કરો તમે વીઠલા, આ વેળા આ દીશ. ૨૦
એવું કહીને ઉછળ્યો, આવ્યો નારીની પાસ;
હોંકારો કરીને ઉકળ્યો, ખેચ્યો તરવારે કાસ. ૨૧
ઝુંટી લીધી જોરથી, વનિતા તેની વાર;
નારી લઇને નરપતિ, આવ્યો પોતાને ઠાર. ૨૨
હાથ તાલી દઇ ચાલીયો, નરપતિ લઇને નાર;
મહેલે દાખલ થયો મહિપતી, દેવરો નગર મોઝાર. ૨૩

નાઠા સૌકો નરપતિ, દ્વાદશ કેડ્યા જાય;
મોંમાં મારીને માનુની, લઇ ગયો તે રાય. ૨૪
હાથ ઘસે સૌ મહિપતી, ફજેતા થયા સૌ ફોક;
હરખમાં પડ્યું હરહરૂં, સુખમાં પડયો શોક. ૨૫

ચોપાઇ ૬૦૫

ગયો દેવરો નગર મોઝાર, મુક્યાં માણસ ઠારોઠાર;
મુક્યાં દરવાજે તે ઘડી, તોપો મોર ચોકી કીધી ખડી. ૧
ઠોરે ઠોરે માણસ ફરે, સૈન્ય સર્વકો ભેગું કરે;
થયો દેવરો દાવાદાર, ચંદ્રસેન બોલ્યો તેની વાર. ૨
કોપ્યો ગાગરવાડાનો ધણી, ચઢી રીસ અંતરમાં ઘણી;
કટક આપણું હમણાં સજ થાય, બાંધી લાવો દેવરો રાય. ૩
નગર દેશ ખુંચીને લો, પછી નગર સૌ બાળી દો;
ત્રણલાખ અસ્વાર સજ થાય, સજી નગર જઇ બાંધો રાય. ૪
દેવરો દેશ થકી કાઢજો, ચંપલદેનું માન પાડજો;
ત્યારે મારી હોલાય દાઝ, કરો ભાઇ એ મારૂં કાજ. ૫

દોહરો ૧૦૬

ચંદ્રસેન એમ બોલીયો, નરપત આપ નરેશ;
ગર્વ બેસાડો એહનો, ફેરવો બધે દેશ. ૧
નગર એના શહેરમાં, પ્રગટાવો મહી આગ;
ભાણેજ એનો વાઘડો, બાંધો ગજને પાગ. ૨
એટલી વાત અમો કરૂં, તો લઇશું અંજર નીર:
એવું બોલ્યા અધિપતી, અધિપત હોલાણો ધીર. ૩

સૈન્યા સર્વ સજ કરી, ચાલવા માંડયું ત્યાંય;
નગર પાસે આવી અડયું, વાજ્યો નિશાને ઘાય. ૪

છપ્પો ૧૦૭

કામની કેરે કાજ, પાંડવે કૌરવ માર્યા;
કૈયાકચકના કુમાર, સોએ સાથે સંહાર્યા.
કામની કેરે કાજ, ઈંદ્ર ગૌતમ ઘેર ચાલ્યા;
કામની કેરે કાજ, સોને ભીમે બાળ્યા.
કામની વેર પડયો દેવને, આથ્ય અનાથ્ય આવી અડે;
કર્તા કહે ચંપલદે કારણે, ચંદ્રસેન હોલણો ચડે.

ચોપાઇ ૧૦૮

સજ્યો કટક સૌ તેની વાર, પાળા પુરૂષનો નવ પામે પાર;
ત્રણલાખ અસ્વારે ચઢયો, નગર સામે આવીને અડગો. ૧
નવતર થાશે આ વાર ન્યાય, તે સર્વ નિણજ્યા જાય;
સાંભળો મહીપત રાજા તમો, એક અરજ કરીએ છીએ અમો. ૨
વષ્ટ કારણ માનવ ત્યાં જાય, એક દિવસ તમે થોભો રાય;
કર બાંધી સ્ત્રી હાજર કરે, રહે તોલ માણસ નવ મરે. ૩
વધે તોલ એ વાતે ઘણો, રહેશે ભ્રમ બે રાજા તણો;
વઢવું નહિ કે એની સાથ, દેવરો મળે બાંધીને હાથ. ૪
ત્યારે રાજા હરખ્યો ઘણું, માણસ કોઇ જાવો આપણું;
બોલાવો ભાટ જે પોતા તણો, સર્વે વાતે સમજાવો ઘણો. ૫
જાવ નગરમાં કીજન, સમજાવો દેવરો રાજન;
વાર કહી નગરમાં ગયો, ભાટ કચેરીમાં દાખલ થયો. ૬

દેવરો રાય બેઠો સભાય, જુગલેથી યાચક ગુણ ગાય;
નૃત્ય કરે ગુણકાઓ ઘણી, સભા ઇંદ્ર થકી સોહામણી. ૭
હથીયાર સજી બેઠા સૌ શુર, સામા દીઠા સાગરપુર;
ત્યાં આવી ભાટે દીધી આશિષ, તમો જીવો રાજા ક્રોડબત્રિસ. ૮

અશોક સારંગ

બાહન સુત સુતા જેહ, તાબાહન ભક્ષ તેહ;
તા જનુની પિતા સુતા, સદા પ્રસન્ન રહે તેહ.

ચોપાઈ ૧૦૯

વદન વચન બોલ્યા તેણીવાર, સાંભળ રૂડા રાજકુમાર;
ચંદ્રસેને મોકલ્યો મુને, માટે કહેવા આવ્યો હૂં તને. ૧
દેવરા મમતા મુકો આ દિશ, મામો ભાણેજ જઇ નમાવો શિષ;
ચંપલદેને હાજર કરો, વણખુટે એમ કેમ મરો. ૨
બેન ચંદ્રકુંવર તમ તણી, હાજર કરો મોરીછક ઘણી;
એ રીતે જો લેશો રાય, તો જીવવાને પામ્યા દાય. ૩
કર બાંધી મળો જઇ રાય, સુંદરીને લઇ સામો જાય;
એવી શીખામણ માનો ધણી, તો રહે આબરૂ તમતણી. ૪

દોહરો ૧૧૦

એવું સુણી તે રાયને, ચઢી ઘણેરી રીશ;
બીજો બોલ્યો હોત તો, તરત છેદાત શિષ. ૧
બ્રહ્મ એ સાંખુ અમો, તેમ તું બોલે આજ;
જેમ તેમ મને ખોટી કરી, તેમ તેમ દેછે ગાળ. ૨
જા મારગ તું તાહરે, આ વેળા આ દીસ;
જવા નહિ દેવું જીવતા, માનવ ઘેર દશ વીશ. ૩

પુત્રી તું સન્તતણી, આવી લાગે મુજ પાય;
એ ઉપાય સૌ કોઇને, બીજા કોઇ ન મરાય. ૪
આજ આનંદ અમ કુળ વિશે, માટે આવે એ કામ;
જોરથી નવ જાય જીવતો, નમું ન આવે રામ. ૫
આદ્ય અનાદ્ય થાયે ઘણો, બોલે વેદ પુરાણ;
રૂક્ષ્માણી હરણ કર્યું, દ્રૌપદી બોવન ત્રણના ભાણ. ૬
કૃષ્ણ સરીખા ચુકીઆ, ચૌદ લોકના નાથ;
વૃંદાને કારણ વીઠલો, વઢ્યા જાળંધર સાથ. ૭
રાવણ સીતા હરી ગયો, કુળ ખોદાવવા કાજ;
કાંઈ ન આપી કામની, ગયું લંકાનું રાજ. ૮
ઉખા કારણ અનીરૂધે, બાણાસુર બળવંત;
વિનતા કાજે તે વઢ્યો, આણ્યો અસંખ્યનો અંત. ૯
સુરેખા બળભદ્રની, હરિ ગયો અભીમાન;
કૌરવ પાંડવ બે લઢ્યા, રણમાં પડયા ઘણા જંન. ૧૦

છપ્પો ૧૧૧

કામની કેરે કાજ, કામ કૃષ્ણે બહુ કરીયાં;
ભોળાનાથ ભીલડી, વન વન પરવરીયાં.
અહલ્યા કારણ ઇંદ્ર, આવી ગૌતમ ઘેર ઢુંકયો;
રૂષિ પતિની સાથ, ચતુર ચંદ્રજ ચુકયો.
ચુકો નહી એ ઠાર ચતુર, તો વનવાસ જન્મીયો;
સંજોગતા કારણે, છળ ચંદ્ર વગોવીયો.
આદ્ય અનાદ્ય એમ થાય છે, ચર થાવરને થાપીએ;
કર્તા કહે જુવે. જગતમાં, હાથ આવી કેમ આપીએ. ૧

છપ્પો ૧૧૨

રૂક્ષ્માણીનું હરણ, કર્યું ત્રીલોકી નાથે;
વૃંદાને તે કાજ, વઢયા જાળધંર સાથે.
ઓખાબાઈને કાજ, અનિરૂદ્ધ દુઃખને પામ્યો;
સુભદ્રાને માટ, દુર્યોધંન હણાયો.
તે હરણ કર્યાં જેમણે, તે પાછી આપી નહી અરે;
મરણથી જે ડરે નહી, કરે કાજ તે એ ખરે. ૧

છપ્પો ૧૧૩

માટે માની આજ, ચંદ્રસેન ચેતાવો;
જો જીવ્યાની હોય આશ, તો પંથે પળાવો.
હાથમાં આવી નાર, નહી મળે તે કદી;
માટે મિથ્યા વાણ, જાવ નહી કરશો કદી.
માટે માની માહરૂં, જાવ સુખેથી ઘેરરે;
નહી તો ખોશો પ્રાણીયા, પામશો અતિ દુઃખરે. ૧

દોહરો ૧૧૪

તમો મુસાફર મરદ, હઠ રાખી હમીર;
મારૂં દલપત સાહેરનું, રાખ્યું નામનું નીર. ૧
તારા રાયની દીકરી, આપો મુજને આજ;
તો જાસો સૌ જીવતા, રહેશે તમારી લાજ. ૨
નાસી જાવો મુજ નગરથી, મુકી મનની મામ;
જો જીવ્યાની આશ કરો, તો ઠરશોમાં આ ઠામ. ૩

ચોપાઇ ૧૧૫

જીવવું હોય તો નાસી જાવ, હીમત હોય તો સામા થાવ;
નહી તો સર્વે માર્યા જશો, હળવા દેશપતિમાં થશો. ૧
દેવરા સામો માંડે નહી દેવ, સુરા સાંમત કરે બહુ સેવ;
જારે ભાટ કહેજે તુજ રાયને, મોકલજે તારી માયને. ૨
કહે ભાટ કેમ બોલો આળ, ઘડી ઘડીએ રાય દોછો ગાળ;
એ સિંહ અને તમો શિયાળ, મમતા કરશો તો ખુટ્યો કાળ. ૩
કોઢ આગળ જેવો આંકડો, હનુમાન આગર શો ઠેકડો;
જેમ રાવણે સીતા હરિ જે દીશ, ગઇ લંકા ખોયા દશ શિષ. ૪
માટે મમતા મુકો રાય, વધુ બોલો તો અનરથ થાય;
નહિ માનો એકલા આવીયા, સાથે લાવલસ્કર બહુ લાવીયા. ૫
દળકટક એ સાથે ઘણું, એથી વધુ ગજુ નહિ તમ તણું;
મારી શિખામણ માનો રાય, આપો કન્યા ને લાગો પાય. ૬

દોહરો ૧૧૬

એવું સાંભળીને વાઘજી, બોલ્યા તેણી વાર;
બકે કેમ તું બાપડા, ગતિ રાખ્ય ગુમાર. ૧
વારંવાર સાંખુ અમો, તેમ અદકુ બોલે અન્યાય;
જઈ કહેજે તારા રાયને, મોકલજે તારી કન્યાય. ૨
સજી નીકળો આ ઘડી, વઢવાને કારણ વાટ;
ઉભા રહો આવી પાદરે, કહે જઈ એવું ભાટ. ૩
જાવ થવાય તેવા થજો, આ વેળા આ દીશ;
રહો ઉભા મુજ નગરમાં, તો તતક્ષણ છેદુ શિષ. ૪
આ વેળા આંણી ઘડી, થરથાવર હું થાવું;
વાચા હું ચુકુ નહિ, રામ દવાઇ હું ખાવું. ૫

ચોપાઇ ૧૧૭

એવું સુણીને ભાટજ ગયો, સૈન્યા પડી ત્યાં દાખલ થયો;
રાજાને માંડી કહી પેર, દેવરાનું નવ ઉતરે ઝેર. ૧
હઠ નવ મુકે રાવણ રામ, ગઇ લંકા ને ખોયો પ્રાણ;
તેમ એ રાવણ તું છે રામ, હીમત હોય તો ધરો હામ. ૨
માટે લાજ લીધી તાહરી, માન શિખામણ માહરી;
મુકી કન્યા ને રાજા જાય, એ જીવતા ને મુવા સૌકો કહેવાય. ૩
ચંપલદે ગયો તે હરિ, જીવતા નગર કેમ જઇએ ફરી;
ધાતું દેવરો બોલ્યો આળ, ઘણીક દીધી તમને ગાળ. ૪
જેમ થગો તેમ થાય આ ઘડી, નગર બહાર હું આવું અડી;
એવું ભાટ બોલ્યો તત્કાળ, લાગી ચંદ્રસેનને ઝાળ. ૫
સેન્યા સૌ મુજ થાય ખડી, નગર એનું ઘેરો આ ઘડી;
સુણી વાત ચઢી સેન્યાય, વાજ્યો નગારે તવ ઘાય. ૬
જાણું સૌ નગરમાં થયું, ઢોલણ વઢવાને ઇચ્છે અહૂ;
વાગે ગોળા તોપોના ઘણા, ઉડે કાંકરા કોટજ તણા. ૭
ઠેર ઠેર છુટ્યા સૌ જોધ, કરતા બહુ અંગસુ ક્રોધ;
મારે મરે માનવ જે ઠાર, થઇ રહ્યો ત્યાં હાહાકાર. ૮
નગરતણું જે માણુસ હોય, મારે જીવતું ન મુકે કોઇ;
નગર લોક સૌ નાસી જાય, રાવત તેની કેડે થાય. ૯
હાહાકાર નગરમાં થાય, ફરિયાદ લોક રાજા ઘેર જાય;
આ ઢોલણો આવ્યો ચઢી, માણુસ દશ માર્યાં આ ઘડી. ૧૦
બોલ્યો દેવરો તેણી વાર, થાવો કટક આપણું તૈયાર;
પડો વજડાવો આખે ગામ, માણુસ મુક્યાં ઠામોઠામ. ૧૧

તોપો મોર કીધી ખડી, સૈન્ય સર્વેકો આવ્યું ચડી;
નગર સર્વ રહ્યું ખળભળી, રાય દેવરો બોલ્યો વળી. ૧૩

દોહરો ૧૧૮

પડો વગડાવ્યો નગરમાં, પંદર વરસના જે જન;
એમાંથી કો ઘેર રહે, લેઉ પ્રભાતે પ્રાણ. ૧
પંદરમાંથી પચાસ લગી, આવે ચડી સંગ્રામ;
એમાંથી કો ઘેર રહે, તેને મારૂં આ ઠામ. ૨
ઘરડો હોય ઘણા વરસનો, તે સૌકો રહે ઘેર;
દેવરા તણા દરબારમાં, પરઠી રાગે પેર. ૩
રેણું વીતી રંગમાં, પ્રેમે ઉગ્યો પ્રભાત;
નાનું મોટું નરપતિ કને, મળ્યું સૌ માનવ માત્ર. ૪
રાય દેવરે સભા કરી, કેશર છંટાવ્યાં સર્વ;
સ્ત્રી છોકરાં તેમનાં, તેને ખર્ચવા આપ્યાં દ્રવ્ય. ૫
કસુંબો રાયે કાઢીયો, આપ્યો તે વારોવાર;
જીવીશુ તો ઘેર આવીશું, નહી તો નવકોટી ઝવાર. ૬
બીડું બાસઠ પાનનું, તૈયાર કરાવ્યું ત્યાંય;
આપ્યું હાથ પ્રધાનને, ફેરવ્યું સભા માંહ્ય. ૭
કોઇ શુરો પુરો સુલક્ષણો, સાંમત સાહેર ધીર;
બીડું ઝડપે આ ઘડી, કોઇ રાખે નામનું નીર. ૮
માત તાત એક જેહને, બીડું એક સમાન;
તે શુરો સંગ્રામ વડે, તે ચાવે રાયનું પાન. ૯
પ્રધાન ફરે સભા વિષે, જોયો સઘળો સાથ;
બીડું લઇ કોઇ નવ શકે, કરે નહિ ઉંચો હાથ. ૧૦

ઉન્યુ જોઈ કોઈ નવ શકે, ખણે ભૂમિપર હાથ;
તેની વેરા તે ઘડી, બીડુ ઝડપ્યું નર નાથ. ૧૧
દેવરો કહે સૌ દેશમાં, સાચવજો તમે ગામ;
આ વેળા આણી ઘડી, અમો જાસુ સંગ્રામ. ૧૨
ત્યાં વડહથ ઉઠયો વાઘજી, હસીને ઝાલ્યો હાથ;
જુદ્ધ કરવા રાય તમે જતા, સુનો સઘળો સાથ. ૧૩

છપ્પો ૧૧૯

જેમ રેણીવ ચંદ્ર, જેમ ચંદ્રવણુ રેણી;
જેમ કાયવણુ કંઠે, જેમ કંઠવણુ કેણી.
જેમ રવિવણુ દીશ, શીશવણુ જેવી કાયા;
જેમ માતા વિના પુત્ર, દેશવણુ જેવા રાયા.
દીપકવણુ મંદિર જશો, નેત્રવણુ નીહાળવું;
તેમ જુદ્ધે જાતાં નગરને, ભૂપત કેમ ભાળવુ.

દોહરો ૧૨૦

તમે જુધ્ધે જાતાં રાય, અતિ સુનો રહે સંસાર;
મરજાદા જાય મુલકની, ભૂપત ભાગે બાર. ૧
નરપત તમો રહો નગરમાં, હુકમ કરો નરનાથ;
સાંમત સર્વ ભેગા થઇ, લડીએ તે સૌ સાથ. ૨
મોરચ્યા જાળવો મહીપતિ, તોપો કરાવો તૈયાર;
જુધ્ધ કરવા અમો જઇશું, વરઘોડે તેણીવાર. ૩
વરઘોડો આણી ઘડી, નીકળો સૌ બહાર;
વચન હું ચુકુ નહિ, સાચું કહુછું આ વાર. ૪

ચોપાઇ ૧૨૧

વરઘોડો વઢવા કારણે, નિકળ્યા સૌ બારણે;
તમો રાય રહો નગર માંહ્ય, અમો જાશુ જુધે તાંહ્ય. ૧
એ વાતે રૂડા વહેવાર, ભુપત વધે તમારો ભાર;
દેવરો ઘણું રળિયાતજ થયો, વેણ વાઘજી અર્થે કહ્યો. ૨
દિવસ ત્રણ રહો નગરી માંહ, વાત કરીશું એકઠા આંહ્ય;
તોપો ગોળા સજ કીજીએ, લડાઇ એઠી લીજીએ. ૩
કૃષ્ણનાળ તોપ સજ કરો, વાવ મોરચે માણસ ધરો;
ઘણા દિવસ થયાં ત્યાં પડી, ખબર કઢાવો કીજીએ ખડી. ૪
જાદવા વખત હતો જે દીન, મુકી ગયા કૃષ્ણ રાજન;
બાણાશુર સરખા જે રાય, તોપે વઢતાં ટકે નહીં પાય. ૫
ગતન વિનાનાં છુટયાં ગાત્ર, બીજા માનવી કોણજ માત્ર;
હમણાં તોપ ભરાવો જઇ, સરતે રાજાજી તો જઇ. ૬

દોહરો ૧૨૨

એવું સુણીને પુરપતિ, હરખ્યો પોતે રાજન;
હવન હોમ હાજર કરો, દેવરો કહે આનંદ. ૧
મહિસા મોકલ્યા મલપતા, વડાં બાકળા મદપાન;
સિંધુર રંગી સજ કરી, રીઝયો ત્યાં રાજન. ૨
છડી અસવારી સજ કરી, થયા અશ્વે અસવાર;
પાંચસેં જુધે પરવર્યા, રૂડા રાજકુમાર. ૩
વાવ્ય મોરચે આવીયા, હવન હોમ બહુ કીધ;
મહીસા મારા મહીપતિ, દેવરે આયુદ્ધ લીધ. ૪

કૃષ્ણનાળ ત્યાં સજ કરી, બસાવ્યો એકજ બહાર;
સામો રાજા સજ થયો, પણ ક્ષેણું નવ લાગી વાર. ૫
ચંદ્રસેનરાય ઢોલણો, આવ્યો કરીને ક્રોધ;
પાંચ સહસ્ત્ર પાખર તુરી, જુલમ અકતરીઆ જોદ્ધ. ૬
જઇ પડયો ગઢ પાછળે, દોઢ લાખનો તોખાર;
પલક એકમાં પરવર્યો, વઢવાને તેણી વાર. ૭

છપ્પો ૧૨૩

ચંદ્રસેન તેણીવાર, સજી તે આવ્યો શુર;
અસંખ્ય સેન્ય આવતું, દેવરે દીઠું દુર.
જેસો રણુમળભમ, ફરે ધડ પાછળ ફેરા;
ચંદ્રસેન ઢોલણે, દીધા રણ સામા ડેરા.
સુતા અશ્વ સાતસેં, વાવ મોરચે જઇ ચઢતાં;
માંડયો મહાસંગ્રામ, ભલા સામંત રણુભળતા. ૧
તોપો ગોરા તીર, ઘણી જંજાળો ગાજે;
ઉડે કાંકરા અતિ, કોટ કેરા ત્યાં ભાગે.
શુરા સહસ્ત્ર ધીર, અચલ કરમાં ઉડી પડે;
કર્તા કહે રડા કહ્યા, પગ મેલણુ માગ ન જડે.

છપ્પો ૧૨૪

જેમ નદીઓ કેરૂ પુર, ભલા રાવત રણુ ભળતા;
કાયર ભાગે કંઇક, પડે પુઠે બહુ પડતા.
તે વેળા દેવરે હુકમ, ગુલમદારને દીધો;
કૃષ્ણનાળ કહુ છોડ, પગરણુ રાજે એ કીધો.
કૃષ્ણનાળ ઉરાડતાં, થરક ત્રણુ લોકે થયો;
ચંદ્રસેન ઢોલણુતણો, ત્રીસ હજાર ફોજ ઉડી ગયો. ૨

દોહરો ૧૨૫

ત્રીસ હજાર ફોજ ઉઠી ગયો, મચ્યો ત્રિલોકે ત્રાસ;
ધરતી લાગી ડોલવા, અને ડોલી આકાશ. ૧
શેષ લાગ્યો સરકવા, પડી પેટમાં ફાળ;
ઇન્દ્ર ચમક્યો ઇન્દ્રાસને, ઝટપટ લાગી ઝાળ. ૨
કૃષ્ણનાળ જે કૃષ્ણની, કોણે કાઢ્યો બાર;
જાલંધરના જુદ્ધ વિષે, એ છુરીની એક વાર. ૩
નાઠા નરપત ઘર થકી, દોલણું છોડી ઘણું;
ઉભો રહું એની કને, તો નિશ્ચે આવે મર્ણું. ૪
જોજન બે ગયા નગરથી, કીધા ત્યાંજ મુકામ;
પાદર વાવ્ય પ્રલ્યે કરૂં, તો દોલણું મારૂં નામ. ૫

ચોપાઇ ૧૨૬

જોજન બે જઇ કર્યો મુકામ, દોલણું ગયો મુકીને ગામ;
કૃષ્ણનાળથી પામ્યો કષ્ટ, દીઠો માનવ જોતાં દ્રષ્ટ. ૧
ભલા ભલા પડ્યા ભુપાળ, જોતાં ઉઠી રાજાને ઝાળ;
સગાં સગાઓમાંથી સર્વ, દેવરા કારણ દુઃખ રગીયું દવ. ૨
નગર દેશ ખુંચીને લેઉ, પીલી સર્વ ગામને દઉં;
કૃષ્ણનાળના કટકા કરૂં, થોડી થોડી અગ્નિમાં ધરૂં. ૩
ત્યારે મારી હોલાયે દાઝ, વળતી ચંપલદે આણું આજ;
સાણુસીએ તોડું એહને, દુઃખ દેઉં એની દેહને. ૪
પાટણ વાવ્યને પ્રલ્યે કરૂં, ઉપાડી દરીઆમાં ધરૂં;
કહ્યું એટલું કરૂં હું કામ, નરપત દોલણું મારૂં નામ. ૫

દોદશ વેરાઇ ગયાતા જે, કર્યા એકઠા રાજાએ તેહ;
કહો ભાઇઓ કરશું કોણુ કામ, વઢશો કે નાઠાની હામ. ૬
ઉત્તર દે સર્વે આ દોશ, રાવત સૌ કહે આપુ શિષ;
ચંદ્રસેન તણું અન્ન ખાઉં, જીવતાં કેમ નગરમાં જાઉં. ૭
એકલાખ હજાર તમ પાસ, દેવરા સરખા આપને ઘર દાસ;
રાવત બોલ્યા એવું તે દીન, રાજાનું સ્થિર રાખ્યું મન. ૮
કોલ સાથે તે રાયને કીધ, બીડુ બાસઠ પાનનું લીધ;
પ્રધાન હાથ વળી આપ્યું ત્યાંય, ફેરવ્યું સર્વ સભાની માંય. ૯
બીડુ જે નર હોંસે ખાય, દેવરાજ સામો લડવા જાય;
તેને મહિપતી કેરાં માન, પરાક્રમી સ્થાપું પ્રધાન. ૧૦
જીતી નગર કરીસે હાથ, સર્વ સૈન્ય સાંપુ તે સાથ;
કોઇ રાણી જાયો હીંમત ધાલશે, તે દાવંત મારી ઝાલશે. ૧૧

દોહરો ૧૨૭

હીમત ધાલી ઊઠશે, તેને મારૂ માન;
સોગન ખાઉં સર્વ સેન્યમાં, એમ બોલ્યા રાજંન. ૧
તાંબાને પત્રે લખી આપું, વીશજ તેને ગામ;
પ્રધાનવટુ જે પુર તણું, તે ઉપર સનમાન. ૨
નિચુ નિહાળે સૌ સરપતિ, ઉંચુ નર જેવાય;
સિંહ મુછ લેવા કરે, તે બીડુ રાયનું ખાય. ૩
દેવરાથકી સૌકો ડરે, કૃષ્ણુનાળનો કેર;
સરતે સુઃખ દેખુ સર્વ, સનમુખ જાતાં શેર. ૪
ઊઠયો મુછો આંમળા, સરતે સાહસ ધીર;
હરખહ સુત આવ્યો અભંગ, વાઝ્યો અર્જુન વીર. ૫

તે વેળા તેની ઘડી, વરજે ધણીએ ચલ્યાં પાન;
ઘડી એકમાં ભેળું નગર, માંડુ મહિપત માન. ૬
કૃષ્ણનાળ તે શું કરે, સુકાવું પહેલી ચોટ;
પાટણુવાળ પ્રલે કરું, દેવરો આણું ડોટ. ૭
એક દિવસની શાખડી, કરવું મારે કામ;
ઝટપટ જઈને આણું હું, તો મારૂં ખરૂં નામ. ૮
ચાલીસ હજાર સાથે ચઢયા, ગડગડીઆં નિશાન;
દેવરા તણી સભા વિષે, જોતામાં થયું જાણ. ૯
બાંડુ ઝડપ્યું ખલક થકી, સરવે બાંધી સરત;
અરજણ વાળા આ ઘડી, વઢવા આવ્યો તર્ત. ૧૦
એવું સુણીને અધિપતી, કર્યો કારમો ક્રોધ;
સમહજાર ત્યાં સજ થયા, જોરાવર મહા જોદ્ધ. ૧૧
રાવત સોંપ્યા રાયજી, વાઘજીને તેનીવાર;
હાજર રહેજો હાકમાં, સૌમાં હે સરદાર. ૧૨
કેસરીઆ સરવે કરો, રાવતને વળી રાય;
તે વેળા તેની ઘડી, વાજ્યો નગારે ઘાય. ૧૩
વાઘજીને ત્યાં દેવરે, સજાવ્યો શણગાર;
સૈન્યા સાથે નિકળ્યા, આવ્યા નગરની બહાર. ૧૪

ચોપાઈ ૧૯૮

હરબ્રહ્મ ચઢી આવ્યો ત્યાંય, દેવરો સૈન્યા લઈ ઉભો જ્યાંય;
દીઠું આવતું લશ્કર જ્યારે, દેવ પુછે વાઘને ત્યારે. ૧
આ લઢવાને આવે કોણ, બીડું લીધું એને પ્રમાણ;
ત્યારે બોલ્યો વાઘરાજ, એ છે બળીઓ જાણો મહારાજ. ૨

બોલ્યો પ્રધાન નંદીનંદ, કરો તૈયાર સેન્યા સમોદ;
એમ વાત કરે જ્યારે, ત્યાં હરબલ આવ્યો ત્યારે. ૩
હરબલ ક્રોધે બોલ્યા બોલ, દેવ નહિ રહે હવે તારો તોલ;
એટલે બોલ્યો વાઘરાજ, યુદ્ધે જાઉં છું હું મહારાજ. ૪
આપો આજ્ઞા સ્વામીનાથ, લડવા તે હરબલની સાથ;
આપી આજ્ઞા ભૂપ દેવરાજ, યુદ્ધે ચઢ્યો તે વાઘરાજ. ૫
સાથે સૈન્યાનો નહિ પાર, કરવા યુદ્ધ તેનીવાર;
વાઘરાજ આવ્યો રણ માંહ્ય, હરબલ બોલ્યો છે ત્યાંય. ૬

દોહરો ૧૨૯

હરબલ બોલ્યો તે સમે, સાંભળ મારા વીર;
આવ્યો વાઘ રણ વિષે, રાખજો મનમાં ધીર. ૧
હમણાં ઉતારી ગર્વ એનો, ક્ષણું ન લાગે વાર;
સર્વ ચઢો તમે જુદ્ધ વિષે, પાછી ન કરો લગાર. ૨
ક્ષત્રિ કેરા બાળ તમે, પુઠ ન દેશો ભાઇ;
તે સાથે સઘળા ચઢો, તરવાર તાણો ધાઇ. ૩
ત્યારે ચંદ્રસેન બોલીઓ, સાંભળો મારા વીર;
લજ્યા મારી રાખજો, તમો ક્ષત્રિ છો રણધીર. ૪
પાછી પાની નવ કરો, હુણ કરો હલ્લાસ;
વાઘને મારી હઠાડો, ફરીને નવ આવે હાલ. ૫
જો વાઘરાજ જીતે કદી, કલંક બેસે શિર;
ચંદ્રવંશી નરકે પડે, તમ છતાં રણધીર. ૬
માટે શુરા હાંસ ધરો, તમે છો મારા વીર;
મારી સહાય તમે કરો, સા છે એના ભાર. ૭

મોટા તમે રાજવંશી, મારે તમારી ઓથ;
પાછી પુઠ તમે નહિ કરો, મારી હઠાડો દેઠ. ૮
સર્વ રાજા પટાવતો, બોલ્યા એક અવાજ;
ચિંતા તમો કરશો નહિ, પ્રભુ રાખશે લાજ. ૯
હમણાં તે રણમાં રોળાઇ, જશે પ્રભુની પાસ;
લઇશું આણ એનો નક્કી, છેલ્લી લેશે હાશ. ૧૦
નગર એ બધું ઉજડ કરી, ઉતારૂ એનો તોલ;
દેવ રખડતો રહેશે, લઇશું લાજ અમોલ. ૧૧
નહિ હઠીએ પાછા અમો, ખાત્રી રાખજો મંન;
એનું મૃત્યુ આવી રહ્યું, રવડશે માત તંન. ૧૨
એવું સાંભળી ચંદ્રસેન, બોલ્યો છે શાબાશ;
પુર્ણ ભરોસો છે મને, શી ચીંતા તમો પાસ. ૧૩
એમ કહી તે રણ ચઢયા, વાઘરાજ ચંદ્રસેન;
સામ સામાં આવી મળ્યા, બોલ્યો વાઘ ક્ષત્રિન. ૧૪

છપ્પો ૧૩૦

સસા શિયાળ સંગ, મળે તેને લાગે મીઠો;
શાર્દુલ સિંહને સુર્ય, દુર કદી ના દીઠો.
કાયર કરવી સાથ, વેર કરી તું વળગ્યો;
શુરા સહસ્ત્ર હથિયાર, ભલે મારથી મચીગો.
માટે તું શું જોઇ આવીયો, નહિ રહી શકાય તુજથી;
માટે જા છાનોમાનો, નક્કી સમજજે હુંજથી.
સિંહની સાથે શિયાળ, જોર કરી કેમ જીતે;
મુજ સામો તુજ મળ્યો, રંગ કેમ રાખે શરતે.

અજા ટોળું હોય અતિ, પુઠે સિંહજ પડીયો;
ગજ ટોળું હોય અતિ, ચોટ અનલર હે અડીયો.
મુજ સામો મહિપતી, મરદ પણ આવી અડગ્યો;
જો ન ઉતારૂં માન તાહરૂં, તો મા પેટે પથ્થર પડ્યો. ૨

રાગ મારૂ

ચઢ્યો વાઘરાજ મહા જોધ, જેનો સમર ત્રિલોક વિરોધ;
વાગે વાજીંત્ર નાના પ્રકાર, બેઠા રથમાંહે ક્ષત્રિ કુમાર. ૧
ચતુરંગી સૈન્યા સાથ, ઘણાં શસ્ત્ર ગ્રહ્યાં છે હાથ;
આવ્યો રણમાં વાઘરાજ જ્યારે, નાઠા ગાગરવાડીઆ ત્યારે. ૨
વાઘરાજે કર્યો સિંહનાદ, ચઢ્યો હરપ્રસાદ સુણતાં સાદ;
કરમાં ગ્રહિ ધનુષ બાણ, કુદ્યા હરપ્રસાદ કરી ઘુમસાણ. ૩
ગાજીને કહેતા દેવરાજ કોશ, મારે બાણ તે દીશ;
દેવરાજ સામો હરપ્રસાદ, વઢે કૃષ્ણને શિવ તેમ. ૪
વાઘરાજ સામા રાયસંગ, વીરસેનને મોરૂસંગ;
હરિસંગને હીમતસિંહ વીર, માનસંગજી ને લક્ષધીર. ૫
ઉદયસિંહને અચળસિંહજી, મારવાડનો માનસંગજી;
વરસોડાના રાજા રૂપસિંહ, વીરમગામના ભારતસિંહ. ૬
કચ્છનો રાજા તે સાથ, ઉદેપુરનો રાણો હાથ;
એમ ભીરૂ પડી અપાર, એક એક ન પામે હાર. ૭
થયો દારૂણ રણસંગ્રામ, મોટા મહરથી મુકે મામ;
એમ કરતાં નીશા પડી તાંહ, અંધકાર થયું નભ માંહે. ૮
ત્યારે કોઇએ નવ ઓળખાય, ત્યાં સામસામી અફળાય;
પછી ઇંદુ ઉગ્યો છે આકાશ, ત્યારે સર્વે થયું છે પ્રકાશ. ૯

આવ્યો વાઘરાજ હાથીથી, જાણે ઘુમતો મકગોહાથી;
તેને જોઇ જુદ્ધપતિ આઠ, ચઢ્યા સૈન્ય તણો સજી ઠાઠ. ૧૦
વાઘરાજે કર્યો સિંહનાદ, કંપ્યા ગાગરવાડા સુણતાં સાદ;
ગીરિ તરુવર તે પાષાણ, મારે ગાગર કરતી બહુ બાણ. ૧૧
નથી વાગતું તેને અંગ, જાણે પરવત કેરું શૃંગ;
કહે છે આયુધ શે લેખે, એમ કહીને ગાગર ઉવેખે. ૧૨
કરમાં એક મુગદળ ઝાલી, હરપાળ ભણી આવ્યો ચાલી;
તે સમે ગાગરડાએ એક કાળ, કરી બાણની વૃષ્ટિ વિશાળ. ૧૩

દોહરો.

ગાંજ્યો તે કોઇનો જાગે નાહ, ચઢ્યો મેઘ અષાડ તેમ;
ચંદ્ર ચઢ્યો રાહુ ઉપરે, વાઘરાજ ચઢ્યો એમ. ૧
અભિમન્યુ ચક્રે ચડ્યો, કૌરવ કેરી સાથ;
એમ હરપાળ સામે અડ્યો, ખડગ ગ્રહીને હાથ. ૨
ખડગ ગોળાને ફરશીઓ, બાણ તરકસ તીર;
સંગ્રામ મચ્યો રણ વિષે, વિંધાય છે શરીર. ૩
જમદાઢા છરા બરછીઓ, અંકુશ ગ્રહી ઘણા જોદ્ધ;
મુરતક વિના બાટક્યા, કરતા અતિશે ક્રોધ. ૪
પાષાણ નાખે ઘણા મલપતા, તે ગ્રહી સાંખે ઘાવ;
બાણ વાગે વાઘરાજનાં, તે સહિત ઉડી જાય. ૫
બખતર પાખર ટોપશું, જુલમ વેઠે ચાર;
સંગ્રામ મચીઓ સૈન્યમાં, થઇ રહ્યો હાહાકાર. ૬
વાઘરાજ અંગે આયુદ્ધ અડતાં, રૂધીર બોમી જાય;
છુટે યોદ્ધા શસ્ત્ર લેઇને, સંગ્રામે સામા થાય. ૭

દેવરાજ આયુદ્ધ વાપરે, ખળભળે યોદ્ધા ધીર;
રૂધિરમાં મુસ્તક તરે, વહે નદીઓ શોણીત નીર. ૮
બળવંત એવા બાહુબળ, શેષ ડગ્યો પાતાળ;
ભોવન ત્રણ લાગ્યાં ડોલવા, પડી સરવને ફાળ. ૯
ભુમંડળ લાગ્યો ધ્રુજવા, ડગમગ્યો ભાણ;
આભ છવાયો બાણથી, કાયરના જાયે પ્રાણ. ૧૦
ડાટ વાળ્યો ઘણા કષ્ટથી, ધસમસે કરી ક્રોધ;
ખડગવતી વાઘરાજજીએ, માર્યા હરમ્હલ જોદ્ધ. ૧૧
તે સમે નાસવા લાગ્યા, ગાગરવાડાના લોક;
ચંદ્રસેનને ફાળ પડી, થયો મનસુબો ફોક. ૧૨
નાસાપાસ થઇ લસકર મહી, ગાગરવાડાની માંય;
ઘણા રાજા ઘાયલ થયા, તે નવ જોવાય. ૧૩
રાજા ચંદ્રસેન હબકી ગયો, આતે શું કહેવાય;
મારા સારૂં રાજા ઘાયલ થયા, તેથી કેમ ખમાય. ૧૪

રાગ બનજારા

ચંદ્રસેન—પ્રભુની ગતી છે ન્યારી, આવ્યું વાદળ સંકટ ભારી,
મોટા મોટા ક્ષત્રિરાજ, પડયા રણ મુજ કાજ,
હે સચીવ શી ગતી થશે મારી. આવ્યું.
મહા વિકાળ ક્ષત્રિકુમાર, ઉતાર્યું મુજ માન અપાર,
પાડું કાયા હવેતો મારી. આવ્યું.
શું મોઢું લેઈ જવું શહેર, વરત્યો કાળોકેર,
મુજ આબરૂ ગઇ સારી, આવ્યું.
અરે પ્રભુ જગકર્તા ગિરિધારી, બને ઇચ્છા હોય જેમ તારી,
પડતી દશા આવે છે હવે મારી. આવ્યું.

ચક્રવતી ચંદ્રવંશી હું રાજ, તે નાશ પામ્યું મહારાજ,
નહીં જીવવું હવે દુનિઆરી, આવ્યું.

અહાહા ? હો પ્રભુ તારી ગતિ ગહન છે મનુષ્યની ચડતી પડતી તારાથીજ થાય છે ? રાય હોય અગર રંક હોય, પણ તે હે પ્રભુ રાયને રંક અને રંકને રાય બનાવનાર તુંજ છે શું ? મારી આ દશા ? હું કોણુ ચંદ્રવંશી રાજા તે આ વખતે ચંદ્રવંશીનું બીજ ગયું અને રાઠોડનું બીજ ચઢયું ? (આવી કલ્પનાઓ કરે છે તે વેળા)

પ્રધાન—મહારાજા હવે શોક જવાદો ? ને જે પ્રયત્ન આદરવો હોય તે આદરો ?

ચંદ્રસેન—હે પ્રધાનજી ? હવે આ દુનિયામાં શું મોઢું બતાવવું. મોટા મોટા રાજા તથા મોટા મોટા યોદ્ધા રણમાં પડયા અરે પ્રભુની ગતિ કેવી છે ? અહા ? વાઘરાજ શું એની હીમત. અહા ? રાઠોડ શાખાનું નામ રાખ્યું બરાબર છે દેવરાજ મહાશુરવીર પણુ છે ત્યાર વગર આવી હીમત ચલાવે નહી ? હું ધારતો હતો કે તે છોકરા જેવા છે, તેમનામાં શી હીમત છે પણુ આપના ચંદ્રવશીને કલંક લગાડયું, કન્યા સિવાય ઘેર જવું પડશે તેથી કુળને ખાંપણુ લાગે છે અને શું મોઢુ લઇ ઘર તરફ જવું. નહિ ? નહિ ? હવે તેમ કદી બનનાર નથી, ગમે તો મરી જવું, અગર સાધુ થઇ તિર્થયાત્રામાં ફરવું ? ઓ મારા વ્હાલા ભરતસિંહજી ભાત ? હવે તમે ઘર તરફ સર્વ લઇ સિધાવો ને રાજ ચલાવો ? હવે હું કદી પણ રાજ્યની અંદર પગ મુકનાર નથી ?

ભરતસિંહજી—હે જેષ્ઠ બંધુ ? આપ આ શું બોલોછો ? વિચાર કરો વિચાર આપ ક્ષત્રિ કુમારને લાજ શી જવાની હતી કન્યા ગઇ તો બહેતર, તેના જેવી સતરસેં કન્યાઓ લાવીશું ! એમાં શું થઇ ગયું ? ને શા માટે શોક કરોછો ? મનુષ્ય માત્રની ચડતી પડતી આવે છે ? માટે તેવો વખત પણ હોય માટે શોક જવા દઇ રાજ્ય તરફ પરવરો ?

ચંદ્રસેન— **રાગ રામગ્રી**

શુંરે વદો મુજ ભ્રાતજી, ક્યમ રહે આ દેહ;
નાક ગયું પછી શું રહ્યું, તે જાણો છો નેહ. શું વદો.
ક્યમ અવાય હવે શહેરમાં, ખોયું ક્ષત્રિ નીર;
ખાંપણ લાગ્યું કુળને, ક્યમ રહે હવે ધીર. શું વદો.
માટે મરવું કે નહી આવવું, એ કરવો ઉપાય;
ચંદ્રવંશી નરકે પડે, જો આવું તો તે થાય. શું વદો.
માટે સુખેથી પધારજો, રાજ તરફ ભ્રાત;
રાજ ચલાવજો રીતથી, રૈતની કરજો ખાત. શું વદો.
માતને પ્રણામ કહેજો, ભાઇ નિશ્ચે જાણ;
ક્ષત્રિ થઇ આવું નહી, તે જાણો પ્રમાણ. શું વદો.

ભરતસીંહજી— **રાગ બનજારા**

જવાદો શોક હવે પ્રિય મારા, થવાકાર જે હોય તે થારા;
ચડતી પડતી જનને આવે, નહી લેશ શોક એ લાવો;
માટે ને કરો આ કાજ પ્યારા. થવા.
સમજાવીશું રાજકુમાર, કન્યા પરણાવું તૈયાર;
માટે મુકો શોક દીલધારા. થવા.

માટે હે? જેષ્ઠ બંધુ શોક જવાદો? શોક કરવો વૃથા છે? માટે નગ્ર તરફ પધારો? (ત્યાં કેટલાક દેશના રાજાઓ આવેલા છે, તે દેશના રાજાઓ બેઠા છે તેમાંથી જામનગરના મહારાજા ગોસાઇ-સિંહજી ચંદ્રસિંહની પાસે આવી કહે છે)

ગોસાઇસિંહજી—મહારાજ શોક જવાદો! ને હું કહું તેમ કરો

રાગ ભાટ

હે ક્ષત્રિરાજા, હે મહારાજા, મમ શિર તાજા, શોક મટાડું આજ,
શોક મટે તમ બેઉ જણની, આવે સરવે સંગ,
ઉપાય એક છે આચરો તો, સગપણ થાય સંગરે;
હે રૈયતના પ્યારા, મમ મિત્ર પ્યારા, કહું છું સારા, શોક મટાડું આજ.
એ નારી નહિ કામની આપ, ગઇ છે દેવરા હાથ,
રૂપ કુળવંતી છે કન્યા તેને, પરણાવું તમ સાથરે;
જો ઇચ્છા હોય તો કહું હું તો, જઇને એતો શોક મટાડું આજ,
દેવરાજની બેન કહાવે, સોળ વરસની ઘર માંહ્ય,
ચાલો આમે મલી એને, હા કહેવરાવીશું ત્યાંહરે;
છે કુળવંતીએ, ચંદ્રમુખીએ, જોઇછે એ, શોક મટાડું આજ.

હે વ્હાલા મિત્ર ચંદ્રસિંહજી, જો આપની ઇચ્છા હોય તો દેવરાજની બેન છે. તે સોળ વરસની થએલ છે. તે મારો મીત્ર છે. જો હું તેને તમારી સાથે પરણાવવાનું કહીશ તો મારૂ કહ્યું માનશે. ને આપનું સર્વે વેર નાશ પામશે. જે ચંપકદેવી આશા રાખી બેઠાછો, તે સર્વ મિથ્યા છે? ને હવે તે કન્યા આપના ખપની પણ નથી માટે જો ઇચ્છા હોય તો, હું દેવરાજની રૂબામાં જઇ તેને સમજાવું. ને ચંદ્રવંશીને પરણાવતા કદી પણ ના નહિ કહે?

ચંદ્રસેન—[ખુશી થઇ] રાગ ત્રિતાલી ચોપાઇ

સાંભળો ગોહાજી રાય, રાજ દેવરાજ સભાય;
મોંડી સઘળી કહેજો પેર, આપ પરણો બાબરીઆ ઘેર.
નહિ કન્યા જોઇએ એ મારે, પરણો સુખેથી તમારે;
લગન નિરધારી લાવજો, સમાચાર રૂડા કહાવજો.
સમપણ થાય તો કલેસ જાય, પરણો આપ બાબરીઆ કન્યાય;
એવું જઇને કહેજો આપ, નહિ કહેવું પડે તમ બાપ.

માટે વ્હાલા બંધુશ્રી ગમેતે પ્રમાણે સમજાવી ઠેકાણું પાડો નહી તો મારે મરવું પડશે. ને ગમે તે પ્રકારે ચંદ્રવંશીનું નાક રહે, તેમ કરો.

ગોસાઇસિંહજી—બહુ સારૂ ગમેતે પ્રકારે તેમને સમજાવી નક્કી કરી લાવીશ. આપ સુખેથી તંબુએ પધારો ? (એમ કહી પોતે જાય છે.)

દેવરાજની સભા

પાત્ર—દેવરાજ, વાઘરાજ, નંદીનંદ પ્રધાન, પાછળથી ગોસાઇસીંહજી

દેવરાજ—પ્રિય વાઘરાજ હું તારી બહાદુરી જોઇ ઘણોજ ખુશી થયો છું ? તેં રાઠોડ કુળનું નામ રાખ્યું ?

વાઘરાજ—વ્હાલા મામાશ્રી ? એમાં મારી શી બહાદુરી ? એ બહાદુરી જગતકર્તાની છે ?

નંદીનંદ—મહારાજા ? હજુ ચંદ્રસેન, વીગેરે આવેલા રાજાઓ પોતાના દેશ તરફ ગયા નથી ?

વાઘરાજ—પ્રધાનજી ? નહિજ ગયા હોય ? એ મહા અભિમાની એકદમ જાય તેમ નથી ! [છડીદાર પ્રવેશ કરે છે]

છડીદાર—[નમન કરી] મહારાજા કોઇ રાજા આપશ્રીને મળવા ચાહે છે ?

દેવરાજ—સુખેથી આવવા દો! (ગોસાઇસિંહજી પ્રવેશ કરે છે.)

દેવરાજ—(ગોસાઇસિંહજીને આવતા જોઇને) ઉભા થઇ ? પધારો મહારાજ. [એમ કહી સત્કાળ સાથે]

ભલે પધાર્યા રાજબીજ, ભલે પધાર્યા આજ;
પાવન થઇ મુજ સભા, આપ ચર્ણ તઃજ.
જામનગરના ધણી, જુગમાં વિખ્યાત;
ધાન્યા હર્ષ આજ અમો, પધાર્યા સાક્ષાત.

હે મહારાજા ? આપના દર્શનથી હું અને મારી સભા પાવન થઇ ? (પોતાની સાથે હાથ ઝાલી બેસાડે છે.)

ગોસાઇસિંહજી—આપ મહારાજા છો ? ને મને આટલું બધું માન શા માટે આપો છો ? આપ જાદવ છો ? ને હું જામ છું ? આપશ્રીના આગળ મારો શો હીસાબ ? જેથી મને એટલું બધું માન આપવું સોભતું નથી ? હું આપનો એક મિત્ર છું ?

દેવરાજ—વાહ ? એમ કેમ ? ગમેતે પણ રાજપદવી સર્વને સરખી છે ? હું આપશ્રીને મિત્ર તરીકે વધુ ચાહું છું ? ને રાજા તરીકે સર્વને સરખા માનું છું હું ઉંચનીચ કદી ગણતો નથી ? વ્હાલા મિત્ર ગોસાઇસિંહજી આપનું પધારવું કેમ થયું તે કહેવા કૃપા કરશો ?

ગોસાઇસિંહજી—વ્હાલા મિત્ર દેવરાજ ? અત્યારે હું રાજા તરીકે નહિ પણ મિત્ર તરીકે કહેવા આવ્યો છું ?

દેવરાજ—ભલે મિત્ર તરીકે કહો ? મારાથી બનશે તો તે કામ કરીશ ?

ગોસાઇસિંહજી—વ્હાલા બંધુશ્રી દેવરાજ, આપ વિદ્વાન, ચતુર અને શૂરા છો ? જેથી આપશ્રીના આગળ મારી મતિ અલ્પ છે. આપે જે ચંદ્રસેન સાથે વેર કર્યું છે? તે વેર મનમાંથી દુર કરવા હું અત્રે આવેલ છું ? ચંદ્રસેન ચક્રવર્તી રાજા, એના સર્વ સામંતો, તેના મિત્રો, અને કેટલાક પધારેલા દેશી રાજાઓ વીગેરેમાંના કેટલાક રણમાં પડયા ને કેટલાક ઘાયલ થયા છે જેથી તે મરવાને તૈયાર થયો છે ! ચંદ્રવંશીનું નાક કપાઇ ગયું છે. જેથી મેં તેને ધિરજ આપી આપશ્રીને કહેવા આવ્યો છું પણ......

દેવરાજ—વ્હાલા મિત્ર, કહેતાં શાસાટે અટકોછો ? આપનો બોલ કદી પણ હું ઉથાપનાર નથી ! માટે સુખેથી કહો ?

ગોસાઇસિંહજી—મહારાજા ? મને ખાત્રી છે કે મારો બોલ કદી ઉથાપનાર નથી ? તો કહેવાનું કે તે ચંદ્રવંશી ચક્રવર્તી રાજા છે? તેમ તેનું કુળ પણ ચઢતું છે ! ને આપની કન્યા તેને ઘેર જવાને શોભતી છે? તો આપની બહેન સાથે તેનાં લગ્ન કરવામાં કંઇપણ વાંધો નથી ? જેથી તેની આબરૂ રહે ? ને આપનું માન રહે ? આપ ચૌદ વિદ્યા ગુણ જાણુ છો? જેથી તેના ઉપર ઝેર ન રાખતાં, મારૂ માન્ય રાખી તેમ કરો તેથી આપની કીર્તિનો ફેલાવો થશે અને પ્રિતીમાં વધારો થશે !

માટે આપ તેને કન્યા પરણાવો ? અને બંન્ને ભેગા થઇ હર્ષથી જમો ને આનંદ કરો ? ત્યારપછી તેને વીદાય કરો ? કે જેથી આપશ્રીનુ માન વધશે ? ને ચંદ્રવંશીનુ નામ રહેશે, તેનો જીવ બચશે ? મારી આ વીનંતી છે તો તે કૃપા કરી સ્વીકારો ?

દેવરાજ—વ્હાલા બંધુ ગોસાઇસિંહજી, આપનું કહેવું ખરું છે પણ તે અભિમાની છે ? ને કંઇ બોલે તો ?

ગોસાઈ સિંહજી—મિત્ર દેવરાજ હવે તે કદી પણ બોલનાર નથી ? ને તે મરવાને તૈયાર થયેલો હતો ? પણ હું તેને સમજાવી અટકાવીને આપશ્રીને કહેવા આવ્યો છું, નહિતો આટલી આજીજી આપને કરત નહિ, પણ આપ ચતુરસુજાણ છો ? જેથી કરીને કંઈ વધુ કહેવા ચ્હાતો નથી.

રાગ માઢ

હે નરપતિ રાજા, હે મહારાજા, રૈયત તાજા, દેવાંશી અવતાર;
જો માનો મુજ કહ્યુ આ વારે, તો થાશે સુકીત કાજ;
ઉપમા વધશે અવનિ વિષે, જાય ચંદ્રસેન લાજરે;
પદ્મની નારી, પ્રિતેથી ધારી, વરોને પ્યારી, (છો દેવાંશિ.)
સર્વ મટે દુશ્મનતાઇ એ, સાચુ માનજો રાજ;
છો આપ ગુણવાન તો, અલ્પ મતિ મુજ આજરે;
ચંદ્રકુમારી, પ્રિતેથી ધારી, આપો વારી; (છો દેવાંશિ.)

ત્રિતાળી ચોપાઈ

દેવરાજ—(હસીને)

સાંભળો ગોહાજી રાય, તમો આવ્યા પાછા કેમ જાવ;
આપ બોલ્યા જે અતિ પેર, આપ ચરણ ક્યાંથી હું છેર,

સગાઈ કરૂ વ્હાલણા ઘેર, મુજ ઉપર રાખજો મ્હેર;
સર્વ નોતરે આવ્યા છો રાય, તેમાં કોઈ પાછા નવ જાય.
કરૂ સેવા સર્વ રાજન, આપુ ખુશીથી કન્યાદાન.

હે? રાજા ગોસાઇસિંહજી આપ સુખેથી જાવ, ને સર્વ આવેલા રાજાઓને તેમ ચંદ્રસિંહજીને મારા નગ્રમાં તેડી લાવો? હું ખુશીથી મારી બહેન સાથે ચંદ્રસેનનાં લગ્ન કરીશ? માટે મારા નગ્રમાં સર્વ પધારો? (ગોસાઇસિંહજી ખુશી થઇ ચંદ્રસેનના મુકામે આવે છે ને સર્વ હકીકત કહે છે? જેથી ચંદ્રસેન ખુશી થાય છે? ને સર્વ રાજાઓ સામંતો સાથે પ્રવેશ કરે છે? ને ઉતરવા બંગલા આપે છે?

રાજસભા લગ્નમંડપ.

પાત્ર. દેવરાજ, નંદીનંદ પ્રધાન, વાઘરાજ, ચંદ્રસેન અને બીજા કેટલાક રાજાઓ, ચંદ્રકુંવરી, કંચનીઓ વીગેરે.

દેવરાજ—પ્રિય પ્રધાનજી?

પ્રધાન—મહારાજા?

દેવરાજ—વ્હાલા પ્રધાનજી? અત્યારે ચંદ્રસેન રાજા મરવાને તૈયાર થયેલો હોવાથી તેના ઉપર સર્વ વેર, દુસ્મનતાઇ કાઢી નાખી આપણી બેન ચંદ્રકુંવરીનુ લગ્ન કરવા તેમની સાથે ધારેલું છે.

વાઘરાજ—વ્હાલા મામાશ્રી ઘણી ખુશીની વાત છે? તેમાં આપની કિર્તી ફેલાશે? ને રાજ્યનાં વખાણ થશે? ચંદ્રવંશીની પડતી દશા ચઢતી થશે? તે સર્વ આપના શહેરમાં આવી ગયા છે? ને તેમના માટે સારો બંગલો ઉતરવાને આપ્યો છે. (તેટલામાં ચંદ્રસેન વીગેરે રાજા, સામંતો પ્રવેશ કરે છે ને ઘણાં આનંદ સાથે ભેટે છે.)

દેવરાજ—ચંદ્રસેનજી મેં તમોને ઘણું દુઃખ આપ્યું છે? તમારા કેટલાક સામંતો, ભાયાતો વીગેરે મારાથી ઘાયલ થયા છે? પણ હવે તે મનમાં કંઇ નહિ લાવતા! જગતકર્તાની બધી ખુબી છે? માટે થવાકાળ વસ્તુ થયા જાય છે? બાબરીઆની રાજકન્યા સાથે મારે એક વખત મેળાપ થવાથી તે મારી પર મોહી પડીને એકદમ તેણે પણ લીધુ કે તમારા સિવાય પૃથ્વી વિષે મારે સર્વ ભાઇને બાપ છે. હું મારા પિતાને કહેવરાવીશ ને તમો પણ કહેવરાવજો, જેથી મેં જીવરાજને ત્યાં ગોર સાથે કહેવડાવ્યુ કે તમારી રાજકન્યાનું દેવરાજ માગણું કરે છે? આવું કહેવડાવતા તેણે હા પાડી? પણ પછી મારી મરજી ના થવાથી મેં પાછળથી ના પાડી.

ચંદ્રસેન—ના પાડવાનુ કંઇ કારણુ?

દેવરાજ—વ્હાલા ચંદ્રસેનજી? ફકત ના પાડવાનું કારણ કે તે સર્વ બાબરીઆ મારે આશરે આવી રહ્યા છે, ને તે રાજા જીવરાજના મનમાં કદી એમ આવશે કે કન્યા માગી લીધી. જેથી મેં ફરી ગોરને મોકલી કહેવડાવ્યું કે કન્યાદાનમાં થોડુ એક ધન માગો? ત્યારે તે રોષે ભરાયો, ને હું વીક્રય કરૂં? કદી તેમ કરનાર નથી? એવું કહેવરાવ્યું. જેથી આપનં સાથે વિવાહ થયો, પણ તે રાજકન્યાએ મને આગળથી તેની દાસી સાથે પત્ર લખીને કહેવરાવ્યું કે જો મારૂં લગ્ન ચંદ્રસેન સાથે થશે તો હું સ્ત્રીહત્યા આપીશ, માટે તમો મારૂં હરણ કરો નહીતો હું આપઘાત કરીશ જેથી મેં અર્ધા લગ્ન વખતે સ્ત્રીહત્યાની બીકથી મેં તેનું હરણ કર્યું છે? માટે હે રાજા ચંદ્રસેન તે વિષે હવે કંઇ મનમાં ન લાવતા?

તેમ સર્વ પધારેલા રાજાઓ; સામંતો હવે મારા વિષે કંઇ પણ કલ્પનાઓ નહિ કરતા, થવાકાળ વસ્તુ થયા જાય છે?

સર્વ રાજાઓ—પ્રિય દેવરાજ? તેમાં શું ક્ષત્રિનો ધર્મ અદા કરવોજ જોઇએ? તમારા જાદવકુળને ધન્ય છે. કે સર્વ રાજ્ય કરતાં ચઢીઆતુ ગણાય છે. તમારા જેવા ધર્મિષ્ટ અને પ્રજાહિતેચ્છુ તેમજ બહાદુરી બીજા કોઇ કુળમાં રહેલી નથી.

વાઘરાજ—મારા સર્વ બંધુઓ, રાજાધિરાજાઓ શા માટે અમારાં વખાણ કરો છો, તે સર્વ જગતકર્તાની કૃપાથી બન્યા જાય છે.

દેવરાજ—મારા સર્વ બંધુઓ, રાજાધિરાજાઓ હવે લડાઈની તકરારનો આજથી હું નિવેડો લાવવા મારી પાસે કંઇ એવી વસ્તુ નથી તોપણ, કુબેરજીના આગળ કોડી અને સુર્યના આગળ દીપક સમાન એવી મહારી વહાલી બેન ચંદ્રકુંવરીને ચંદ્રસેનજીના રક્ષણમાં નિરંતરને માટે સોંપુ છું.

સર્વે રાજાઓ—અહાહા! ઘણીજ ખુશીની વાત છે, કે જેથી આપની કીર્તિ જગતમાં વધશે, અને જાદવ કુળનાં વખાણ થશે.(તે વખતે ચંદ્રસેનજી અને ચંદ્રકુંવરીનો હાથ ઝાલીને) ચંદ્રસેનજી આજથી તમે મારા બનેવી છો ને આ મ્હારી વ્હાલી બેન તમને સોંપુ છુ માટે તમારા ગુણ તેમના ઉરમાં ઉતારજો ને સંભાળ રાખજો.

સર્વે રાજાઓ, સામંતો—ચંદ્રસેન અને ચંદ્રકુવરીનો વિજય! દંપતિનો જય થાઓ.

કંચનીઓનો નાચ

ગાયન

કચેરી ખીલી ભારે જગરાય,
શોભા ભારે આપે મહારાય;
થઈ રહ્યો આનંદ ઉરમાંહ્ય. કચેરી

ચંદ્રકુંવરી બેનનાં લગ્ન થયાં નૃપ અમન ચમન;
ચંદ્રવંશી રાજા ચંદ્રસેન પ્રજાકે ભુપ પાલન. કચેરી
ચંદ્રવંશીનું રાજ કહેવાયે ચક્રવતી ભૂપ અવની;
નિતી ન્યાય ત્યાં સદાયે વહાર કરે સઉની કચેરી
તેવા અગારા રાજ ભૂપરે ધર્મિષ્ટ મહા ભૂપાલ;
પરમાર્થ મન રાયનું રે રંકને કરતારે ન્યાલ. કચેરી

(ત્યારબાદ કંચનીઓને જોઇતુ ઇનામ આપી વીદાય કરે છે, ને સર્વ મન માન્યો આનંદ પામી કેટલાક દીવસ રહી રજા માગીને પોતપોતાને દેશ જાય છે)

દેવરાજનો ખાનગી અવાસ.

પાત્ર દેવરાજ (પાછળથી) ચંપલદે

દેવરાજ.—અહા! હે પ્રભુ તારી કળાનો પાર નથી, અરે હું ચંપલદેના સુખમાં મ્હારી પરમ પ્યારી ચંપાવતી તો ભુલીજ ગયો, ચંપાવતિ! ચંપાવતિ હું ચંપલદેના સુખમાં તારૂ ભાન ભૂલી ગયો. તું મને યાદ કરતી હશે. અહાહા! એની પ્રિતી મારા પ્રત્યે કેવી હતી, જે પોતાના મનથી વરીને સતિ થવાને તૈયાર થયેલી, મારે માટે પોતાના પિતાનો ત્યાગ કરવા તૈયાર થયેલી, તેવી સ્રીને આ ચંપલદેના સુખમાં લુબ્ધ થઇ ભુલી ગયો. આ જીવતા ફરીએ છીએ, સુખ ભોગવીએ છીએ તે પ્રતાપ બધો ચંપાવતિનોજ છે. અહાહા! કેવી ચતુર, એની કેવી દ્રઢતા, કેવી તેની નમ્રતા, ને મારા પ્રત્યે તેનું કેવું હેત, કે જેના પ્રતાપે શ્રી શંકરનાં દર્શન થયાં. તેવી રાજકન્યાને હું ભુલી ગયો!

ગાયન

(કહુ શું નથીએ દુખીઓ કીએ છે) એ રાગ

ચંપાવતી પ્યારી, મેં ત્યાગ કીધી છે;
આ ગડબડાટે, ભુલ લીધી છે.

તુજ પ્યાર મુને, અતિ ગુમાવ્યો;
હૃદય આ મારૂં સાંભળી લાવ્યો. ચંપાવતિ

અરે મુજ પ્યારી, જાન લેઇને;
આવું પ્રભાતે, લેઇ સર્વને. ચંપાવતિ

ચંપલદેના, પ્યારથકી હું;
વિસરી ગયો, નિશ્ચે રહે તું. ચંપાવતિ

મોકલીશ ખાંડુ, પરણવા કાજે;
આવજે તુ તેની, સાથે તું આજે. ચંપાવતિ

તુજ પ્રતાપથી આ રાજ કરૂં છું
નહીતો સ્વર્ગ, હોન ચહું છુ. ચંપાવતિ

ત્હારી કૃપાથી, પાવન થયો;
જગતકર્તાએ અમૃત પ્યાલો પાયો. ચંપાવતિ

ભુલ થઇ જે, આજ સુધી મારી;
માફ કરજે એ, પત્ની રે પ્યારી. ચંપાવતિ

વ્હાલી ચંપાવતિ, ચંપાવતિ. તું મને બહુ યાદ આવે છે, સવારમાં સભા કરી ખાંડુ લેઈ વાઘરાજને જલદીથી મોકલું અહાહા! ચંપાવતિ, ચપાવતિ, તું મારૂ નામ સદા રટન કરતી હશે. (ચંપલદે પ્રવેશ કરે છે)

ચંપલદે—(ઉદાસીમાં જોઇને) મ્હારા વ્હાલા? સ્વામીનાથ, પ્રાણ-આધાર, હૈયાના હાર આપ આજ કેમ દિલગીરમાં છો, ઉદાસમાં છો, તે કૃપા કરી આ આપની દાસીને કહેશો.

દેવરાજ—કંઇ નહિ પ્રિયા, એતો મારૂં મન હંમેશાં એવુંજ રહે છે.

ચંપલદે—વ્હાલા પ્રાણપતિ શા માટે આ દાસીના આગળ જુઠું બોલો છો, નહિ નહિ આજ આપ કંઇ ચિંતામાં છો, કારણકે હંમેશાં આપનો ચહેરો પ્રફુલીત રહેતો હતો; ને આજે મને તેમજ ભાસે છે.

રાગ બનજારા

દેવરાજ—સાંભળને મમ પ્યારી, ચિત ચિંતા એ કહું વીસ્તારી;
સાંભળી ચંપાવતિ નારી, જેણે દર્શન કરાવ્યાં ત્રિપુરારી,
કર્યો સફળ મનખો મુજ યારી. ચિત ચિંતા એ
આજ સાંભળી કાળજુ બાળે, મુજ સિવાય ટળવળે;
માટે પ્રભાતે ખાંડુ જાય ધારી. ચિત ચિંતા એ
વજેપાળ રૂડા રાજ, મુજ ઉપર હેતનો પાજ;
પ્રેમાવતિ અતિ રાણી સારી. ચિત ચિંતા એ
માટે જ્યારે હવે એતો મળશે, ત્યારે ચિતડુ મુજ ઠરશે.
આથી છે જીવ ઉદાશી નારી. ચિત ચિંતા એ

રાગ માઢ

ચંપલદે—હે પ્રિતમ પ્યારા, ચિંતાન્યારા, કંથજી મારા ન કરો ચિંતાજ;
મોકલો પ્રભાતે ખાંડુ લઇને, વાધરાજ પુજ્ય;
પરણાવી ચંપાવતિને, આવશે એ સુઝરે;
એ નક્કી જાણો, મનમાં આણો, નહિ પહાણો. ન કરો.
કુળવંતી છે ચંપાવતિ એ, મુજ સરખી છે જોડ;
અમો બંને સંપી રહીશું, નહિ આવે લેશ ખોડરે;
હે મહારાજા, મમ શિરતાજા, વિશ્વમાં વાજા, ન કરો.

માટે હે પ્રાણેશ ચિંતા શા માટે કરો છો, સવારમાં ખાંડુ લઇ વાઘરાજને સૈન્ય સાથે મોકલશો.

દેવરાજ—પ્રિયા સવારમાં તેમજ કરીશ.

[સવારમાં વાઘરાજને પોતાના ભાયાતો અને સૈન્યા સાથે ખાંડુ લઇ ચંદનાવતિ તરફ મોકલે છે તે જાયછે]

(ચંદનાવતિમાં ચંપાવતિનો ખાનગી આવાસ)

પાત્ર ચંપાવતિ ત્યાર પછી તેની સખી ચંદ્રમુખી

ગાયન

(સીતા આવીયો કારતક માસ કંથ ક્યારે આવશે.) એ રાહ

ચંપાવતિ—પરમાત્મા પ્રભુ બાપ, ગહન છે તુજ ગતિ;
સ્વામિ કર્યા મેં જે આપ, નહિ આવ્યા તે પતિ.
ક્યારે આવશે એ નાથ, કામગ્નિ ભડભડ બળે;
ક્યારે પરણીને આપશે સુખ, તો કાજ સરે.
ઘણા દિન થયા તેથી આજ, દીલ ઝંપતુ નથી;
મળવા ટમટમે છે મુજ કાન, કહું શું હું કથી.
મુજ પિતા કરશે લગ્ન, હજુરે ક્યારે રે;
ક્યમ બેસી રહ્યા છે એહ, ખોયાં છે જમાત્ર રે.
કેમ વિસરી ગયા પ્રાણનાથ, બીજી કન્યાથકી;
પણ હેત કેમ જાય, નહિતો દેહ પાડું નકી.

હે વિભુ? શું મારા પ્રાણપતી મારા હૈયાના હારે હો નાથ શું મન વિસારી મુકો શું બીજી કન્યા પરણ્યા હશે, તેમાં લુબ્ધ થઇ મને ભુલી ગયા. નાના? તેમ હોયજ નહિ. ભલે તેટલી કન્યાઓ પરણ્યા હોય પણ મને કદી વીસારે નહિ? પછી કોણ જાણે? મારા નશીબમાં કેવા લેખ લખ્યા હશે પ્રભુ? પ્રભુ? (એટલામાં તેની સખી પ્રવેશ કરેછે.)

ચંદ્રમુખી—કેમ બેન આજે શા વિચારમાં પડયાં છો ?

ચંપાવતિ—વહાલી સખી ? વિચાર મારે શો કરવાનો છે? તું પરણી એટલે સ્વામિની શેવામાં તત્પર થઇ ? ને હજુ હું કુંવારી છું મને ઇશ્વર ક્યાંસુધી આ દશામાં રાખશે ? મારા સ્વામી, મારા પ્રાણેશ, મને ક્યારે મળશે; કે જેથી હું તેમની દાસી થઇ તેમની શેવા બજાવું. પ્રભુ ? પ્રભુ ? તું મ્હારી વ્હાર કર ?

ચંદ્રમુખી—વ્હાલી બેન તને ઇશ્વરે ઇચ્છીત વર આપ્યો છે. છતાં તે કેમ પરણવા નહિ આવતા હોય ?

ચંપાવતિ-વ્હાલી સખી કંઇ રાજકાજમાં રોકાયા હશે. જેથી તે ભાન ભુલી ગયા હશે ? પણ સખી હવે મને એક દિવસ કાઢતાં સો વર્ષ જેટલો લાગેછે ? પરણી નથી પણ પતિ વિયોગ વેઠાતો નથી?

ગાયન

વિયોગ કેમ વેઠાય, અરેરે પિયુ વિયોગ કેમ વેઠાય;
લાગે અતિશય લાય અરેરે.
શુદ્ધ નથી કંઇ શરીરની આ, મલ્યા જ્યારથી હાય અરેરે.
આલીંગન ક્યારે દેશે મુજને ઉરમાં પ્રગટે લાય. અરેરે.
હે પ્રભુ દાસીની વારે ચઢજો લળીલળી લાગુ તુજ પાય.
મેળવજો પ્રભુ જલ્દી મુજને એકાંત ખાવા ધાય. અરેરે.

વ્હાલી સખી મને હવે પતિ વિના ચેન પડતું નથી, ને કામદેવ મને હવે ઘણોજ પીડે છે જેથી હવે શું કરૂં ? પ્રભુ ? પ્રભુ ?

ચંદ્રમુખી—બેન ઉમર લાયક થયાં એટલે કામ વ્યાપી રહે છે? પણ આપ વિદ્વાન છો જેથી કામદેવને સમાવી દોછો ?

ચંપાવતિ—વ્હાલી સખી ? કામદેવ જે વખતે વ્યાપે છે તે વખતે હું ઘણીજ દુ:ખી થાઉ છું.

રાગ બનજારા

શું કહું સૈયર મારી, કામ આને પીડાકારી;
કામથી સ્ત્રી નરકે જાયે, પરપુરૂષ નજર થાયે.
એવો કામ છે પિડાભારી, કામ.
તેમ મુજ મન અકળાયે, કામથી નજર દુર થાયે
પણ વિદ્રુતાથી સમાઇ, કામ
કામથી દુષ્ટ કૃત અબળા, નિત્યે કરે એતો સબળા;
કામથી નિત્ય પ્રિત ધારી. કામ.

ચંદ્રમુખી—હા મારી વ્હાલી બેન તે વાત સત્ય છે. આ દુનીયામાં ઘણીજ સ્ત્રીએ કામથી દુઃખી થઇ વ્યભિચાર કરી નિચ ગતિમાં પડે છે. પરંતુ બેન તને ઇશ્વરે પતિ આપ્યો છે. તે મોડો વહેલો પણ તારી સાથે લગ્ન કરી લઇ જશે માટે હવે તમારી ચિંતા દુર કરો ? ને તમો પત્ર લખી જણાવો ? કે જેથી રાજકાજમાં રોકાઇ તમોને ભુલી ગયા હશે તે યાદ આવશે ને તુરત તમારી સાથે લગન કરી તમોને લઇ જશે ? બેસો બેન હવે હું જઇશ ?

ચંપાવતિ—વ્હાલી સખી તું જઇશ ? હવે ક્યારે ભેગાં થઇશું ?

ચંદ્રમુખી—હા મ્હારી વ્હાલી બેન હવે જઇશ, હવે કાલે ભેગાં થઇશું. [તેમ કહી જાય છે]

વજેપાળ રાજાની રાજસભા

પાત્ર વજેપાળ, પ્રધાન ત્યાર પછી દેવરાજનો ગોર, વાઘરાજ પાછળથી ચંપાવતિ.

વજેપાળ—પ્રિય પ્રધાનજી ? ઘણા દીવસ થયા પણ લીલી નાગોરના મહારાજા દેવરાજ સાથે આપણી કન્યા ચંપાવતિનો વિવાહ

કર્યોછે ને સર્વ સાહીત્ય તૈયાર કરેલીછે તેમ કુંવરીનો કન્યાકાળ થઇ ગયો છે તો તાકીદે કંકોત્રી લખી દેવરાજ તરફ મોકલો ?

પ્રધાન—જેવો મહારાજાનો હુકમ ? [તરત ગોરને બોલાવી મહુર્ત નક્કી કરી કંકોત્રી લખેછે તેવામાં દેવરાજનો ગોર પ્રવેશ કરેછે]

ગોર—(આશીર્વાદ દઇને) મહારાજા લીલીનાગોરથી આપનાં કુંવરીના લગ્ન સારૂ દેવરાજના ભાણેજ વાઘરાજજી ખાંડુ લઇ નગ્રમાં પધાર્યા છે.

વજેપાળ—વ.હ પ્રધાનજી? હમણાં તેજ વિષે વાત ચાલતી હતી ને કંકોત્રી લખતા હતા, પણ ઘણું સારૂ થયું તે આવી પહોંચ્યા [આવી વાત કરી તુરત વજેપાળ રાજા, પ્રધાન વીગેરે સભાસદો સાથે સામા જઇ ઘણા સત્કાર સાથે ભેટી રાજસભામાં તેડી લાવે છે ને ઘણા માન સાથે આસન આપે છે, ત્યારબાદ ચંપાવતિનું ખાંડા સાથે કન્યાદાન વજેપાળ રાજા આપે છે તેમાં ઘણું દ્રવ્ય, હાથી, ઘોડા વીગેરે આપે છે ને ચાર પાંચ દિવસ જાન રાખી ચંપાવતિ સાથે વિદાય કરે છે]

વજેપાળ—(ચંપાવતિ સાસરે ગયાથી રાજમહેલમાં પુત્રી વિના સુનું લાગવાથી) ગાયન

ઉપજાતિછંદ

કન્યા જુવો એ ધન છે બીજાનું;
તેને વળાવી ઉગતેજ ભાનુ.
જેણે નહિ કદી ગામ ભાગોળ દીઠી;
બોલી વદે એ મુજ પાસ મીઠી.
મોટી કરીને દુર દેશ કાઢી;
જોશેજ જોતી વનમાંહી ઝાડી.

બાળા મને એ બહુ સાંભળે છે;
દ્રષ્ટે વિયોગ નિરતો ઝરે છે.

પ્રભુ? મ્હારી એકની એક પુત્રીને સાસરે વળાવતાં મને આજે રાજમહેલમાં બીલકુલ ચેન પડતું નથી. પ્રભુ?પ્રભુ? મારી હવે વૃદ્ધ ઉમર થઇ છતાં પુત્ર વિના મારૂં રાજ્ય ધુળધાણી થશે, રઝળશે, સાત પુત્રીઓ હોય, પણ એક કુંવર હોયતો કેટલોક હર્ષ આવે પણ પ્રભુ મેં પેલે ભવે કેવાં પાપ કર્યાં હશે કે જેથી મારી આવી દશા? કે એકે પુત્ર નહિ પ્રભુ? પ્રભુ? તને ગમે તેજ ખરૂં?

(તેવામાં પ્રેમાવતિ પ્રવેશ કરે છે.)

પ્રેમાવતિ—પ્રાણનાથ? મ્હારા વ્હાલા સ્વામિન આપ કેમ ઉદાસમાં છો.

વજેપાળ—પ્રિયા કંઇ નહિ? પણ ચંપાવતિ સિવાય આ મ્હેલ મને સુનો લાગે છે જેથી મને પુત્રી સિવાય કંઇ ચેન પડતુ નથી. પ્રભુએ એક પુત્ર આપ્યો હોત તો કેવું સારૂં આ રાજ્યની આપના મરી ગયા પછી શી દશા થશે તે વિષે મને બહુ વિચાર થાય છે.

પ્રેમાવતિ—વ્હાલા નાથ? શા માટે હવે તેની કલ્પનાઓ કરો છો પ્રભુને ગમ્યુ તે ખરૂ. પુત્રી તો પરાધીન છે માટે તે પરણી કે તેના સાસરે જાય, રાજ્યની શા માટે ચિંતા કરો છો આપના જમાત્ર દેવરાજને રાજગાદી સાંપી દેવા મારી ઇચ્છા છે તો વહાલા પ્રાણેશ? તેમને સાંપી દોને આપની હવે વૃદ્ધ અવસ્થા થઇ છે માટે દેહનું પ્રમાણ નથી જેથી રાજગાદી આપના જમાત્રને સોંપી દો તો બહુ સારૂ.

વજેપાળ—વ્હાલી તેજ વિચારમાં છું. ને થોડા વખતમાં તેડાવી રાજગાદી સોંપી દઇશ. [આવી રીતે ત્યાં પોતાના દિવસો નિર્ગમન કરેછે.

દેવરાજનો રાજમહેલ

[દેવરાજ, ચંપલદે, ચંપાવતિ.]

દેવરાજ—(ચંપાવતિને) વ્હાલી પ્રિયા, તહારી પ્રિત હું રાજકાજમાં ભુલી ગયો પણ જ્યારે ગંપલદે સાથે સુખ ભોગવવા લાગ્યો ત્યારે તું મને સાંભળી, જેથી હું ઘણો દીલગીર થયો ને તુરત બીજે દિવસે ખાંડુ મોકલ્યું?

ચંપાવતિ—પ્રાણેશ. વ્હાલા નાથ મને આશા હતી કે કદી પણ મારી પ્રિત ભુલશોજ નહિ? હું હંમેશાં નાથ? આપનુંજ રટણ રાત દિવસ કરતી હતી આપ ગયા ત્યારથી અંન પણ પુરૂં ખાધું નથી વ્હાલા નાથ એકેદિવસ પણ આપનુ સ્મરણ કર્યા સિવાય રહીજ નથી.

ચંપલદે—બેન ચંપાવતિ વ્હાલા પ્રાણેશ એક વખત ઘણાજ ઉંડા વિચારમાં તમારા વિષે પડ્યા હતા ત્યારે મેં કહ્યું નાથ, શા વિચારમાં આપ પડ્યા છો જેથી મને સર્વ વૃતાંત કહ્યું ને વાઘરાજને ખાંડુ લઇ મોકલ્યા.

ચંપાવતિ—વ્હાલી બેન, હું આપની પ્રિતી સદાને માટે સંપાદન કરવા ઇચ્છા રાખું છું કે જેથી આપના સુખનો પાર ન રહે! આપણે હળીમળીને વ્હાલા પ્રાણનાથની સેવા બજાવવા તત્પર રહીશુ તેથી આપણને અધિક આનંદ મળશે ને ઇશ્વર હર્ષ પામશે.

ચંપલદે—બેન તું એક મારી સગી બેન છે? આપણે કજીઓ શા માટે કરવો પડે? વ્હાલા પ્રાણેશ આપણ બંને ઉપર સરખી પ્રિતી રાખે છે. જેથી કજીઓ કદી થનાર નથી, ઘણા અભણ અને મુર્ખ રાજાઓ એક બીજીની સરપાસલી

કરે છે. તેથી કજીઓ થાય છે. પરંતુ આપણા પ્રાણેશ, સદ્દગુણીને વિદ્વતાવાળા છે. એટલે તેવું કદીપણુ બનનાર નથી.

ચંપાવતિ—વ્હાલી બેન ? પુર્વે આપણે બે જણે સુકૃત્યકાજ કરેલાં જેથી આપણને સુજ્ઞ પતિ મળ્યાછે. જેથી આપના સુખનો પાર રહેશે નહીં અને આ અવતાર સુખ ભોગવી પરલોકે પણ તેજ પતિની સેવામાં હંમેશાં મગ્ન રહીશું. ઇશ્વર મારા કોડ પુરા કરશે.

દેવરાજ—વ્હાલી પ્રિયાઓ ? સંપ ત્યાં જંપ છે ; માટે સંપીને રહેવું એજ સ્ત્રીઓનો ધર્મ છે. જેના ઘરમાં કલેશ છે તેનું કદી પરમેશ્વર ભલુ કરતોજ નથી ?

ચંપાવતિ—વ્હાલા પ્રાણેશ, મારા સ્વામિન, હૈયાના હાર, આનાથ ;

આયન

પ્રિતમ છેલછબીલા, સુણો પ્યારા, પ્રિતમ છેલછબીલા,
મને વિસારી નાથ આપે, પ્રાણ મારા રસીલા; સુણો૦
પ્રિતે મોકલ્યું ખાંડુ આપે, જેથી સુખી થઇ અલબેલા. સુણો૦
સુખ ભોગવીએ રસીક પ્યારા, મનમોહક વસીલા; સુણો૦
મનના મનોરથ પુર્ણ થયા, પ્રિતમ પ્રેમ હસીલા. સુણો૦
સંપીને રહીશ હુ ચંપલદે સાથે, બેન ગણી રસીલા; સુણો૦
બંને સખીઓ સેવા બજાવીશું, નાથ તમારી અલબેલા. સુણો૦
સુખ ભોગવિશું આનંદ સાથે, પ્રિતમ છેલછબીલા: સુણો૦

પ્રાણેશ, અમો બંને સંપીને રહીશું ને ચંપલદેને મારી સગી બેન પ્રમાણે ગણીશ, ને અમો બંને આપની સેવા બજાવીશુ.

ચંપલદે—વ્હાલી બેન ? આપણને જોઇતો પતિ પરમેશ્વરે આપેલ છે ને આવા પતિથી આપણને ઘણું સુખ થયું છે જેથી ઇશ્વરનો ઉપકાર માની તેમની સ્તુતિ કરવી જોઇએ.

ચંપાવતિ—હા બેન ! સત્ય છે ?

ચંપલદે }
ચંપાવતિ } રાગ ધનાશ્રી

નમીએ જગના પાળ, અમો બાળા, નમીએ જગના પાળ.
શરણે રાખી પતિ સુખ આપ્યું, તેથી થયાં સુખાળ. અમે૦
જે સૃષ્ટી કરતા ભવેભવ આ, આપજો સ્વામિ નિરધાર; અમે૦
ભક્તિ ત્હારી સાચી બતાવી, માટે જોજો તમ આ બાળ. અમે૦
આ દુનિયામાં જન્મ ધરીને, ધ્યાન ધરીશું સદાકાળ; અમે૦
લજ્યા રાખજો દિનબંધુ દેવા, પાપ હરજો સાર. અમે૦
સ્વામિ મ્હારાને શરણે રાખજો, એ છે તમારા બાળ; અમે૦
ગતિ ત્હારી છે પ્રભુ ન્યારી, હે ગોવર્ધન દયાળ, અમે૦
વિનંતી અમારી હૃદય ધારી, સુભ લેજો સંભાળ; અમે૦

ત્યારબાદ જાય છે ને પોતાના દિવસો દેવરાજ સાથે સુખમાં નિર્ગમનમાં કાઢે છે ને વજેપાળ રાજાની ગાદી દેવરાજને ચંદનાવતિમાં તેડાવી સોંપે છે તેજ ગાદી દેવરાજ હસ્તકમાં લઈ પોતાના ભાણેજ વાઘરાજને સોંપી દેછે વાઘરાજ ત્યાં રહી પોતાના દિવસો રૈયતને સુખ આપી આનંદમાં ગુજારે છે. ઇશ્વર તેવા નરવીરો ભારતમાં પેદા થાય તથાસ્તુ ! !

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોનાં મુબારક નામ

અમદાવાદ
૧ શાહ અમૃતલાલ હરલોચંદ
ભાદરવા સ્ટેટના હેડ સરવૈયર
અકલાચા
૧ મંહત બકોરગર માધવગર
ઉમેટા
૧ મે. ઠાકોરસાહેબ ગણુપતસિંહજી
ઉમરેઠ
૧ વકીલ છગનલાલ જેઠાભાઈ
૨ વકીલ મુળજીભાઈ નરોતમ
૧ વકીલ ફુલચંદ જીવરામ
૧ શાહ ચુનીલાલ છગનલાલ
૧ શાહ સતાલાલ મોહોલાલ
૧ શાહ જેઠાલાલ મોહોલાલ
૧ શાહ ચુનીલાલ પાનાચંદ
૧ ઉમીયાશંકર રાજકૃષ્ણ હાલ
ભાદરવા સ્ટેટમાં મોજણીદાર
કુશળગઢ
૧ મંહત કાળુગરજી ઝવેરીગરજી
આપકારી ઇન્સપેકટર
કાવીઠા
૩ મુળશંકર જયશંકર ઉપાધ્યાય
હાલ ભાદરવાસ્ટેટ તાબાના
મોકસી થાણુદાર
ખંભોળજ
૧ શાહ મહીજીભાઈ રણછોડદાસ
૧ શાહ ચુનીલાલ દામોદરદાસ

૧ શાહ કાળીદાસ ગોકળદાસ
૧ શાહ ત્રીભોવન મોતીચંદ
૧ શાહ ઇશ્વરદાસ દામોદરદાસ
૧ પા. કાશીભાઈ ત્રિકમભાઈ
૧ પા. મોતીભાઈ લલ્લુભાઈ
૧ પા. મંગળભાઇ મથુરભાઈ
૧ પા મોતીભાઇ લલ્લુભાઇ
બીન નારણદાસ
૧ પા. ફુલાભાઇ ભલાભાઇ
ગોંડળ
૫ મે. નાગરદાસ લાલચંદ પરીખ
[ભાદરવાસ્ટેટ ન્યાયાધીસ]
ગોધરા
૧ મણીભાઇ બાળકૃષ્ણુ ત્રિવેદી
[હાલ ભાદરવાસ્ટેટ કારકુન]
ઘણાદ
૧ ઝાલા સરદારસિંગજી દેવસિંગજી
(ભાદરવાસ્ટેટ ફોજદાર)
ટીંબા
૧ કુમારશ્રી ફતેસીંહજી રવાભાઈ
થાંણા
૧ સાંકળલાલ આત્મારામ
ધાંગધ્રા
૫ સૌ. બાશ્રી વિજયાકુંવરબા
ધાનેરા
૧ વહોરા વલીભાઇ જીવાજી

નડિયાદ
૧ પા. હીરાભાઇ નાથાભાઇ
(ભાદરવાસ્ટેટમાં સરવૈયર)
બૈધરા
૧ માસ્તર હરગોવન દામોદર
બેડવા
૧ મહંત હીરાગર સંતોકગર
હાલ ખંભોળજમાં પે. આસિ.
ભાદરવા
૫ બાશ્રી સરદારકુંવરબા સાહેબ
૧૦ મહેતા મુળજીભાઇ કલ્યાણભાઇ
૩ મહેતા શંકરલાલ ચુનીલાલ
૨ શાહ મોહનલાલ ગોરધનદાસ
બાપાવાળા
૨ મે. ડા. સાહેબ શીવલાલભાઇ
ઉમરેઠવાળા
૨ શેઠ પુંજાભાઇ મોતીભાઇ
૨ શેઠ કુબેરભાઇ મોતીભાઇ
૧ રણા હીમતસીંગજી બાપુસાહેબ
૧ શેઠ મંગુભાઇ પુંજાભાઇ
૧ જમાદાર ઉાશમહમદ મહમદરજા
હાલ ઓર (ધાંગધ્રા કામદાર)
૧ ,, મહમદઅલી. મહમદરજા
જમાબંદી કલાર્ક
૧ ,, નજરમહમદ યારમહમદ
જાસપોર થાણદાર
૧ ,, નજરમહમદ મહમુદરજા
નાયક
૧ ,, જાનમહમદ મહમદરજા
ફોટોગ્રાફર
૧ ભાવસાર મોતીલાલ જગજીવન
વાંકાનેર થાણદાર
૧ વકીલ અંબાલાલ મયાશંકર
૧ વકીલ લલ્લુભાઇ કાળીદાસ
૧ વકીલ મોતીલાલ ગોરધનદાસ
૧ શાહ મહીજીભાઇ નાથજીભાઇ
ટેઝરર ભાદરવા
૧ શાહ મુળજીભાઇ મથુરભાઇ
મ્યુનીસીપાલ સેક્રેટરી
૧ વૈદ્ય મણીલાલ રણછોડભાઇ
૧ વૈદ્ય અંબાલાલ દામોદરભાઇ
૧ શેઠ શંકરલાલ પુરશોતમદાસ
૧ મહંત માધવગીર પુરશોતમગીર
૧ પંડ્યા રેવાશંકર છોટાલાલ
૧ શાહ પુંજાલાલ નાથાભાઇ
૧ શાહ અંબાલાલ પુરશોતમદાસ
૧ શાહ સાંકળલાલ કેશવલાલ
૧ શાહ મહીજીભાઇ હરગોવનદાસ
૧ શાહ ચુનીલાલ ઝવેરદાસ
રાજુપરાવાળા
૧ શાહ ફુલચંદ પીતામ્બરદાસ
૧ શાહ ગોકળદાસ નાથજી
૧ શાહ માણેકલાલ સોમલાલ
૧ શાહ સાંકળલાલ સોમલાલ
૧ શાહ ચુનીલાલ સાંકળચંદ
હાલ વીસલપુર તાબે અમદા-
વાદ ગુ. શા. પે. આસિસ્ટંટ
૧ શાહ છગનલાલ ઝવેરદાસ
૧ શાહ ભાઇલાલ પીતામ્બરદાસ
૧ શાહ પુંજાલાલ અમૃતલાલ

૧ શાહ મણીલાલ મોતીલાલ
૧ શાહ ભોગીલાલ ઝવેરદાસ
૧ શાહ મંગળદાસ બહેચરદાસ
૧ શાહ સાંકળલાલ હરીલાલ
૧ શાહ જેકેસન કેશવલાલ
૧ ભાવસાર ભોગીલાલ સોમચંદ
૧ ભાવસાર ફકીરચંદ સવજી
૧ સોની કુબેરદાસ પુંજાભાઇ
૧ સોની ગોવરધન પીતામ્બર
૧ સોની ઠાકરસી પ્રેમચંદ
ધાંગદ્રાવાળા
૧ ઠક્કર નાથજી પીતામ્બર
૧ ઠક્કર દલસુખ પુંજાભાઈ

મેત્રાલ

૨ ઠાકેરસાહેબ અજીતસિંહજી
ગુલાબસિંહજી સાહેબ

રાંણીયા

૧ પા. મોતીભાઇ ગીરધરભાઇ
૧ પંડિત કેશવચંદ્ર ગીરજાધર
[ગુ. શા. મહેતાજી]

વડોદરા

૧ શા. ચુનીલાલ કાળીદાસ
ભાદરવાવાળા
૧૦ સુતાર દલસુખ બહેચર
૧ ગીરજાશંકર ગણુપતરામ પંડયા
હાલ ભાદરવાસ્ટેટ વાંટા કારકુન
૧ બાલાશંકર પ્રાણુશંકર

વાંકાનેર

૧ દવે રેવાશંકર અમથારામ
૧ દવે અમથારામ જગજીવન
૧ દવે મગનલાલ અમથારામ
૧ જાની નાથાભાઇ વલ્લભરામ
૧ પા. શંકરભાઇ લલ્લુભાઇ
૧ પા. વાઘજીભાઇ લલ્લુભાઇ
૧ વહોરા સુલેમાન નાથજી
૧ શાહ ચીમનલાલ ત્રીભોવનદાસ

સારસા

૧ પા. નાથાભાઇ ગલાભાઇ

સાવલી

૧ મહેતા ગોરધનદાસ મુળજીભાઇ
૧ શાહ હીમતલાલ મથુરદાસ
૧ શાહ હીમતલાલ પુરશોતમદાસ

સોખડા

૧ શાહ હીરાલાલ લલ્લુભાઇ

હરસોલ

૧ જોસી ગણુપતરામ રણછોડભાઇ
ભાદરવાસ્ટેટ ફેરીસ્ટ કારકુન
૧ જોસી સોમેશ્વર નારણજી
ભાદરવાસ્ટેટ નાજર
૧ શાહ મોતીલાલ હરીચંદ

લુણાવાડા

૧ મી. હરીવલવ જયશંકરભાઈ
ભાદરવા તાલુકાના હેડમાસ્તર
૧ મી. મુળજીભાઈ જેઠારામ

ભાવનગર

૨ મી. એચ. બી. પંડયા
૨ મે. ફુલસંગજી રાજાજી
૧ મી. વીનાયકરાવ લક્ષ્મણરાવ
૧ દાભાઇ ફુલજી મહીડા પોસ્ટ-
મેન ભાદરવા અડાસવાળા

આભાર.

ભાદરવાના દેશી વૈદ્ય રા. અંબાલાલભાઇ દામોદરભાઈ કે જે રાજવૈદ્ય તરીકે ઓળખાય છે અને ઘણા ભારે કેસોને પોતે દવા કરી આરામ કર્યા બાબત આસીરવાદ અને પ્રશંસા મેળવી છે. એમણે મારી પોતાની બીમાર સ્થીતિમાં ખંતથી શ્રમ લઇ દવા વીગેરેના ઉપચારો કરી તબીયત દુરસ્ત કરી આપ્યા બાબત હું તેમનો અત્યંત આભાર માનુ છું અને આશા છે કે તેઓ પણ પોતે સ્વીકારશે.

(૨)

અત્રેની હજુર ઓફીસના કલાર્ક ગોધરાવાશી રા. રા. ભાઇ મણીલાલ બાલકૃષ્ણ ત્રવાડી એઓએ પોતે આ પુસ્તક સુધારવા માટે જે શ્રમ લીધો છે તે બાબત તેમનો પણ હું મોટો આભાર માનુ છું અને આશા છે કે વખતો વખત આ પ્રમાણે મદદ આપી ઉતેજન આપશે.

લી. પ્રકાશક,

મણીલાલ અમૃતલાલ શાહ.

પુરૂષોત્તમ લાલભાઇ બારોટ.

જાહેર ખબર.

અમોએ નડિયાદમાં શ્રી "લક્ષ્મી વિજય" નામનું નવીન પ્રેસ હમણાં થોડી મુદત થયાં ચાલુ કર્યું છે. જેમાં હરેક જાતનું નહાનું તેમજ મોટું છાપવાનું કામ કાળી તથા રંગીત ઉંચી શાહીથી હરેક જાતના સુંદર ટાઇપોથી સફાઇદાર અને સસ્તા ભાવે ટાઇમસર છાપી આપવામાં આવે છે તો એક વખત કામ આપી ખાત્રી કરો.

મેનેજર.

ડાહ્યાભાઇ બહેચરભાઇ બારોટ.

ઠે૦ અમદાવાદી બજાર

નડિયાદ.